કિશોર સત્સંગ
પ્રવીણ

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રેરિત
સત્સંગ શિક્ષણ શ્રેણીનું પાઠ્યપુસ્તક

કિશોર સત્સંગ પ્રવીણ

લેખક
સાધુ સિદ્ધેશ્વરદાસ (શાસ્ત્રી)
સાધુ શ્રીહરિદાસ (વાચસ્પતિ)

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

December 17, 2016
Update and release notes

કૃપાકથન

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજે સ્થાપેલી અને પોષેલી યુવકપ્રવૃત્તિ ઘણા વેગથી વિસ્તાર પામતી જાય છે. આ યુવકપ્રવૃત્તિમાં જોડાતા યુવકોની આકાંક્ષાઓ અને જ્ઞાનપિપાસાને સંતોષવા અને તેમને ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંત અભિમુખ કરવા બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ અભ્યાસક્રમ નિયત કરેલ છે તેની ક્રમબદ્ધ પુસ્તિકાઓના પ્રકાશનની યોજના સ્વામિનારાયણ અક્ષરપીઠે ઘડી છે.

આ પુસ્તિકાઓ દ્વારા પાઠશાળા ધોરણે સત્સંગનાં બાળકો તથા યુવકોને વ્યવસ્થિત, એકધારું અને શુદ્ધ જ્ઞાન સરળ ભાષામાં આપવાનું વિચાર્યું છે. ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ આદર્શોનાં પાલન અને પ્રચાર માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલ આ સંસ્થા, આ પ્રવૃત્તિ દ્વારા એ આદર્શોનો, સંપ્રદાયની એ ભવ્ય પ્રણાલીનો અને તે દ્વારા મહાન હિંદુ ધર્મની સંસ્કૃતિનો પ્રચાર કરશે.

સ્વામિનારાયણ ભગવાનનો એ દિવ્ય સંદેશ જગતને ખૂણે ખૂણે પહોંચાડવાની આ પ્રવૃત્તિની નેમ છે. જુદી જુદી ભાષાઓમાં આ પુસ્તિકાઓનું પ્રકાશન થાય તે માટે યોજના ઘડી છે. આશા છે કે સંપ્રદાયના અને સંપ્રદાયેતર સૌ ધર્મપ્રેમી મુમુક્ષુઓ આ પ્રવૃત્તિને આવકારશે અને તેમાં તન, મન અને ધનથી સંપૂર્ણ સહયોગ આપશે.

બાળકો તથા યુવકોને પ્રોત્સાહિત કરવા આ પુસ્તિકાઓને આધારે પરીક્ષાઓ લઈ તેમને પ્રમાણપત્રો આપવામાં આવે છે. આ પુસ્તિકા તૈયાર કરવામાં પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી, રમેશભાઈ દવે, કિશોરભાઈ દવે તથા જેમણે સહકાર આપ્યો છે તે સૌને રૂડા આશીર્વાદ છે.

શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ(પ્રમુખસ્વામી મહારાજ)ના
ઘણા જ હેતપૂર્વક
જય શ્રી સ્વામિનારાયણ.

નિવેદન

શ્રીજીમહારાજે પ્રવર્તાવેલા વર્તમાન, નિયમો તથા ઉપદેશને સત્સંગીઓમાં પ્રચલિત કરવાની આજે ખાસ જરૂરિયાત છે. આ પ્રથા અને આદેશને અનુસરવાથી જ સત્સંગીઓનું સાચું જીવન ઘડતર થયા છે. તેઓ કુસંગનો ત્યાગ કરીને આદર્શ સત્સંગી બની શકે છે અને જીવનનું પરમ શ્રેય સાધી શકે છે.

શિક્ષાપત્રીના વિશેષ નિયમો, ધ્યાનચિંતામણિ, શ્રી ધાર્મિકસ્તોત્રમ્, શ્રી જનમંગલસ્તોત્રમ્, હઠ-માન-ઈર્ષા, ધ્યાન-માનસીપૂજા, આજ્ઞા-ઉપાસના, મહિમા-કલ્યાણ સંબંધી સરળ સમજૂતી, સંપ્રદાયનાં શાસ્ત્રો, સંપ્રદાયનાં તીર્થો, ફગવા, પ્રભાતિ પદો, પ્રાર્થના, સુભાષિત, વચનામૃત તથા સ્વામીની વાતુનું નિરૂપણ અને શ્રીજીમહારાજે વચનામૃતમાં માન્ય કરેલા તથા બીજા પણ ઉત્તમ સંતો અને હરિભક્તોનાં પ્રેરણાદાયી ચરિત્રો આ પુસ્તકમાં સરળ ભાષામાં રજૂ કર્યાં છે. ઉપરોક્ત સાહિત્ય, સત્સંગી વાચકોને ઘણી જ માહિતી અને સમજણ પૂરી પાડશે અને સત્સંગમાં અધિક રુચિ સંપાદન કરાવશે.

સત્સંગ શિક્ષણ પરીક્ષાના અભ્યાસક્રમના એક ભાગરૂપે આ પુસ્તિકાની રચના કરવામાં આવી છે. ચતુર્થ પરીક્ષા 'સત્સંગ પ્રવીણ' પરીક્ષા માટેની આ પુસ્તિકા આપના હાથમાં મૂકતાં અમને આનંદ થાય છે.

સ્વામીશ્રી તથા પ્રગટ ગુરુહરિ સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી(પ્રમુખસ્વામી મહારાજ)ને રાજી કરવા સત્સંગી બાળકો, યુવાનો તથા જિજ્ઞાસુઓ આ અભ્યાસક્રમ તૈયાર કરી, સત્સંગની પરીક્ષાઓમાં ઉચ્ચ પ્રમાણપત્રો મેળવે એ જ અભ્યર્થના!

- પ્રયોજક

॥ श्री स्वामिनारायणो विजयते ॥

અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે,
અમે સૌ શ્રીજીતણાં યુવક, લડીશું શ્રીજીને માટે.
નથી ડરતા નથી કરતા, અમારા જાનની પરવા,
અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા.
અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું,
અમારા અક્ષરપુરુષોત્તમ, ગુણાતીત ગાનને ગાઈશું.
અમે સૌ શ્રીજીતણા પુત્રો, અક્ષરે વાસ અમારો છે,
સ્વધર્મી ભસ્મ ચોળી તો, અમારે ક્ષોભ શાનો છે.
જુઓ સૌ મોતીના સ્વામી, ન રાખી કાંઈ તે ખામી,
પ્રગટ પુરુષોત્તમ પામી, મળ્યા ગુણાતીત સ્વામી.

ક્રમિકા

કૃપાકથન

નિવેદન

૧. શિક્ષાપત્રી

- ગૃહસ્થાશ્રમીના વિશેષ ધર્મ
- રાજાના વિશેષ ધર્મ
- સુવાસિની સ્ત્રીઓના વિશેષ ધર્મ
- વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ
- ત્યાગીના વિશેષ ધર્મ

૨. પ્રાર્થના

૩. ઉકાખાચર

૪. અદ્‌ભુતાનંદ સ્વામી

૫. સાધુ અને પાર્ષદ

- સાધુ
- પાર્ષદ

૬. પ્રભાતિ પદો

૭. હઠ, માન અને ઈર્ષા

- મછિયાવનાં ફઈબા
- અલૈયાખાચર
- જીવાખાચર

૮. સંપ્રદાયનાં તીર્થો

૯. શ્રી ધાર્મિકસ્તોત્રમ્

૧૦. સોમલાખાચર

૧૧. જેતલપુરની ગણિકા

૧૨. સંપ્રદાયનાં શાસ્ત્રો

- વચનામૃત
- વેદરસ
- શિક્ષાપત્રી
- સ્વામીની વાતો
- સત્સંગિજીવન
- શ્રીહરિલીલાકલ્પતરુ
- ભક્તચિંતામણિ
- નિષ્કુળાનંદ કાવ્ય
- શ્રીહરિલીલામૃત

૧૩. ધ્યાન

૧૪. માનસી પૂજા

૧૫. જનમંગલસ્તોત્રમ્

૧૬. જેઠા મેર

૧૭. કૃપાનંદ સ્વામી

૧૮. વચનામૃત

- ગઢડા પ્રથમ પ્રકરણ ૨૨
- ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪

૧૯. રાજાભાઈ

૨૦. સ્વયંપ્રકાશાનંદ સ્વામી

૨૧. ધ્યાનચિંતામણિ

૨૨. આજ્ઞા

૨૩. ઉપાસના

૨૪. રામબાઈ

૨૫. સુરાખાચર

૨૬. ફગવા

૨૭. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો

- વાત - ૧
- વાત - ૨
- વાત - ૩
- વાત - ૪
- વાત - ૫

૨૮. બંધિયાના ડોસાભાઈ

૨૯. મૂળજી અન કૃષ્ણજી

૩૦. મહિમા

૩૧. કલ્યાણ

૩૨. સુભાષિત

૩૩. ભક્તરાજ મગનભાઇ

૧. શિક્ષાપત્રી

(વિશેષ નિયમો)

ગૃહસ્થાશ્રમીના વિશેષ ધર્મ

ગૃહસ્થાશ્રમી પુરુષે સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રી તેનો સ્પર્શ ન કરવો. યુવા અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બહેન અને દીકરી તેની સાથે પણ આપત્કાળ વિના એકાંત સ્થળે ન રહેવું. આપત્કાળમાં સ્ત્રીની રક્ષાને અર્થે પ્રયોજન હોય તેટલો પ્રસંગ રાખવો. વિદ્વાન હોય, શાસ્ત્રજ્ઞ હોય તેણે પણ આ વાત અવશ્ય સમજવી.

શાસ્ત્રમાં કહ્યું છે:

પદ્માસનોઽપિ કામેન વ્યાકુલાત્મા નિજાત્મજામ્ ।
દૃષ્ટ્વા સરસ્વતીં મોહં પ્રાપ નિન્દાં ચ દુર્દશામ્ ॥

'પદ્માસનધારી પિતામહ બ્રહ્માજી પણ કામથી વ્યાકુળ મનવાળા થઈ પોતાની જ પુત્રી સરસ્વતીને જોઈ મોહથી દુર્દશા અને નિંદાને પામ્યા.'

પોતાની સ્ત્રીનું કોઈને દાન ન કરવું. તેથી પત્નીના પતિવ્રતપણાનો ભંગ થાય. તેનું મોટું પાપ દાન કરનારને લાગે. મહારાજે આ રીતે નિષ્કામ ધર્મની રીત બતાવી, આશ્રિતોને શુદ્ધ જીવન જીવતા કરી, સમાજમાં અનોખી છાપ પાડી છે તેમજ સ્ત્રી જાતિ પ્રત્યે આદર વધાર્યો છે. (૧૩૫-૧૩૭)

ન વિદ્યતે તિથિર્દ્વાદશ્યાદિર્નિયતા યસ્યેત્યતિથિઃ । ગૃહસ્થને ઘરે આવવામાં કોઈ તિથિ નક્કી નથી તેનું નામ અતિથિ. એવા અતિથિ જ્યારે આવે ત્યારે ગૃહસ્થ સત્સંગીએ પોતાની શક્તિ પ્રમાણે ભોજન અથવા સીધું આપી તેમનો આદર કરવો. તેમજ દૈવં એટલે દેવસંબંધી બ્રહ્માદિક દેવતાનું તર્પણ (હોમાદિક) કરવું, એ આદિ દેવકર્મ કરવાં. પિતૃકર્મ જે શ્રાદ્ધાદિ કર્મ તે પણ યથાશક્તિ કરવાં. ધર્મક્રિયા અને શાસ્ત્રપ્રણાલી જાળવવાનો શ્રીજીમહારાજનો સિદ્ધાંત અહીં સ્પષ્ટ થાય છે. (૧૩૮)

સત્સંગીમાત્રે પોતાને જન્મ આપનારી માતા, સાવકી મા, પિતા, ગુરુ અને રોગથી પીડાતા મનુષ્યની સેવા જીવન પર્યંત કરવી. સેવાનો મહિમા વિશેષ છે. શ્રીજીમહારાજે વનવિચરણ દરમિયાન રોગી સેવકરામની સેવા અત્યંત શ્રદ્ધાપૂર્વક કરી હતી. તેમજ ઝીણાભાઈએ કમળશી વાંઝા માંદા હતા ત્યારે સેવા કરી હતી. તેથી પ્રસન્ન થઈ ઝીણાભાઈએ દેહ મૂક્યો ત્યારે મહારાજે પોતે ઝીણાભાઈની નનામી ઉપાડી, સેવાનું ફળ આપી, આપણને સેવાધર્મનું મહત્ત્વ સમજાવ્યું. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ વરતાલમાં માંદા સાધુની સેવા કરતા, તેમની ગોદડીઓ ધોતા. એવો સેવાનો મહિમા છે. (૧૩૯)

પોતાને ઉચિત ઉધમ યથાશક્તિ કરવો, પણ પોતાનાથી અધિક અથવા ઓછી સંપત્તિવાળાનો વાદ ન લેવો. કૃષિવૃત્તિવાળા સત્સંગી ગૃહસ્થોએ બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. (૧૪૦)

સત્સંગી ભક્તોએ પોતાની શક્તિ પ્રમાણે દેશકાળને અનુસરીને જેટલી પોતાના ઘરમાં જરૂરિયાત હોય તે પ્રમાણે અન્ન-અનાજ અને ધન-દ્રવ્યનો સંગ્રહ કરવો. આ પ્રમાણે સંગ્રહ કર્યો હોય તો સારા-માઠા પ્રસંગોએ તે દ્રવ્ય ઉપયોગી થાય અને કરજનો પ્રસંગ ન રહે. તે જ રીતે, પશુ જેના

ઘરમાં હોય તેમણે પણ દયા રાખી પશુના નિભાવ માટે ચારપૂળા એટલે કે જરૂર પૂરતા પશુ-ખોરાકનો સંગ્રહ કરવો. સત્સંગી જનોએ ઘાસ, પાણી વગેરેથી સમયે સમયે સંભાવના થઈ શકે તેમ હોય તો પશુઓ રાખવાં; અન્યથા પાળી શકે તેવા સુજ્ઞ દયાવાન જનોને આપી દેવાં. (૧૪૧, ૧૪૨)

બે પ્રતિષ્ઠિત, ધર્માચરણવાળા, શુદ્ધ ચારિત્ર્યવાળા ગૃહસ્થની સાખ (સાક્ષી) રાખી, લખાણ કરીને જમીન, ખેતર, ઘર, દ્રવ્ય, ઘરેણાં વગેરે આપવા-લેવાનો વ્યવહાર કરવો તેમજ શુભ કાર્યમાં પણ સાક્ષીને સાથે રાખી વિવાહ વગેરેમાં નિર્ણય કરવો. આ પ્રમાણે વર્તવાથી કોર્ટ-કચેરીએ જવાનો પ્રસંગ ઉપસ્થિત થતો નથી. એ રીતે આપણું જીવન નિર્વિઘ્ન બને છે. (૧૪૩, ૧૪૪)

પોતાની આવક હોય તે પ્રમાણે ખર્ચ કરવો. તેથી ઉપરાંત ખર્ચ કરનારને માથે દેવું થઈ જાય અને તેમાંથી દુઃખ ઊભું થાય છે. પોતાની આવક અને ખર્ચ તેને યાદ રાખી, રોજ સારા-સ્વચ્છ અક્ષરે પોતે જ તેનું નામું લખવું; બીજા પાસે લખાવવાથી છેતરાવાનો સંભવ રહે છે. શ્રીજીમહારાજે વચ. ગ. પ્ર. ૩૮માં કહ્યું છે તે પ્રમાણે અધ્યાત્મ માર્ગનું પણ નામું રાખવું. (૧૪૫, ૧૪૬)

સત્સંગીએ પોતાની આવક જે ધન-ધાન્યાદિક તેમાંથી દશમો ભાગ ઠાકોરજીને અર્થે અર્પણ કરવો, વ્યવહારે દૂબળો હોય તેણે વીશમો ભાગ અર્પણ કરવો; જેથી અન્ન-દ્રવ્યની શુદ્ધિ થાય, પવિત્ર થાય. એ સિવાયના ધન-ધાન્યથી મલિનતા આવે છે, જેથી સત્ત્વગુણનો ક્ષય થાય છે. (૧૪૭)

એકાદશી, શ્રીહરિ નવમી અને ચાંદ્રાયણાદિક વ્રતનું ઉદ્યાપન જે પૂર્ણાહુતિ તે પોતાની શક્તિ પ્રમાણે દાન, હોમ, બ્રહ્મભોજન અને મહાપૂજા કરાવી કરવું, જેથી મનોકામના સિદ્ધ થાય છે. શ્રાવણ માસમાં મહાદેવનું પૂજન કરવું. સત્સંગીઓએ સર્વ દેવોનો આવિર્ભાવ પોતાના ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં કરી ભક્તિભાવપૂર્વક પૂજન કરવું, જેથી મહાફળ પ્રાપ્ત થાય છે. (૧૪૮, ૧૪૯)

દેવ તથા ધર્માચાર્યનું દ્રવ્ય લેવાથી પુણ્યનો ક્ષય થાય છે. તેથી દેવ-ધર્માચાર્યનું કરજ ન કરવું. પાત્ર, વાસણ, ઘરેણાં, વસ્ત્ર, વાહન તથા ઈંટ-પથ્થર જેવી વસ્તુ પણ માગી લાવવી નહિ; અલ્પ સમય માટે પણ માગવી નહિ. (૧૫૦)

મંદિર, પોતાના ગુરુ અને સાધુનાં દર્શન કરવા જતાં માર્ગમાં તેમજ તેમના સ્થાનકમાં પારકું અન્ન ખાવું નહિ. હાલના સંજોગોમાં અન્નાદિક ગ્રહણ કરવું પડે છે, તેથી નિવૃત્તિરૂપે શક્તિ પ્રમાણે ભેટ ધરી ઋણમુક્ત થવું. સેવાકાર્ય નિમિત્તે રોકાવાનું થાય તેમાં અન્નાદિક ગ્રહણ કરવાનો બાધ નથી. (૧૫૧)

પોતાના કામકાજ અર્થે રાખેલા ગરીબ મજૂરો પ્રત્યે દયાવાન થઈ તેમને નક્કી કર્યા પ્રમાણે ધન-ધાન્ય આપવું. ઓછું ન આપવું અર્થાત્ લોભ ન કરવો. કરજ ચૂકવતી વખતે બે સાક્ષી રાખી લખત કરી કાર્ય કરવું. પોતાનો વંશ અને કન્યાદાન છુપાવવાં નહિ. કન્યાદાન પ્રસંગે સંબંધીજનોની ઉપસ્થિતિ આવશ્યક માનેલી છે. (૧૫૨)

ધનાઢ્ય સત્સંગી ભક્તોએ હિંસાએ રહિત ઇષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના સંબંધવાળા યજ્ઞો કરવા. તેમજ તીર્થ જે શ્રીજીમહારાજ તેમજ ગુણાતીત સંતોનાં પ્રસાદીભૂત મંદિરો, મહારાજ અને તેમના ધારક સંતોના સંબંધવાળાં સ્થાનોને વિષે દ્વાદશી, પૂર્ણિમા તેમજ સમૈયા ઉત્સવ આદિ પ્રસંગોએ બ્રાહ્મણ, સાધુ, પાર્ષદ, હરિભક્તો વગેરેને જમાડવા. મંદિરને વિષે ઉત્સવ કરાવી સાધુ

તથા પાર્ષદને ધોતિયાં ઓઢાડવાં, મંદિરમાં દાન કરવું, દેવની સેવા કરવી તેમજ બ્રાહ્મણ-ગરીબ સત્સંગીને દાન કરવું. (૧૫૫, ૧૫૬)

રાજાના વિશેષ ધર્મ

સત્સંગી રાજાએ શાસ્ત્રની આજ્ઞા મુજબ પોતાના પુત્ર પેઠે આત્મબુદ્ધિપૂર્વક પ્રજાનું પાલન-પોષણ કરવું. પોતાના રાજ્યમાં ધર્મનું સ્થાપન કરવું, દેવમંદિર કરાવવાં, શાસ્ત્ર રચાવવાં વગેરે કરવું. સત્સંગી રાજાએ રાજ્યનાં સાત અંગ - સ્વામી, અમાત્ય, મિત્ર, કોષ, રાષ્ટ્ર, દુર્ગ અને બળ અથવા સૈન્ય, ઉપાય (સામ, દામ, ભેદ અને દંડ) તથા છ ગુણ - સંધિ, વિગ્રહ (શત્રુ પક્ષને લૂંટવા, બાળી નાખવું વગેરે), યાન (શત્રુ સાથે યુદ્ધ), દ્વૈધીભાવ (દુશ્મન સૈન્યના બે ભાગ પાડવા), સમાશ્રય (હાર પામતા બળવાનનો આશરો લેવો), સ્થાન (હારના સમયે કિલ્લામાં રક્ષણ લેવું) તે સર્વે યથાર્થ જાણવાં. તીર્થ સ્થાન અને ગુપ્તચર (ચાર) મોકલવાનાં સ્થાનક તથા વ્યવહારના જાણનારા પ્રધાન, પુરોહિત, સેનાપતિ વગેરે તથા યોગ્ય ન્યાયાધીશ નિયુક્ત કરી, દંડનીય તથા નિર્દોષને યથાર્થ રીતે સમજવા. (૧૫૮)

આ રીતે શ્રીજીમહારાજે ગૃહસ્થો માટે દારૂ, માટી (માંસાહાર), ચોરી, અવેરી (વ્યભિચાર) અને વટલવું નહિ તથા વટલાવવું નહિ એ પંચ-વર્તમાન મુખ્યપણે બતાવ્યાં છે.

સુવાસિની સ્ત્રીઓના વિશેષ ધર્મ

સુવાસિની એટલે કે સધવા સ્ત્રીઓએ પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્રી હોય, નપુંસક હોય તોપણ તેની સેવા કરવી અને પતિ પ્રત્યે કટુવચન ન બોલવું. તે સ્ત્રીઓએ રૂપવાન, યૌવનવાન અને ગુણવાન અન્ય પુરુષનો પ્રસંગ સામાન્ય સંજોગોમાં પણ ન રાખવો. સુવાસિની સ્ત્રીઓએ પોતાના શીલની રક્ષા થાય તેમ વસ્ત્રો ધારણ કરવાં. વસ્ત્ર રહિત સ્નાન ન કરવું. નાટક-સિનેમા જેવા રસિક માર્ગનો ત્યાગ કરવો. સ્વૈરિણી (સ્વજ્ઞાતિ પુરુષોમાં આસક્ત તેમજ સ્વચ્છંદપણે વિહરતી), કામિની (સ્વ તથા પરજ્ઞાતિ પુરુષોમાં આસક્ત), પુંશ્ચલી (પોતાના સંબંધીજનોમાં પણ આસક્ત) સ્ત્રીઓનો પ્રસંગ ન રાખવો. પતિ પરદેશ હોય ત્યારે સુંદર વસ્ત્રાભૂષણ ન ધારવાં તેમજ પરઘેર જવું નહિ. આનંદવિનોદના પ્રસંગનો ત્યાગ કરવો. આ સર્વ નિયમો સ્ત્રીઓના શીલની રક્ષા માટે અતિ મહત્ત્વના છે. (૧૫૯-૧૬૨)

વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ

વિધવા સ્ત્રીઓએ પોતાના ઇષ્ટદેવને વિષે પતિભાવ રાખી ભગવત્પરાયણ જીવન જીવવું. વડીલોની આજ્ઞામાં રહેવું. વડીલ ન હોય ત્યારે પુત્રની આજ્ઞામાં રહેવું. નજીકનાં કુટુંબીજનો સિવાય અન્યનો પ્રસંગ રાખવો નહિ અને સ્પર્શ પણ કરવો નહિ. નાના બાળકના સ્પર્શમાં દોષ નથી. પ્રસંગે વૃદ્ધ સાથે બોલવામાં તથા અડવામાં દોષ નથી. વિધા નિમિત્તે પણ અન્ય પુરુષ સાથે પ્રસંગ ન રાખવો. દેહદમન કરી ભગવાનની પ્રસન્નતા માટે યત્ન કરવો. દેહનિર્વાહનો ખ્યાલ રાખી વધુ સંપત્તિ હોય તો જ ધર્મકાર્યમાં વાપરવી. વિધવા સ્ત્રીઓએ પોતાના ધર્મની રક્ષા થાય તેવાં જ વસ્ત્રો ધારણ કરવાં, તેવી જ સ્ત્રીઓનો સંગ રાખવો. હોળીની રમત કે જેમાં સ્ત્રી-પુરુષ મર્યાદાનો લોપ થતો હોય

તેવી રમતમાં ન જોડાવું.

વિધવા અને સુવાસિની સ્ત્રીઓએ રજઃસ્વલા અવસ્થાના ધર્મ શાસ્ત્રાનુસાર અવશ્ય પાળવા. (૧૬૩-૧૭૪)

ત્યાગીના વિશેષ ધર્મ

નિષ્ઠાપૂર્વક આઠ પ્રકારના બ્રહ્મચર્યનું દેહપર્યંત પાલન કરે તે નૈષ્ઠિક બ્રહ્મચારી. નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરતા દરેક ત્યાગીને શ્રીજીમહારાજે આઠ પ્રકારનું બ્રહ્મચર્ય આ રીતે પાળવાનું કહ્યું છે: (૧) સ્ત્રીની વાત ન સાંભળવી, (૨) તેના ગુણનું વર્ણન ન કરવું, (૩) હાસ્યવિનોદ ન કરવો, (૪) નિરીક્ષણ ન કરવું, (૫) સ્ત્રી સાથે એકાંતમાં ગુપ્ત વાત ન કરવી, (૬) તેનો સંકલ્પ ન કરવો, (૭) બાળ, યૌવન, વૃદ્ધ, રૂપ-કુરૂપાદિ વિક્તિ ન કરવી તથા (૮) અંગસંગ ત્યાગ. આમ, અષ્ટ પ્રકારનાં બ્રહ્મચર્યને લક્ષ્યમાં લઈ નિયમ કહ્યા છે.

નૈષ્ઠિક બ્રહ્મચારીએ સ્ત્રીનો સ્પર્શ ન કરવો, તેની સાથે બોલવું નહિ, આસક્ત દૃષ્ટિએ સન્મુખ જોવું નહિ, તેની વાર્તા ન કરવી અને ન સાંભળવી. સ્ત્રીઓની અવરજવર હોય તેવા સ્થાનમાં સ્નાનાદિ માટે ન જવું.

નૈષ્ઠિક બ્રહ્મચારીએ રાધિકાજી, લક્ષ્મીજી આદિ દેવીઓની પ્રતિમા - મૂર્તિ સિવાય અન્ય પ્રતિકૃતિનો સ્પર્શ ન કરવો. એ રીતે પોતાના અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યની રક્ષા કરવી. સ્ત્રીને ઉદ્દેશીને દૂર રહેલી સ્ત્રીઓ સાંભળે એવા આશયથી પણ પુરુષ આગળ ભગવત્વાર્તા ન કરવી. તેથી મન દૂષિત થાય અને નૈષ્ઠિક વ્રતમાં દોષ આવે.

નૈષ્ઠિક બ્રહ્મચારીએ પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય તેવું વચન ગુરુનું પણ ન માનવું. સ્મૃતિવચન છે કે સર્વથા પાલનીયૈવ શિષ્યૈરાજ્ઞા ગુરોરિહ । ગુરુની આજ્ઞા શિષ્યોએ સર્વ પ્રકારે પાળવી. આવા વચનને લક્ષ્યમાં રાખીને શ્રીજીમહારાજ સ્પષ્ટ કહે છે: ગુરુનું વચન, બ્રહ્મચર્ય ભંગ થાય તેવું હોય તો ગમે તેવા સંજોગોમાં મહિમા સમજીને પણ ન જ માનવું.

એક વાર શ્રીજીમહારાજે નિષ્કુળાનંદ સ્વામીને સ્ત્રીઓની સભામાં વાતો કરવા જવા કહ્યું, પણ નિષ્કુળાનંદ સ્વામી ન ગયા. શ્રીજીમહારાજે નિષ્કુળાનંદ સ્વામીને બોલાવી કહ્યું, "મુનિ! તમે અમારી આજ્ઞા નથી પાળતા તેથી વિમુખ કરવા પડશે."

ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ વિનયપૂર્વક હાથ જોડી કહ્યું, "મહારાજ! તમારી આજ્ઞા લોપી વિમુખ થવા તૈયાર છું, પણ સ્ત્રીઓની સભામાં જઈ મારા ધર્મમાંથી ભ્રષ્ટ થઈ વિમુખ થવું નથી." આવાં દૃઢ વચન સાંભળી મહારાજ નિષ્કુળાનંદ સ્વામી ઉપર અત્યંત પ્રસન્ન થયા.

બ્રહ્મચારીએ ધીરજ અને સંતોષે યુક્ત રહી નિર્માનીપણે વર્તવું. (૧૭૫-૧૮૦)

શ્રીજીમહારાજના સમયમાં અન્ય મતવાદીઓ તરફથી ઉપાધિ થતી અને ક્યારેક જાણી જોઈને સંતોને રંજાડવા ઉપવાસ પડે તે આશયથી તેઓ જાર સ્ત્રીઓને સંતોની સમીપ મોકલતા. તેથી જ શ્રીજીમહારાજે સંતોને આજ્ઞા કરી કે તેવી સ્ત્રીઓનો તિરસ્કાર કરીને પણ તેને સમીપ આવવા દેવી નહિ. સાથે આપત્કાળ પ્રસંગે દયાર્દ્ર થઈ સ્ત્રીઓની રક્ષા કરવા આજ્ઞા કરી. અને તેવા પ્રસંગોએ સ્પર્શ થાય તેનો બાધ નથી. આ રીતે ઉપદેશી શ્રીજીમહારાજે નિયમની શૃંખલાને જડ નથી બનાવી પણ આત્મકલ્યાણાર્થે દુર્લભ મનુષ્યદેહની રક્ષા કરવાનો ખ્યાલ આપ્યો છે. (૧૮૧,

૧૮૨)

નૈષ્ઠિક બ્રહ્મચારીએ પોતાના શરીરે સુગંધી તેલ ચોળી સ્નાન ન કરવું. શસ્ત્ર ધારણ ન કરવું. શસ્ત્રથી હિંસા કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. રસના ઇન્દ્રિયને ખાસ જીતવી, જેથી સર્વે ઇન્દ્રિય જિતાય. ભિક્ષા પ્રસંગે સ્ત્રીનો પ્રસંગ ન થાય એ રીતે પોતાના ધર્મની રક્ષા કરવી. (૧૮૩, ૧૮૪)

નૈષ્ઠિક બ્રહ્મચારીએ મનને નિર્વિષયી કરવા શાસ્ત્રાભ્યાસ કરવો. વચનામૃત, શિક્ષાપત્રી, સ્વામીની વાતું, ભક્તચિંતામણિ, શ્રીહરિલીલામૃત, નિષ્કુળાનંદ કાવ્ય, સત્સંગિજીવન, શ્રીહરિલીલાકલ્પતરુ વગેરે. ગુરુ અને ગુરુજનોની સેવા કરવી. સ્ત્રીઓને વિષે આસક્ત જનોનો સંગ ન રાખવો. (૧૮૫)

રસના ઇન્દ્રિયને વિશેષે કરીને જીતવી, જેથી નિષ્કામ ધર્મ પાળવામાં સરળતા રહે તેમજ સર્વ ઇન્દ્રિય જીતવામાં અનુકૂળતા રહે. દ્રવ્યસંગ્રહ કરવો નહિ અને કરાવવો નહિ. તેમજ જે થકી નાણાંની ઉત્પત્તિ થાય એ પ્રકારના પદાર્થોનો સંગ્રહ કરવો નહિ અને કરાવવો નહિ. સંગ્રહ કરવાથી અપરિગ્રહવ્રતનો ભંગ થાય અને મમત્વ થવાથી મોક્ષમાર્ગમાં વિઘ્ન થાય. (૧૮૮, ૧૮૯)

હરિભક્તના કે કોઇ મનુષ્યના વ્યવહારકાર્યના જામીન ન થવું તેમજ કોઇની થાપણ ન રાખવી. ધીરજ ધારી રહેવું. પોતાનો ઉતારો સ્ત્રીના સંસર્ગથી મુક્ત રાખવો. પોતાના બ્રહ્મચર્યવ્રતની રક્ષા સારુ અને અન્ય સ્ત્રી આદિક તરફથી ઉપાધિ નિવારવા રાત્રિને વિષે સંગાથ ગોતી ચાલવું, તેમજ જોડ વિના દિવસે ક્યાંય ન જવું. આપકાળમાં તેમજ દેહક્રિયા – મળમૂત્રોત્સર્ગ નિમિત્તે એકલા જવાનો બાધ નથી. (૧૯૦, ૧૯૧)

સાધુએ મૂલ્યવાળાં વસ્ત્રો ધારણ ન કરવાં. સાદાં, સુતરાઉ, જાડાં વસ્ત્ર ધૂળ વડે ભગવો રંગ ચડાવીને પહેરવાં. બીજા અતિ આગ્રહપૂર્વક તે સિવાયનાં વસ્ત્રો ભેટ આપે તોપણ ધારણ ન કરવાં. શીત ઋતુમાં ભગવા રંગની શાલ ગ્રહણ કરવી.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને એક વાર એક હરિભક્તે આગ્રહપૂર્વક ઝીણું, રેશમી ધોતિયું આપી પ્રાર્થના કરી, “સ્વામી! આ વસ્ત્ર તમે પહેરજો.”

ગોપાળાનંદ સ્વામીએ ઘણી જ ના પાડી, છતાં હરિભક્તે પોતાનો આગ્રહ છોડ્યો નહિ. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું, “ક્યાં સુધી પહેરવું?”

હરિભક્તે કહ્યું, “ફાટે ત્યાં સુધી.”

પછી ગોપાળાનંદ સ્વામી ખેંચીને કસોકસ ધોતિયું પહેરીને બેઠા કે તરત ફાટી ગયું. એમ પોતાનો ધર્મ સાચવ્યો અને હરિભક્તનું મન સાચવ્યું.

ગૃહસ્થ સત્સંગીના ઘરે ભિક્ષા અને સભાપ્રસંગ સિવાય જવું નહિ અને ભગવાનને અર્પણ કર્યા વિના કાંઈ જ ગ્રહણ ન કરવું. (૧૯૩-૧૯૫)

પોતાના દેહની શુશ્રૂષા થાય તે રીતે ન વર્તવું, પણ ભરતજીની પેઠે દેહદમન કરી ભક્તિપરાયણ રહેવું. કેફી પદાર્થો તમાકુ, ગાંજો, અફીણ વગેરે ન લેવાં. ગૃહસ્થને ઘેર સૂતક હોય ત્યારે જમવું નહિ. રજોગુણ જણાય તેવા પલંગ-ખાટલાનો ઉપયોગ ન કરવો. સરળ સ્વભાવવાળા થવું. સાધુ જેવું અંતરમાં હોય તેવું જ બહાર જણાવે, પણ કપટ ક્યારેય ન રાખે. (૧૯૬-૨૦૦)

ક્ષમાપરાયણ થવું. કોઈ મારે, ગાળ દે, તોપણ ક્યારેય તેને સામી ગાળ ન દેવી તથા મારવો પણ નહિ. પણ તેથી અધિક તેનું હિત થાય તેવું ચિંતવન કરવું. સાધુનું જીવન પરના હિતના અર્થે

છે, તે અન્યને માટે અહિત સંકલ્પ ક્યાંથી કરી શકે?

ઉગા ખુમાણે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો તિરસ્કાર કર્યો ને અપમાન કર્યું, માર માર્યો, તોપણ અતિ દયા લાવી સ્વામીએ તેમને આશીર્વાદ આપ્યા. આશીર્વાદના ફળરૂપે તેમને ત્યાં જીવણા ખુમાણનો જન્મ થયો. જીવણો ખુમાણ એકાંતિક ભક્ત થયા.

આણંદમાં લોકોએ શ્રીજીમહારાજ અને સંતોનું અપમાન કર્યું, પણ તે સહન કરી, સર્વ સત્સંગી થાય તેવો જ સંકલ્પ કર્યો.

સાધુનો ધર્મ ક્ષમાશીલ થવું તે જ છે. તે ક્યારેય ન ચૂકવો. (૨૦૧)

સાધુએ સમાજમાં ક્લેશ ઊભો થાય તેવું વર્તન - જે એકનું બોલેલ બીજાને કહેવું તે; દૂતપણું, ચાડિયાપણું, ગુપ્ત વાતને પ્રગટ કરવી તે; ચારચક્ષુ - અપ્રકટ રીતે અન્યની વાત સાંભળવી; એ પ્રકારનું કર્મ ન કરવું. તેથી સરળ સ્વભાવ રહેતો નથી. અંતરમાં ક્લેશ ઊભો થાય છે તેમજ ભગવન્નિષ્ઠામાં ખામી આવે છે. પોતે ત્યાગ કર્યા હોય એવા સંબંધીજનોમાં મમત્વબુદ્ધિ અને દેહમાં અહંપણાની બુદ્ધિનો સર્વથા ત્યાગ રાખવો. (૨૦૨)

આ રીતે શ્રીજીમહારાજે સાધુઓ માટે નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન એ પંચવર્તમાન મુખ્યપણે બતાવ્યા છે.

૨. પ્રાર્થના

(રાગ બિલાવલ)

જયસિ નારાયણ સર્વકારણ સદા,
જયસિ અક્ષરપતિ અંતર્યામી;
જયસિ ધર્માત્મજ પ્રગટ પુરુષોત્તમ,
જયસિ સહજાનંદ સુખદ સ્વામી. જય ૦૧
રટત દશશતવદન નિગમ આગમ સદા,
જયસિ ત્વં નમત સુર શીશ નામી;
જયસિ ત્વં ભજત મુનિ ભક્ત નિષ્કામ જન,
જયસિ દાતાર કૈવલ્યધામી. જય ૦૨
કાલ માયા પુરુષ! રચત બ્રહ્માંડ બહુ,
પરમ પુરુષ! તવ દૃષ્ટિ પામી;
હોત પાલન પ્રલય તવ ભ્રકુટી ભંગ કરી,
જયસિ સર્વેશ્વર! અહં નમામિ. જય ૦૩
જયસિ કમલાપતિ જયસિ નૈષ્ઠિક જતિ,
જયસિ ત્વં ભજત પુરુષ અકામી;
જયસિ પરમેશ્વર! તવ ચરણ શરણ મેં,
આયો પ્રેમાનંદ ગરુડગામી. જય ૦૪

૩. ઉકાખાચર

“અરર! મહારાજના બેસવાના ઓટા ઉપર જ આ કૂતરાએ મળથી બગાડ્યું. બીજું તો કાંઈ નહિ, પરંતુ મહારાજ અહીં સભા ભરશે ત્યારે ક્યાં બિરાજશે? બહુ ખોટું થયું. પણ શું થાય? કૂતરાનો સ્વભાવ આવો જ હોય.”

ગઢપુરમાં પ્રાતઃકાળે હરિભક્તો નિત્યનિયમ મુજબ મહારાજનાં દર્શન કરવા અક્ષર ઓરડીએ જઈ રહ્યા હતા તે સમયે સર્વની દૃષ્ટિ કૂતરાએ બગાડેલ ઓટા ઉપર પડતી અને માંહોમાંહી ઉપર પ્રમાણે બોલીને સૌ ચાલ્યા જતા. મહારાજનાં દર્શન જતાં કરીને ફરી સ્નાન કરવું પડે તેવું કાર્ય કોણ કરે? કોઈને એમ થતું નહિ કે સાફ કરી નાખીએ. શ્રીજીમહારાજે સૌ હરિભક્તોને સન્મુખ બેસાર્યા.

થોડી વાર થઈ ત્યાં ઉકાખાચર ઉન્મત્ત ગંગામાંથી સ્નાન કરીને મહારાજનાં દર્શન કરવા અક્ષર ઓરડીએ જતા હતા, ત્યાં લીંબતરુ નીચેના ઓટા ઉપર કૂતરાએ મળ કરી ઓટો બગાડ્યો હતો તેની બાજુમાંથી પસાર થતાં તેમની દૃષ્ટિ ત્યાં પડી. કાંઈ પણ બોલ્યા સિવાય સાવરણી અને પાણી લઈ ઓટાને સાફ કરી નાખ્યો, ઘેલા નદીમાં જઈને ફરી સ્નાન કર્યું. પછી મહારાજનાં દર્શન કરવા પધાર્યા, ત્યારે શ્રીજીમહારાજે તેમને પૂછ્યું, “ભક્તરાજ! રોજ તમે વહેલા આવો છો, પરંતુ આજે મોડું કેમ થયું છે? સૂર્યવંશી તો નથી થઈ ગયા ને?”

પોતાના આશ્રિત હરિભક્તો પ્રાતઃકાળે સૂર્યોદય પહેલાં જ ઊઠે તેવો મહારાજનો આગ્રહ હતો. ઉકાખાચર તો સૌના સેવક હતા તેથી તેઓ મૌન રહ્યા. એક ભક્તે ઉપરનું વૃત્તાંત જણાવી, તેમના મોડા આવવાનું કારણ જણાવ્યું. મહારાજ તેમને મોડા આવવા બદલ ઠપકો આપશે – એવી સૌને ધારણા હતી. ત્યાં તો મહારાજ આ વાત સાંભળી ખૂબ જ રાજી થયા અને ઊભા થઈ તેમને ભેટી પડ્યા. છાતીમાં ચરણારવિંદ આપ્યાં. સર્વ સત્સંગીઓને સંબોધીને મહારાજ બોલ્યા, “તમે બધાએ લીંબતરુ નીચેના ઓટાને કૂતરાએ બગાડીને ગંદો કર્યો તે જોયું હતું તેમજ પરસ્પર વાતો પણ કરી. છતાં તે મળ સાફ કરવાનો સંકલ્પ કોઈને થયો નહિ. પરંતુ ઉકાખાચરની જેમ જેને અમારું માહાત્મ્ય સમજાયું હોય તથા સેવાનું અંગ હોય તે જ આ સેવા કરી શકે.”

ઉકાખાચરની સેવા માટેની શ્રદ્ધા અદ્‌ભુત હતી. તેઓ તથા તેમનાં ઘરવાળાં સવારના વહેલાં ઊઠી સ્નાન-પૂજાથી પરવારી દરરોજ દાદાના દરબારથી તે ઉન્મત્ત ગંગા સુધીનો રસ્તો સાવરણીથી વાળી નાખતાં ને કાંકરા નાના-મોટા વીણી લેતાં, જેથી સંતો અને મહારાજ પ્રાતઃકાળે સ્નાન કરવા પધારે ત્યારે કોઈને પગે કાંટા-કાંકરા વાગે નહિ. ઉનાળામાં દરરોજ રસ્તો વાળ્યા બાદ પાણી પણ છાંટી દેતાં, જેથી સૌને ઠંડકનો અનુભવ થાય. ઉકાખાચરને સેવાનું આવું વ્યસન પડ્યું હતું. મહારાજના સંબંધવાળા તમામ સંત-હરિભક્તોનો આવો મહિમા સમજી ઉકાખાચર મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત થાય તે માટે એકધારી સેવા કરતા.

ઉકાખાચર આખા સંપ્રદાયમાં તેમના નિર્માનીપણા માટે તથા સેવાના અંગ માટે પ્રસિદ્ધ છે. શ્રીજીમહારાજે તેમની સેવાથી પ્રસન્ન થઈ વચ. ગ. મ. ૨૫માં જણાવ્યું કે: “જેને ઉકાખાચરના જેવું સેવા કરવાનું વ્યસન હોય તેની વાસના તત્કાળ નાશ પામે છે.” વ્યસન એટલે તે કર્યા વિના રહેવાય નહિ.

ધન્ય છે ઉકાખાચરને અને તેમની સેવા-ભક્તિને!

૪. અદ્‌ભુતાનંદ સ્વામી

અદ્‌ભુતાનંદ સ્વામીનું જીવન ખરેખર અદ્‌ભુત છે. તેમનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર પાસે કડુ ગામમાં થયો હતો. આ ગામની પાદરમાં આવેલા તળાવમાં શ્રીજીમહારાજે સંતો સાથે ઘણી વાર સ્નાન કર્યું છે. તેમનું પૂર્વાશ્રમનું નામ કલ્યાણદાસ હતું. પિતાનું નામ સંઘા પટેલ તથા માતાનું નામ દેવુબાઈ હતું.

રામાનંદ સ્વામીએ સંવત ૧૮૫૨માં કારિયાણીમાં માંચાખાચરને ત્યાં અન્નકૂટોત્સવ કર્યો ત્યારે કલ્યાણદાસ તથા તેમના કાકા રામાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવી સત્સંગી થયા હતા. રામાનંદ સ્વામીના અક્ષરધામગમન બાદ તેઓને શ્રીજીમહારાજનાં દર્શનનો સૌપ્રથમ યોગ માંગરોળમાં થયો. કલ્યાણદાસને મેથાણ ગામના તેમના મામા અજા પટેલ તરફથી સત્સંગનો વારસો મળ્યો હતો. તેમના પિતાને સત્સંગ હતો નહિ. માતા દેવુબાઈને પિયરનો સત્સંગ. તે ભજનભક્તિ કરતાં, જે સંઘા પટેલને બિલકુલ ગમતું નહિ. પતિના ક્રોધી અને હઠીલા સ્વભાવથી દેવુબાઈને જીવનભર મુશ્કેલીઓ સહન કરવી પડી હતી. છતાં પોતાના પુત્રોમાં સત્સંગના શુભ સંસ્કારનું સિંચન કરવામાં કશી ખામી રાખી નહોતી.

લોકવ્યવહારે સંઘા પટેલ બહુ સુખી હતા. તેથી સમય આવતાં કલ્યાણદાસનું લગ્ન મેથાણ ગામે કર્યું. લગ્નવિધિ ધામધૂમથી અજા પટેલ (મામા)ની છત્રછાયામાં પૂર્ણ થવાની તૈયારીમાં હતી. તે જ સમયે અજા પટેલ ઉપર ખેપિયા દ્વારા મહારાજનો આજ્ઞાપત્ર આવ્યો: “માંચા, સુરા, સોમલા, અલૈયા, મૂળુ, નાજા, માતરા, મામૈયા, અજા, જીવા, વીરદાસ, લાધા, કાળા, કરમશી આદિક ભક્તજનો ઘરમાં હો, સીમમાં હો, જ્યાં હો ત્યાંથી ખાવું-પીવું પણ પડતું મૂકીને ઊભા હો ત્યાંથી તત્કાળ ચાલી નીકળજ્યો. કર્મયોગી, સાંખ્યયોગી હરિજન જેનાથી નીકળાય તે સંસારનો ત્યાગ કરીને નીકળજો. અમારું બહુ જ ગમતું છે. અને રાજાનો કુંવર હોય તેને એમ કહેવું જે, ‘તમે ઘેર રહો,’ એમ છતાં નીકળે તો તેની ઉપાધિ અમો ભોગવીશું.”

આ પત્ર વાંચીને અજા પટેલ તો તરત જ જવા તૈયાર થયા.

કલ્યાણદાસને આ ખબર પડી. તેમણે મહારાજનો પત્ર માગીને બે-ત્રણ વાર વાંચ્યો અને તરત તેમણે નક્કી કરી લીધું. અજા પટેલે કહ્યું, “પણ આમાં તમારું નામ ક્યાં છે?”

તરત જ કલ્યાણદાસે કહ્યું, “આમાં છેલ્લે ‘આદિ’ શબ્દ લખ્યો છે. તેથી તેમાં મારું નામ પણ આવી જાય છે.”

ભાણેજનો નિર્ણય અફર છે એમ જાણીને તેઓ તો કાંઇ બોલ્યા નહિ. શુભ લગ્નપ્રસંગે આવી વિચિત્ર વાત સાંભળી સંબંધીઓ તથા સાસુ-સસરાએ ખૂબ સમજાવ્યા. તેમણે જરા પણ મચક આપી નહિ ને મક્કમ રહ્યા. કોઈને મળ્યા વગર જ સીધા લગ્નમંડપમાંથી જ મામા સાથે ચાલી નીકળ્યા. શ્રીજીના આદેશાનુસાર જેતલપુર રામદાસ સ્વામીને મળીને સીધા ચાલીને ભુજ આવ્યા.

શ્રીજીમહારાજે ગામ બહાર સૌનું સ્વાગત કર્યું. સૌ નવા પરમહંસોને અતિશય હર્ષપૂર્વક બાથમાં લઈને ખૂબ ભેટ્યા. સૌની બહુ પ્રશંસા કરી. શ્રીજીમહારાજે પૂછ્યું, “આ કલ્યાણદાસનું નામ કાગળમાં ક્યાં હતું? તે કેમ આવ્યા છે?”

ત્યારે કલ્યાણદાસે કહ્યું, “હે મહારાજ! આપે કાગળમાં ‘આદિક ભક્તજનો’ એમ લખ્યું હતું, તે ‘આદિક’માં હું ગણાઉં કે નહિ? વળી, આપે એમ પણ લખ્યું હતું કે ‘સાંખ્યયોગી, કર્મયોગી સર્વે

હરિજન નીકળજો, અમારું ગમતું છે!' તેથી જગતના નાશવંત સુખમાં ન રહેતાં આપનું ગમતું કરવા આવ્યો છું."

તેમને ખરા ખપવાળા જાણી પાસે બોલાવી (મીંઢળ) છોડી નાખ્યું અને તરત સાધુદીક્ષા આપી. "બીજા કોઈથી પણ ન કરી શકાય એવું અદ્‌ભુત કાર્ય તમે કર્યું છે માટે તમારું નામ 'અદ્‌ભુતાનંદ' પાડીએ છીએ," એમ કહી શ્રીજીમહારાજે તેમને આશીર્વાદ આપ્યા. શ્રીજીની આજ્ઞા થતાં પોતાના વતનના ગામ કડુમાં તથા સસરાના ગામ મેથાણમાં જઈને ભિક્ષા માગી આવ્યા ને આકરી કસોટીમાંથી પસાર થયા.

તેમના આ અદ્‌ભુત કાર્યથી તેમનાં ધર્મપત્ની ખૂબ જ પ્રભાવિત થયાં ને જીવનપર્યંત બ્રહ્મચર્યવ્રત પાળીને પ્રભુભક્તિમાં જીવન વ્યતીત કર્યું.

પરંતુ તેમના ભાઈ વજુભાઈ તેમને ઘેર તેડી જવાના આશયથી ગાડું જોડી વરતાલ આવ્યા. સ્વામીએ તેમને પાંચ દિવસ રોકીને વૈરાગ્યની એવી અસરકારક વાતો કરી કે તેઓએ પણ ઘેર ન જતાં ત્યાં જ દીક્ષા લઈ લીધી. તેમનું નામ 'નિષ્કામાનંદ' પાડ્યું.

બહુ વખત સુધી વજુભાઈ ઘેર ન આવ્યા તેથી બીજા ભાઈ વિઠ્ઠલભાઈ 'વરતાલ દર્શન કરતો આવું ને ભાઈને તેડતો આવું' એમ વિચાર કરી વરતાલ આવ્યા. પરંતુ તેમનું કોમળ અંતઃકરણ સ્વામીની વાતોથી વીંધાઈ ગયું. તેઓ પણ સંસારસુખને અનિત્ય સમજી સાધુ થઈ ગયા. તેમનું નામ 'ચૈતન્યાનંદ સ્વામી' (નાના) હતું.

ચોથા ભાઈ કુબેરદાસ પણ ઉદાસ થઈ ગયા હતા, પણ સમગ્ર કુટુંબનો ભાર તેમને શિરે હોવાથી શ્રીજીમહારાજની આજ્ઞાથી તેઓ ગૃહસ્થાશ્રમમાં જ રહ્યા.

અદ્‌ભુતાનંદ સ્વામીએ કચ્છ-ગુજરાતનાં ઘણાં ગામોમાં ફરી સત્સંગ કરાવ્યો હતો. ધોલેરા મંદિરની મહંતાઈ લેવા કોઈ તૈયાર નહોતું ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામી મહારાજની આજ્ઞા માથે ચડાવી ધોલેરા મંદિરના મહંત થયેલા. ભાલ દેશના વારણા ગામના હરિભક્તોની પરિસ્થિતિ દુર્બળ હોવાથી અદ્‌ભુતાનંદ સ્વામીએ ત્યાં ચમત્કારિક સંકટભંજન હનુમાનજીની મૂર્તિ પધરાવી.

સંવત ૧૯૩૯માં ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે દીક્ષા લીધી તે સમયે સદ્‌ગુરુ અદ્‌ભુતાનંદ સ્વામી હયાત હતા. શાસ્ત્રીજી મહારાજે વરતાલમાં તેમની સેવાનો લાભ લીધો હતો.

તેઓ સંવત ૧૯૩૯માં જ અક્ષરનિવાસી થયા.

તેમના જીવનપ્રસંગો ત્યાગી-ગૃહી સર્વ મુમુક્ષુઓ માટે અત્યંત પ્રેરણાદાયી છે.

૫. સાધુ અને પાર્ષદ

સાધુ

સ્વામિનારાયણ ભગવાને મુમુક્ષુ હરિભક્તોને સાધુની દીક્ષાના અધિકારી ગણ્યા છે. અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યવ્રતધારી અને ધનના ત્યાગી સંતોની સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલી પરંપરાએ સમાજમાં નિરાળી છાપ પાડી છે. સ્ત્રી અને ધનમાં જ જગતના તમામ ક્લેશોનું મૂળ સમાયેલું હોવાથી શ્રીજીમહારાજે સ્ત્રી-ધનના ત્યાગી એવા આદર્શ સંતોને સમાજ સમક્ષ મૂકી એક નવો જ ચીલો પાડ્યો છે.

શ્રીજીમહારાજે સ્ત્રી-ધનના આવા ત્યાગીઓ વિષે જણાવતાં કહ્યું છે, "જો ત્યાગી થઈને કોડી જેટલું પણ દ્રવ્ય પોતાનું કરીને રાખે અથવા રખાવે, તો તેને દસ હજાર ગાયો માર્યાનું પાપ લાગે છે."

આપણે ભૂતકાળનાં દૃષ્ટાંતો જાણીએ છીએ કે વશિષ્ઠ, સહસ્રાર્જુન, વિશ્વામિત્ર, પરાશર, સૌભરિ, ચ્યવન વગેરે ઋષિઓનું સ્ત્રી અને દ્રવ્યના ક્ષણમાત્રના યોગે કરીને પતન થયું અને ભ્રષ્ટ થયા.

સ્ત્રીનો સ્પર્શ થાય તો ત્યાગી સાધુને પ્રાયશ્ચિત્તરૂપે સ્નાન કરીને ઉપવાસ કર્યાથી શુદ્ધિ થાય છે તેમજ જો દ્રવ્યનો સ્પર્શ થાય તો ધૂળથી હાથ ધોવાથી પવિત્ર થવાય છે. આમાં ત્યાગી સંતોને સ્ત્રી-દ્રવ્ય પ્રત્યે આસક્તિ ન રહે એ જ મુખ્ય હેતુ છે. આ સંતોએ હરવા-ફરવામાં પણ જોડમાં જ રહેવાનું હોય છે. જો એકાંતમાં અથવા કોઈ કારણસર એકલા રહેવાઈ જવાય, તો ઉપવાસ કર્યાથી ત્યાગી સાધુ શુદ્ધ થાય છે.

ત્યાગી સાધુઓ માટે ધર્મામૃત ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે નિષ્કામ, નિર્લોભ, નિઃસ્નેહ, નિર્માન, નિઃસ્વાદ - એ પંચવર્તમાન તથા નિષ્કામશદ્ધિ અને શિક્ષાપત્રીના નિયમોનું પાલન અત્યંત આવશ્યક છે. પંચવર્તમાનરૂપ ધર્મમર્યાદામાં સારધાર રહીને, પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને જે શ્રીજીમહારાજનું ભજન કરતા હોય તેવા સાધુ આદર્શરૂપ છે.

સીવ્યા વગરનાં ભગવાં વસ્ત્રો - ધોતિયું, ઉત્તરીય વસ્ત્ર અને માથે રૂમાલની પાઘ ધારણ કરનાર સ્વામિનારાયણીય સંતો તરત જ ઓળખાઈ જાય છે. ભગવાન સ્વામિનારાયણે બતાવેલી પંચવર્તમાનની મર્યાદામાં રહીને સાધુ શુદ્ધ વર્તન રાખી ભગવત્પરાયણ જીવન જીવે છે અને હરિભક્તોને ધર્મોપદેશ આપી ધર્મમર્યાદામાં રાખે છે. સાધુ સત્સંગનો આધારસ્તંભ છે, જે દ્વારા સત્સંગ સમાજનું પોષણ થાય છે. તેમનાં ગામોગામ વિચરણથી ધર્મ-ભક્તિ, જ્ઞાન, સાચી સમજણ મુમુક્ષુ હરિભક્તોને આવે છે. હરિભક્તો જાગ્રત રહે છે.

શ્રીજીમહારાજના સમયમાં ૫૦૦ નૈષ્ઠિક વ્રતધારી પરમહંસ સાધુ સમાજે અનેકવિધ કષ્ટો સહન કરી ગુજરાતની પ્રજાને વહેમ, વ્યસન, કુરિવાજ વગેરેના જાળામાંથી મુક્ત કરી સાચો ભક્તિમાર્ગ બતાવ્યો અને ગુજરાતનાં ગામડે ગામડે સ્વામિનારાયણનો વિજય-ધ્વજ ફરકાવ્યો. ત્યારથી આજ સુધી એ કાર્ય સ્વામિનારાયણના સાચા સાધુઓએ માન-અપમાનની કોઈ પણ અપેક્ષાથી પર રહીને ચાલું રાખ્યું છે.

પાર્ષદ

સંપ્રદાયમાં શ્વેત વસ્ત્રધારી પાર્ષદો ત્યાગીવર્ગના જ મુમુક્ષુભક્તો છે. પાર્ષદોને બ્રહ્મચર્યપરાયણ

રહેવાનું હોય છે. શ્રીજીમહારાજના અંગરક્ષકો ભગુજી, મિંયાજી, રતનજી વગેરે પાર્ષદો હતા. તેમાં નાત-જાત તરફ ભેદદૃષ્ટિ રાખ્યા સિવાય મુસલમાન મિંયાજીને મહારાજે પોતાની સેવામાં રાખ્યા હતા. જૂની પરંપરામાં આ પાર્ષદો સીવેલાં વસ્ત્રો પહેરી શકતા હતા. સ્ત્રીઓ સાથે મંદિરના વ્યવહાર અને લેવડ-દેવડ પૂરતી વાતચીત કરી શકે છે. દેવના દ્રવ્યના સ્પર્શની વ્યવહાર માટે ઉપયોગી વ્યવસ્થા કરવાની તેમને છૂટ છે. સ્ત્રીનો સ્પર્શ અને દ્રવ્યનો સંગ્રહ સર્વથા વર્જ્ય છે. તેઓ સંતો-ધર્માચાર્યની રક્ષામાં તેમજ મંદિરના રક્ષણકાર્ય સમયે શસ્ત્ર ધારણ કરી શકે છે. આ પાર્ષદો એકલા હરીફરી શકે છે.

આ ઉપરાંત, બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે ને યોગીજી મહારાજે પાર્ષદ પંક્તિના ત્યાગીવર્ગના નિયમોમાં કેટલોક સુધારો કર્યો છે. અક્ષરપુરુષોત્તમ સંસ્થામાં એમણે શ્વેત વસ્ત્રધારી પાર્ષદોને કાષાય વસ્ત્રધારી સાધુના જેવા જ નિયમો ધારણ કરાવ્યા. જેવા કે સ્ત્રી-ધનનો અષ્ટપ્રકારે ત્યાગ તથા જોડ વગર એકલા રહેવાય નહિ, વગેરે... આ રીતે પાર્ષદ પંક્તિમાં ત્યાગીના કડક નિયમોનો અમલ દાખલ કરી તેમણે શ્વેત વસ્ત્રધારી પાર્ષદોને સંતપંક્તિના જેટલું જ ગૌરવ આપ્યું છે.

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થામાં પ્રમુખસ્વામી મહારાજે પાર્ષદ દીક્ષાને ભાગવતી દીક્ષા અથવા તો સાધુ દીક્ષાનું એક પ્રાથમિક અંગ બનાવ્યું છે, સાધુ દીક્ષા પૂર્વ પાર્ષદ દીક્ષા લઈને મુમુક્ષુ યુવાન, પોતાની ત્યાગાશ્રમી તરીકેની દૃઢતા કેળવે છે, સાધુતાના સદ્‌ગુણો ખીલવે છે.

૬. પ્રભાતિ પદો

(રાગ કેદારો)

પદ ૧

ધ્યાન ધર ધ્યાન ધર, ધર્મના પુત્રનું, જે થકી સર્વ સંતાપ નાસે;
કોટિ રવિચંદ્રની કાંતિ ઝાંખી કરે, એવા તારા ઉર વિષે નાથ ભાસે.
ધ્યાન ધર. ૧
શિર પર પુષ્પનો મુગટ સોહામણો, શ્રવણ પર પુષ્પના ગુચ્છ શોભે;
પુષ્પના હારની પંક્તિ શોભે ગળે, નીરખતાં ભક્તનાં મન લોભે.
ધ્યાન ધર. ૨
પચરંગી પુષ્પનાં કંકણ કર વિષે, બાંયે બાજુબંધ પુષ્પ કેરાં;
ચરણમાં શ્યામને નૂપુર પુષ્પનાં, લલિત ત્રિભંગી શોભે ઘણેરાં.
ધ્યાન ધર. ૩
અંગોઅંગ પુષ્પનાં આભરણ પહેરીને, દાસ પર મહેરની દૃષ્ટિ કરતા;
કહે છે મુક્તાનંદ ભજ દૃઢ ભાવશું, સુખ તણા સિંધુ સર્વ કષ્ટ હરતા.
ધ્યાન ધર. ૪

પદ ૨

પ્રીત કર પ્રીત કર પ્રગટ પરબ્રહ્મ શું, પરહર અવર પંપાળ પ્રાણી;
પરોક્ષથી ભવ તણો પાર આવે નહિ, વેદવેદાંત કહે સત્ય વાણી.
પ્રીત કર. ૧
કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીત શું સેવે જ્યારે;
તેમ જે પ્રગટ પુરુષોત્તમ પ્રીછશે, થાશે હરિજન તત્કાળ ત્યારે.
પ્રીત કર. ૨
પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગુણિકા કપિવૃંદ કોટિ;
વ્રજ તણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી.
પ્રીત કર. ૩
સ્વામિનારાયણ નામને પરહરી, જાર ભજનાર સર્વે ખવાર થાશે;
કહે છે મુક્તાનંદ પ્રગટ ભજ પ્રાણિયા, અઘતણા ઓઘ તત્કાળ જાશે.
પ્રીત કર. ૪

૭. હઠ, માન અને ઈર્ષા

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે હઠ, માન અને ઈર્ષા એ ત્રણ દોષ સત્સંગમાંથી પાડે છે. જેને સત્સંગમાં આગળ વધવું હોય, તેને પોતાના ઇષ્ટદેવ સાથે કે ભગવાનના ભક્તો સાથે હઠ, માન, ઈર્ષા રાખે કેમ ચાલે? ઊલટું, ભગવાનના ભક્ત પાસે તો મનગમતું મૂકી નિર્માનીપણે વર્તવાની આજ્ઞા શ્રીજીમહારાજે કરી છે. જેણે આવો એક પણ સ્વભાવ સત્સંગમાં રાખ્યો હોય તો તે સત્સંગમાંથી પડી જાય છે. તે ઉપર આપણે દૃષ્ટાંતો જોઈએ.

મછિયાવનાં ફઈબા

મછિયાવનાં ફઈબા શ્રીજીમહારાજનાં ભક્ત હતાં. લોકવહેવારે પણ ગામમાં આબરૂ અને મોભો બહુ સારાં હતાં. શ્રીજીમહારાજના અનન્ય સેવક મૂળજી બ્રહ્મચારી પણ મછિયાવના જ હતા. આવા ભક્તોને સુખ આપવા શ્રીજીમહારાજ બત્રીસ વખત મછિયાવ પધારેલા, એવું મહાપ્રસાદીનું ગામ.

ફઈબાને તેમના દીકરાની વહુ સાથે અણબનાવ થવાથી વહુને તેના પિયર મોકલી દીધી. તમામ સંબંધો પણ તોડી નાખ્યા. વહુનાં માતા-પિતા પણ સત્સંગી હતાં. તેથી તેમણે મહારાજને બહુ વિનંતી કરી અને ફઈબાને સમજાવવા કહ્યું, તેથી શ્રીજીમહારાજે કહ્યું, "ચાલો, આપણે મછિયાવ જઈએ અને સંપ કરાવીએ." એમ કહી બસો સંતો તથા બીજા હરિભક્તો સાથે મહારાજ મછિયાવ જવા નીકળ્યા.

રસ્તામાં ગામ મેલણે જ્યાં ફઈબાના દીકરાની વહુ રહેતાં હતાં ત્યાં પધાર્યા. શ્રીજીમહારાજે તેને પૂછ્યું, "અમે કહીએ તેમ કરશો?"

ત્યારે તેણે કહ્યું, "હે મહારાજ! તમે અને મારી સાસુ મારે માથે ખડનો પૂળો મૂકી જ્યાં વેચો ત્યાં વેચાઉં. આપ જેમ રાજી થશો તેમજ કરવું છે."

આ સાંભળી શ્રીજીમહારાજ બહુ રાજી થયા અને મછિયાવ પધાર્યા.

ફઈબાએ શ્રીજીમહારાજનું વાજતે-ગાજતે સ્વાગત કર્યું. તમામ સંત-હરિભક્તોને જમાડવા શીરા-પૂરીની રસોઈ પણ કરાવી. શ્રીજીમહારાજ પધાર્યા તે વખતે દલસુખરામભાઈ તો લાલજીની પૂજા કરતા હતા, પણ ફઈબા ત્યાં બેઠાં હતાં. શ્રીજીમહારાજ ઘોડીએથી ઊતર્યા. ફઈબા અતિ પ્રેમપૂર્વક શ્રીજીમહારાજને ઘરમાં તેડી લાવ્યાં. શ્રીજીમહારાજ દાદર ચડતા હતા ત્યાં વચ્ચે જ ઊભા રહ્યા. ફઈબા તથા દલસુખરામભાઈ શ્રીજીમહારાજને પગે લાગ્યાં. પછી મહારાજે કહ્યું, "ફઈબા! અમે કહીએ તેમ કરશો?"

ફઈબાએ તરત જ કહ્યું, "હે મહારાજ! તમે જેમ કહેશો તેમ કરીશું." એટલે શ્રીજીમહારાજે કહ્યું, "તો પછી દીકરાની વહુને રાજી થઈને તેડાવો ને અહીં રાખો."

આ સાંભળી ફાઈબા તરત જ બોલી ઊઠ્યાં, "તમને મેલણાંવાળી બાઈએ ભરમાવ્યા લાગે છે. મારાથી તે નહીં થાય."

ફરીથી શ્રીજીમહારાજે પૂછ્યું, "તમે અમને કેવા સમજો છો?"

"મહારાજ! તમે સર્વોપરી અને સર્વ અવતારના અવતારી છો. અમારા ઇષ્ટદેવ કહેવાઓ. પણ આ સાસુ-વહુના ઝઘડામાં તમને સમજ ન પડે. માટે એ તાણ મૂકી દો." ફઈબાએ ચોખ્ખું કહી દીધું.

શ્રીજીમહારાજને આ ઠીક ન લાગ્યું. આવી હઠ ન ગમી. એટલે છેલ્લે કહ્યું, "જો તમે વહુને નહીં તેડાવો, તો તમામ સંત-હરિભક્ત અહીં જમશે નહીં; અમે પણ જમીશું નહિ ને ચાલ્યા જઇશું."

પણ ફઇબાની હઠ હઠી નહીં. તેમણે કહ્યું, "મહારાજ! તમે ધણી છો. તે ફાવે તેમ કરો, પણ આ વાત તો નહિ જ બને."

પછી મહારાજ તેમની આવી હઠ જોઇ નારાજ થઇ ગયા. તેમણે તરત જ કહ્યું, "તો પછી હવે 'જય સચ્ચિદાનંદ!'" એમ કહીને સંતો-હરિભક્તોને કહ્યું, "ચાલજો, મહાપુરુષો!" પછી સૌ રસોઇ પડતી મૂકીને ચાલી નીકળ્યા અને બીજે ગામ જઇને જમ્યા.

ત્યાર પછી શ્રીજીમહારાજ કોઇ વખત મછિયાવ પધાર્યા નહીં. અત્યારે પણ કોઇ સંત-હરિભક્ત મછિયાવ જતું નથી.

જો ફઇબાએ હઠ રાખી તો શ્રીજીમહારાજ બહુ નારાજ થયા. માટે આપણે આપણા ઇષ્ટદેવ ગમે તેવું કઠણ વચન કહે તે સમયે મનગમતું મૂકી, આજ્ઞા પ્રમાણે રહેવાય તેવી દૃઢતા કરવી.

અલૈયાખાચર

ગઢડાથી પાંચ માઇલ દૂર આવેલા ઝીંઝાવદર ગામના અલૈયાખાચર સ્વામિનારાયણ ભગવાનના ખરેખરા ભક્ત હતા. શ્રીજીમહારાજની અતિશય સેવા કરી હતી. તેથી પ્રસન્ન થઇ મહારાજે ઐશ્વર્ય પણ આપ્યું હતું. જેને પ્રતાપે તેઓ બીજાને સમાધિ કરાવી વૈકુંઠ, ગોલોક, બ્રહ્મપુર વગેરે ધામમાં મોકલી શકતા. સોટીનો એક છેડો અડાડે ત્યાં સમાધિ થાય ને બીજો છેડો અડાડે ત્યાં જાગ્રત થાય. આ પ્રતાપથી અલૈયાખાચરે બે હજાર માણસોને સત્સંગ કરાવ્યો હતો.

એક વખત ગઢપુરમાં શ્રીજીમહારાજના સાન્નિધ્યમાં, "દાદાખાચર, સુરાખાચર, નાજા જોગિયા, સોમલાખાચર, અલૈયાખાચર વગેરે હરિભક્તોમાં શ્રેષ્ઠ કોણ?" એવો પ્રશ્ન શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યો. તદ્દન સરળ સ્વભાવના મુક્તમુનિએ વિચાર કરીને, "દાદાખાચર એવા શ્રેષ્ઠ હરિભક્ત છે," એમ કહ્યું. અલૈયાખાચરને થયું કે મારી ગણતરી શ્રેષ્ઠ હરિભક્તમાં જ થવી જોઇતી હતી, પણ હવે બીજા નંબરમાં જરૂર થશે. પરંતુ મુક્તાનંદ સ્વામીએ તો, "બીજા એવા સુરાખાચર, ત્રીજા સોમલાખાચર," એમ જેવું જણાયું તેવું કહ્યું. આથી, અલૈયાખાચરના માનનો ભંગ થયો. ક્રોધથી તેઓ લાલચોળ થઇ ગયા. આવેશના વેગથી તલવારની મૂઠ ઉપર તેમનો હાથ ગયો. શ્રીજીમહારાજ એકદમ ઊંચા અવાજે બોલી ઊઠ્યા, "મુક્તાનંદ સ્વામી! આમાં તમે કાંઇ સમજ્યા નહિ. અલૈયો તે અલૈયો. બીજા ગમે તેવા ભક્ત હોય પણ આવા નિષ્કામી વર્તમાન પાળનાર અલૈયાની તોલે કોઇ ન આવે." આટલું સાંભળ્યું અને અલૈયાખાચરે તલવારને મ્યાન કરી દીધી. પોતે રાજી થયા.

પણ શ્રીજીમહારાજે વચ. લો. ૧૭માં આ પ્રસંગને ઉદ્દેશીને જ વાત કરી, "પંચવિષયનો અત્યંત અભાવ ન થયો હોય... તો મુક્તાનંદ સ્વામી જેવાનું માથું શસ્ત્રે કરીને મુકાવી દે એવો દ્રોહ કરે."

એક વખત શ્રીજીમહારાજ ભક્તમંડળ સાથે ઉન્મત્ત ગંગામાં સ્નાન કરતા હતા ને 'ડૂબકી દાવ' રમતા હતા. ડૂબકી મારીને એકબીજાને પકડવાની રમત જામી હતી. શ્રીજીમહારાજે ડૂબકી મારી અલૈયાને પાણીની અંદર ઉછાળીને નાખ્યા. અલૈયાની ફાંદ મોટી હતી. તે મહારાજે પગને

અંગૂઠે ફાંદે વીંટેલી પછેડીની ગાંઠ છોડી નાખી. અલૈયો ઉઘાડો થઈ ગયો ને ઝાંખો પડી ગયો. મહારાજ તો દેખાયા જ નહિ અને દૂર જઈને નીસર્યા. સૌ હસવા લાગ્યા. શ્રીજીમહારાજની આ અલૌકિક લીલામાં આનંદ માણવાને બદલે આ પ્રસંગથી પોતાનું માનખંડન થયું એમ તેને લાગ્યું. શ્રીજીમહારાજે ઇરાદાપૂર્વક આ પ્રમાણે કર્યું છે તેવું તેણે માની લીધું. શ્રીજીમહારાજ પ્રત્યે જેમ તેમ બોલવા લાગ્યા અને ક્રોધના આવેશમાં આવી તરત જ મહારાજને છોડી એ જ દશામાં ત્યાંથી ચાલી નીકળ્યા. પછી તો જેટલા ભક્તોને તેણે સત્સંગ કરાવ્યો હતો તેટલાને, "ગઢડે જશો નહિ. ત્યાં તો ભગવાન નથી પણ પુરબિયો બ્રાહ્મણ છે," એમ કહી પાછા પાડ્યા.

શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા છે એ સમાચાર મળતાં જ અલૈયાને બહુ પશ્ચાત્તાપ થયો, "અરેરે! મારા જેવો અભાગિયો કોઈ નહિ. માન મૂકીને સેવા કરવી જોઈએ તેને બદલે હું અક્કડ રહ્યો. જેની પ્રસન્નતા માટે બ્રહ્મચર્ય પાળ્યું, સેવા કરી, તેના ઉપર પાણી ફેરવ્યું." એમ ખૂબ શોક કર્યો. શ્રીજીમહારાજની સાથે મોટા મોટા સમૈયા-ઉત્સવમાં જે લીલાનાં દર્શનનો લાભ લીધો હતો તે સંભારીને અંતરમાં અત્યંત પશ્ચાત્તાપ કરવા લાગ્યા. ગોપાળાનંદ સ્વામી તથા અન્ય મોટેરા સંતો પાસે જઈ દીનતાપૂર્વક માફી માગી ને પાછા સત્સંગમાં આવતા થયા.

અલૈયાખાચરનું દૃષ્ટાંત નજર સમક્ષ રાખી સર્વ સંત-હરિભક્તોએ ભગવાન ને ભગવાનના ભક્ત સાથે નિર્માનીપણે વર્તવાનો નિશ્ચય કરવો.

જીવાખાચર

દાદાખાચરના પિતાશ્રી એભલખાચર તથા જીવાખાચર બે સગા ભાઈઓ. ગઢડાના ગરાસમાં બંને ભાઈઓનો સરખો ભાગ. શ્રીજીમહારાજ ગઢપુર પધાર્યા ત્યારે શરૂઆતમાં લગભગ છ વરસ જીવાખાચરના દરબારમાં રહ્યા હતા. જીવાખાચરના દરબારમાં કરેલી લીલાના પ્રસંગો તો અનેક હશે પણ જીવાખાચરની ભક્તિનિષ્ઠાનું દર્શન થાય એવા પ્રસંગો પણ છે.

ગઢપુરમાં વરસાદ ખૂબ પડ્યો ને રેલ આવી. ચારે બાજુ પાણી જ પાણી. તે વખતે શ્રીજીમહારાજ જીવાખાચરના દરબારમાં રહેતા હતા. સવારના મહારાજને દિશાએ ક્યાં જવું તે વિમાસણ ઊભી થઈ, પરંતુ જીવાખાચરે સમયસૂચકતા વાપરી શ્રીજીમહારાજને પોતાના ઘરના રસોડામાં ચૂલા ઉપર બેસી દિશા જવા કહ્યું. વરસાદને લીધે ઠંડી ખૂબ હતી. લાકડાં પણ બધાં પલળી ગયાં હતાં. એટલે જીવાખાચરે પોતાનો કીમતી ઢોલિયો હતો તેના પાયા અને પાંગત્ય કાપી, તે લાકડાંની તાપણી કરી શ્રીજીમહારાજને તપાડ્યા. તેની આવી ભક્તિથી શ્રીજીમહારાજ અત્યંત પ્રસન્ન થયા.

એક વખત શ્રીજીમહારાજને શેરડી જમતાં આંગળીએ ફાંસ વાગી અને લોહી નીકળ્યું. જીવાખાચરે તરત જ પોતાનો અમૂલ્ય ફેંટો હતો તેમાંથી ચીંથરી ફાડી શ્રીજીમહારાજની આંગળીએ પાટો બાંધ્યો.

વળી, એક વખત કથા કરતાં મહારાજને થૂંકવાનું થયું, ત્યારે તેમને ઊઠવું ન પડે તે માટે જીવાખાચરે પોતાની પાઘ ઉતારી મહારાજ પાસે ધરી અને તેમાં થૂંકવા કહ્યું. શ્રીજીમહારાજની આવી દુર્લભ સેવા પોતે ભક્તિભાવપૂર્વક કરી હતી, પરંતુ દાદાખાચરની ભક્તિને વશ થઈ શ્રીજીમહારાજ તેમને ત્યાં રહેવા ગયા. દાદાખાચર પ્રત્યે શ્રીજીમહારાજનો પક્ષપાત સહન ન થવાથી જીવાખાચરના મનમાં ઈર્ષ્યાનાં બીજ વવાયાં અને ધીરે ધીરે તે ઈર્ષાનાં ઝાડ થયાં.

શ્રીજીમહારાજને ગઢડામાં ઘેલા પાસે ટેકરા ઉપર મંદિર કરવાની અતિશય ઇચ્છા હતી. ટેકરા ઉપરની જમીન દાદાખાચર અને જીવાખાચરની મજિયારી જમીન હતી. શ્રીજીમહારાજે જીવાખાચર પાસે તેની માગણી કરી. શરૂઆતમાં તો જીવાખાચરે હા પાડી, પણ જ્યારે શ્રીજીમહારાજે લેખ કરી આપવાનો આગ્રહ કર્યો ત્યારે જીવાખાચરે કહ્યું, "મહારાજ! આ ગઢ તો અમારે કામનો કહેવાય, માટે મંદિર તમે બીજે ઠેકાણે કરો."

દાદાખાચરે તો સહી કરી આપી હતી, પરંતુ જીવાખાચર કેવળ ઈર્ષાના ભાવથી પ્રેરાઈને શ્રીજીમહારાજને ટેકરાની જમીન આપી શક્યા નહિ.

આ ઈર્ષાનો ભાવ જ્યારે અસહ્ય બની ગયો, ત્યારે દાદાખાચરને બદલે શ્રીજીમહારાજને મારી નાખવાનો વિચાર જીવાખાચરને આવ્યો. રામખાચર નામના એક કાઠીને થોડી જમીન તથા રોકડ રકમ આપવાનું નક્કી કરીને એક રાત્રે તેને મોકલ્યો. રામખાચર ઉઘાડી તલવારે રાત્રે શ્રીજીમહારાજ જે સંડાસમાં જતા તેમાં સંતાઈ ગયો. રોજના ક્રમ પ્રમાણે શ્રીજીમહારાજને દિશાએ જવાનું થયું. દરરોજ તો મહારાજ હાથમાં ફાનસ લઈને જતા, પણ આજે શ્રીજીમહારાજે ભગુજીને કહ્યું, "તમે સંડાસમાં ફાનસ મૂકી આવો." ભગુજી આ રહસ્ય સમજ્યા નહિ. ત્યારે મહારાજે કહ્યું, "ત્યાં કાંઈક કૌતુક છે." તેથી ભગુજી સાવચેતીથી ગયા ને સંડાસનું બારણું ઉઘાડ્યું, ત્યાં તો તેમણે સંડાસમાં ઉઘાડી તલવારે ઊભેલા રામખાચરને જોયા. ભગુજી મહારાજના વચનનું રહસ્ય સમજી ગયા અને રામખાચરને પકડી લીધા. મહારાજ પાસે તેને લાવ્યા ત્યારે મહારાજે કહ્યું, "તેનો કાંઈ વાંક નથી."

પછી રામખાચરે કહ્યું, "જીવાખાચરના કહેવાથી મેં આ કર્યું છે. હું તો નિર્દોષ છું."

શ્રીજીમહારાજે કહ્યું, "છોડી મૂકો," એમ કહી એને માફી આપી.

જીવાખાચરના અંત સમયે એમના પુત્રી અમૂલાબાઈ મહારાજ પાસે આવ્યાં અને મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું, "ભાઈના કૃત્ય સામું ન જોતાં એને તમારા ધામનો અધિકારી બનાવજો."

શ્રીજીમહારાજે હસીને કહ્યું, "અમારો એવો સ્વભાવ નથી. જો જીવના કૃત્ય સામું જોઈએ તો કોઈ જીવનો મોક્ષ થાય નહિ. પરંતુ જીવાખાચરે જે સેવા કરી છે તેના પ્રતાપે તેને ધામમાં લઈ જઈશું." એમ કહી જીવાખાચરને મહારાજ ધામમાં તેડી ગયા.

આપણે પણ ઇષ્ટદેવની પ્રસન્નતા પ્રાપ્ત કરવી હોય તો ભગવાન તથા ભગવાનના ભક્ત સાથે ઈર્ષા મૂકી દઈ સરળ સ્વભાવે વર્તવું, તો જરૂર મહારાજ રાજી થશે.

૮. સંપ્રદાયનાં તીર્થો

ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ ભારતીય તીર્થો સાથે સંકળાયેલો છે. આજે પણ પુરાતન કાળનાં તીર્થો લાખો યાત્રિકોને પ્રેરણા આપી રહ્યાં છે. तरति पापादिकं यस्मात् – જેનાં દ્વારા મનુષ્ય પાપાદિકથી મુક્ત થાય છે તેને તીર્થ કહેવાય છે.

તીર્થોનું વાતાવરણ પવિત્ર હોય છે. ત્યાં જતાં જ મનમાં, હૃદયમાં શાંતિ અને પવિત્રતાનો અનુભવ થાય છે. તીર્થોનું એવું મહત્ત્વ છે. ત્યાં કઠોરમાં કઠોર માનવી, અરે! પશુ-પક્ષી વગેરે પણ અહિંસક બની જાય છે.

સામાન્યપણે નદી, સરોવર અથવા ભૂમિને તીર્થ શબ્દથી ઓળખાવાય છે. જ્યાં દિવ્યશક્તિ છે તેના સંબંધથી અથવા ત્યાં દર્શન, સ્નાન કરવાથી મનુષ્યનાં જાણે-અજાણે થયેલાં પાપ નષ્ટ થાય છે. તીર્થો ત્રણ પ્રકારનાં છે:

(૧) નિત્ય તીર્થ: સૃષ્ટિના પ્રારંભથી જે ભૂમિમાં દિવ્ય પાવનકારી ગુણો છે તેને યોગે કરીને તે નિત્ય તીર્થ કહેવાય છે. દા.ત. કૈલાસ, માનસરોવર, ગંગા, યમુના, નર્મદા વગેરે. આ તમામ સ્થાવર તીર્થ કહેવાય છે.

(૨) ભગવદીય તીર્થ: જ્યાં ભગવાનના અવતાર થયા હોય, જ્યાં એમણે લીલા કરી હોય, જ્યાં ભક્તોને દર્શન આપ્યાં હોય, તે ભગવદીય (ભગવાન સંબંધી) તીર્થ કહેવાય છે. ભગવાન તો નિત્ય, દિવ્ય, અપ્રાકૃત, ચિન્મય છે. જ્યાં જ્યાં જેમનાં ચરણ અંકિત થયાં તે ભૂમિ દિવ્ય થઈ ગઈ. એવો પ્રભુના ચરણસ્પર્શનો પ્રભાવ છે.

શ્રીજીમહારાજની પ્રાકટ્યભૂમિ છપૈયા એવું તીર્થ છે. અનેક બાળચરિત્રો કરેલાં તે તમામ સ્થળો હજી તેવી જ સ્થિતિમાં સચવાયાં છે. અયોધ્યામાં પણ શ્રીજીમહારાજનું બાળપણ વીત્યું હતું.

સ્વામિનારાયણ ભગવાનનો જન્મ ઉત્તર પ્રદેશમાં થયો, પણ ગુજરાત તેમનું કાર્યક્ષેત્ર હોવાથી, અહીં પણ શ્રીજીમહારાજના સંબંધને પામેલાં અનેક તીર્થો છે. ગઢડા લક્ષ્મીવાડી, વરતાલ, અમદાવાદ, ડભાણ, જેતલપુર, ધોલેરા, મૂળી, ભુજ, જૂનાગઢ તથા પંચતીર્થનાં સૌરાષ્ટ્ર, ગુજરાત અને કચ્છનાં સ્થળો, શ્રીજીમહારાજના સંબંધે પરમ પાવનકારી છે.

(૩) સંત તીર્થ: જીવનમુક્ત, દેહાતીત, પરમ ભાગવત સંતનું શરીર દેખાવે ભલે પંચભૌતિક હોય પરંતુ સંતમાં દિવ્ય ગુણો છે અને સંતને પરમાત્માનો અખંડ સંબંધ છે. તેથી સંતના સંબંધમાં આવેલી તમામ વસ્તુઓ ઉપર પણ તેનો પ્રભાવ પડે છે અને તે ભૂમિ, વસ્તુ તીર્થરૂપ બની જાય છે. એવા સંતની સાધનાભૂમિ, જન્મભૂમિ, નિર્વાણભૂમિ વગેરે વિશેષપણે પવિત્ર ગણાય છે. એવા સાધુ-સંતોના સંબંધના પ્રતાપથી આજે પણ ભારત તીર્થરૂપ ને પુણ્યભૂમિ કહેવાય છે.

ધર્મરાજ યુધિષ્ઠિર પ્રત્યે નારદજી કહે છે:

भवद्विधा भागवतास्तीर्थभूता स्वयं विभोः ।
तीर्थीकुर्वन्ति तीर्थानि स्वान्तस्थेन गदाभृता ॥

(ભાગવત: ૧-૧૩-૧૦)

આવા સંતના સંબંધથી તીર્થ પવિત્ર થાય છે. પોતાના સંબંધમાત્રથી સમસ્ત પાપોને સમૂલ હરી લે છે, કારણ કે તેના હૃદયમાં શ્રીહરિનો અખંડ આવાસ છે. આવા સંત જંગમ તીર્થ કહેવાય

છે.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની જન્મભૂમિ, કાર્યભૂમિ તથા નિર્વાણ ભૂમિ - ભાદરા, મહુવા, મહેળાવ, ધારી તથા બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા, ગઢડા, અમદાવાદ, મુંબઈ, સાંકરી વગેરે સ્થળો તથા બીજાં એવાં અનેક સ્થળો એવા ભગવત્સ્વરૂપ સંતોના સંબંધે તીર્થત્વ પામ્યાં છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની જન્મભૂમિ તથા કાર્યભૂમિ તીર્થરૂપ છે. સંપ્રદાયના અસંખ્ય અનુયાયીઓ આ જૂનાં તથા નવાં તીર્થોનાં પ્રતિવર્ષ દર્શન કરી પોતાના જીવનમાં શાંતિ મેળવીને ધન્યતા અનુભવે છે.

૯. શ્રી ધાર્મિકસ્તોત્રમ્

શ્રીવાસુદેવ-વિમલામૃતધામવાસં
નારાયણં નરકતારણ-નામધેયમ્ ।
શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૧ ॥

દિવ્ય વિશુદ્ધ વાસુદેવરૂપી અક્ષરધામમાં નિવાસ કરનારા, નરકથી તારનારા, નારાયણ જેનું નામ છે, તેમજ શ્યામ તથા શ્વેત વર્ણવાળા, હંમેશાં બે ભુજાઓથી શોભનાર, કોઈ વાર ચાર ભુજાથી શોભતા એવા ભક્તિ તથા ધર્મના પુત્ર! આપને હું શરણે જાઉં છું. (૧)

શિક્ષાર્થમત્ર નિજભક્તિમતાં નરાણામ્
એકાન્ત-ધર્મમખિલં પરિશીલયન્તમ્ ।
અષ્ટાઙ્ગયોગકલનાશ્ચ મહાવ્રતાનિ
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૨ ॥

પોતામાં ભક્તિવાળા ભક્તજનોની શિક્ષાને અર્થે સંપૂર્ણ એકાંતિક ધર્મ તથા અષ્ટાંગ યોગની સકળ કળાઓના તેમજ અહિંસા, બ્રહ્મચર્યાદિ મહાવ્રતોને પોતાના આચરણથી પોતાના ભક્તોને શીખવવા અભ્યાસ કરતા એવા ભક્તિ તથા ધર્મના પુત્ર! આપને હું શરણે જાઉં છું. (૨)

શ્વાસેન સાકમનુલોમવિલોમવૃત્ત્યા
સ્વાન્તર્બહિશ્ચભગવત્યુરુધા નિજસ્ય ।
પુરે ગતાગતજલામ્બુધિનોપમેયં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૩ ॥

શ્વાસોચ્છ્વાસ સહિત પોતાના અંતઃકરણમાં અને બહાર નેત્ર આગળ પોતાની જે ભગવાનમાં વારે વારે અનુલોમ પ્રતિલોમ વૃત્તિ વર્તે છે તેણે કરીને ભરતીમાં જતું-આવતું જળ જેનું છે એવા સમુદ્રની સાથે ઉપમા આપવા યોગ્ય એવા ભક્તિ તથા ધર્મના પુત્ર! આપને હું શરણે જાઉં છું. (૩)

બાહ્યાન્તરિન્દ્રિયગણસ્વસનાધિદૈવ–
વૃત્યુદ્ભવસ્થિતિલયાનપિ જાયમાનાન્ ।
સ્થિત્વા તતઃ સ્વમહસા પૃથગીક્ષમાણં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૪ ॥

બાહ્ય અને આંતર ઇન્દ્રિયોનો સમૂહ, પ્રાણ-ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતા તે સર્વથી વિવિધ વૃત્તિઓની જે ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે, તેને પણ સ્વસ્વરૂપમાં સર્વદા વર્તતા તમો સ્વયં સ્વપ્રતાપથી નિર્બંધ હોય તે થકી જુદા રહ્યા થકા તેને (વૃત્તિઓની ઉત્પત્યાદિ) સાક્ષાત્ જુઓ છો એવા ભક્તિ તથા ધર્મના પુત્ર! આપને હું શરણે જાઉં છું. (૪)

માયામયાકૃતિતમોઽશુભવાસનાનાં
કર્તું નિષેધમુરુધા ભગવત્સ્વરૂપે ।
નિર્બીજ-સાઙ્ખ્યમતયોગગયુક્તિભાજં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૫ ॥

ભગવાનના સ્વરૂપમાં માયિક આકૃતિ, અજ્ઞાન ને અશુભ દુર્ગુણોનો સારી રીતે નિષેધ કરવા માટે જેણે નિર્બીજ એવા સાંખ્ય ને યોગના મતનું યુક્તિએ કરી ખંડન કર્યું છે એવા ભક્તિ તથા ધર્મના પુત્ર! આપને હું શરણે જાઉં છું. (૫)

દિવ્યાકૃતિત્વસુમહસ્ત્વસુવાસનાનાં
સમ્યગ્વિધિં પ્રથયિતું ચ પતૌ રમાયાઃ ।
સાલમ્બસાઙ્ખ્યપથયોગસુયુક્તિભાજં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૬ ॥

રમાપતિ ભગવાનનું દિવ્ય આકૃતિપણું, પ્રૌઢ પ્રતાપ અને સત્ય સંકલ્પત્વાદિ ગુણોની સારી રીતે પુષ્ટિ કરવા માટે જેમ છે તેમ સત્ય સ્વરૂપ, સાંખ્ય-યોગના રહસ્યનું જ્ઞાન આપનારા, ભક્તિ તથા ધર્મના પુત્ર! આપને હું શરણે જાઉં છું. (૬)

કામાર્ત-તસ્કર-નટ-વ્યસનિદ્વિષન્તઃ
સ્વસ્વાર્થસિદ્ધિમિવ ચેતસિ નિત્યમેવ ।
નારાયણં પરમયૈવ મુદા સ્મરન્તં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૭ ॥

કામાર્ત, ચોર, નટ, વ્યસની અને દ્વેષીજનો પોતાનું ધાર્યું કામ સિદ્ધ કરવા જેમ પોતાનું ચિત્ત હંમેશાં તેમાં પરોવે છે અર્થાત્ તેનું અખંડ ચિંતવન કર્યા જ કરે છે, તેમ 'નારાયણ'નું જે પ્રેમપૂર્વક અખંડ સ્મરણ કરે છે તે શ્રી ભક્તિ તથા ધર્મના પુત્ર! આપને હું શરણે જાઉં છું. (૭)

સાધ્વીચકોરશલભાસ્તિમિકાલકણ્ઠ–
કોકા નિજેષ્ટવિષયેષુ યથૈવ લગ્નાઃ ।
મૂર્તૌ તથા ભગવતોઽત્ર મુદાતિલગ્નં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૮ ॥

સાધ્વી સ્ત્રી, ચકોર પક્ષી, પતંગિયું, માછલું, મોર અને ચક્રવાક પક્ષી પોતપોતાના ઇષ્ટ વિષયમાં જેમ સંલગ્ન રહે છે, તેમ ભગવાનના સ્વરૂપમાં જે પ્રસન્નતાપૂર્વક સંલગ્ન (તલ્લીન) રહે છે તે ભક્તિ તથા ધર્મના પુત્ર! આપને હું શરણે જાઉં છું. (૮)

સ્નેહાતુરસ્ત્વથ ભયાતુર આમયાવી
યદ્વત્ક્ષુધાતુરજનશ્ચ વિહાય માનમ્ ।
દૈન્યં ભજેયુરિહ સત્સુ તથા ચરન્તં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૯ ॥

સ્નેહાતુર, ભયાતુર, રોગી અને ભૂખ્યા જનો જેમ સ્વમાનનો ત્યાગ કરી, દીનતાપૂર્વક, આજીજીપૂર્વક અહીં (જગતમાં માયિક વસ્તુ પ્રાપ્તિ કે વિઘ્ન ટાળવા માટે) ભજન કરે છે, બરાબર તે રીતે એકાંતિક સંતો આગળ (ભક્તજનની શિક્ષાને અર્થે) સ્વમાનનો પરિત્યાગ કરી પરબ્રહ્મના સ્વરૂપમાં જે અખંડ રહે છે, તે ભક્તિ તથા ધર્મના પુત્ર! આપને હું શરણે જાઉં છું. (૯)

ધર્મસ્થિતૈરુપગતૈર્બૃહતા નિજૈક્યં
સેવ્યો હરિઃ સિતમહઃ સ્થિતદિવ્યમૂર્તિઃ ।
શબ્દાદ્યરાગિભિરિતિ સ્વમતં વદન્તં
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ॥ ૧૦ ॥

ધર્મને અનુસરનારાઓએ સ્વીકારેલું અક્ષર સાથેનું એકતાપણું, શબ્દાદિ પંચવિષયમાં વિરક્તજનોને અક્ષરધામમાં રહેલ દિવ્યમૂર્તિ શ્રીહરિ એક જ સેવ્ય છે, એવો પોતાનો મત જેણે દર્શાવ્યો છે, તે ભક્તિ તથા ધર્મના પુત્ર! આપને હું શરણે જાઉં છું. (૧૦)

સદ્ગ્રન્થ-નિત્યપઠન-શ્રવણાદિસત્ત્વં

ब्राह्मीं च सत्सदसि शासतमत्र विद्याम् ।
संसारजाल–पतिताखिल–जीवबन्धो
त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥ ११ ॥

સદ્ગ્રંથોનાં વાચન ને શ્રવણ કરવામાં જે આસક્ત છે, સંતની સભામાં જે બ્રહ્મવિધાનો ઉપદેશ આપે છે અને સંસારની જાળમાં ફસાયેલા જીવોના જે બંધુ - તારણહાર છે, તે ભક્તિ તથા ધર્મના પુત્ર! આપને હું શરણે જાઉં છું. (૧૧)

- શ્રી શતાનન્દ મુનિ

૧૦. સોમલાખાચર

બોટાદ ગામના દરબાર સોમલાખાચર શ્રીજીમહારાજના પરમ કૃપાપાત્ર ભક્તરાજ હતા.

સોમલાખાચર વ્યવહારે ખૂબ જ સુખી હતા. બે યુવાન ચારિત્ર્યશીલ સદ્‌ગુણી પુત્રો હતા તથા ગરાસની સારી એવી જમીન પણ હતી. તેમને બીજી કોઈ ઉપાધિ-ચિંતા નહોતી ને સુખેથી શ્રીજીમહારાજનું ભજન કરતા હતા. પણ પ્રભુની યોજના ન્યારી જ હોય છે.

સોમલાખાચરના બેય દીકરા થોડા થોડા દિવસના અંતરે અક્ષરવાસી થયા. વ્યવહારની રીતે તો આ ઘણી જ મોટી આપત્તિ કહેવાય. તેમની વ્યાવહારિક જવાબદારી પણ આ પ્રસંગથી ઘણી જ વધી ગઈ, પણ જ્ઞાનબળથી ધીરજ રાખી તેમણે પુત્રવિયોગનો શોક ન કર્યો. કેવળ ભગવત્સુખની જ શ્રેષ્ઠતા સમજી ગરાસની જમીન શ્રીજીમહારાજને અર્પણ કરી દીધી અને પોતે શ્રીજીમહારાજની અખંડ સેવામાં રહ્યા.

સોમલાખાચર વિશાળકાય, ઊંચા ને કદાવર. તેઓ અતિશય સ્વરૂપવાન હતા. પોતે સોનાની મૂઠવાળી ભારે કીમતી તલવાર સાથે રાખતા. પરંતુ શ્રીજીમહારાજની સેવામાં રહ્યા પછી આ બધો ઠાઠમાઠ તેમણે છોડી દીધો અને સફેદ કપડાં પહેરી લીધાં. પાર્ષદ તરીકે મહારાજની તેઓ સેવા કરવા લાગ્યા.

તેમના મનમાં કોઈ પણ પ્રકારનો ડર કે ભય નહોતો. શૂરવીરતાપૂર્વક હિંમતથી દરેક પ્રકારની મહારાજની સેવા કરતા. શ્રીજીમહારાજ ગમે તેવું કાર્ય સોંપે, દૂર મોકલે તોપણ જતા ને કાર્ય સિદ્ધ કરીને જ આવતા. આવા કાઠીઓને પ્રેમથી વશ કરી પોતાની આજ્ઞામાં ટૂક ટૂક વર્તાવવા એ પણ શ્રીજીમહારાજનું એક અસાધારણ ઐશ્વર્ય હતું!

સોમલાખાચરની શૂરવીરતા અનેક પ્રસંગે દેખાતી. ખોખરા મહેમદાવાદમાં લોલંગર બાવાએ શ્રીજીમહારાજને જે ઉપાધિ કરવા ધારી હતી તે પ્રસંગે સોમલાખાચરની શૂરવીરતાનું સૌને દર્શન થયું હતું. શ્રીજીમહારાજના ચારિત્ર્યશીલ પરમહંસોની - નિર્માની, વ્યસન મુકાવનાર ને સદ્ધર્મ પ્રવર્તાવનારની - સુંદર છાપ સહન ન કરી શકવાથી, વેરાગી બાવાઓએ તેમને અનેક પ્રકારનાં કષ્ટ આપ્યાં. આ સંતોને ગાળો દેવી, વસ્ત્રો તથા પાત્રો ફોડી નાખવાં, માર મારવો એ એમનો નિત્યક્રમ થઈ ગયો હતો.

ખોખરા મહેમદાવાદ ગામમાં શ્રીજીમહારાજ ૫૦૦ પરમહંસો સાથે પધાર્યા. તે વખતે ત્યાંનો લોલંગર બાવો ભારે કોપાયમાન થયો. સ્વામિનારાયણને પકડવાનો ખરો લાગ આવ્યો છે એમ જાણી શ્રીજીમહારાજને પકડવા પોતાના શિષ્યમંડળ સાથે ધસી આવ્યો. શ્રીજીમહારાજે અગાઉથી ૪૦૦ સંતોને સુરત મોકલી દીધા હતા. કાંકરિયા તળાવે સ્નાન કરી ધૂન-કીર્તન બોલાવતા સંતો આવતા હતા તે સમયે બાવાઓ હથિયાર સાથે આવી પહોંચ્યા. “મારો, કાપો, બીજી વાત નહિ,” એમ બોલવા લાગ્યા. એક સત્સંગીને તલવાર મારી ત્યાં તો સિંહ સમાન સોમલાખાચર બીજા પાળાઓ સાથે છૂટ્યા. હથિયાર સાથે ઝપાઝપી થઈ. ચાર આગેવાન બાવાઓને તાત્કાલિક ચોકમાં ઢાળી દીધા અને ભંગાણ પાડ્યું. સૌ બાવાઓ ભાગી ગયા. સોમલાખાચરની શૂરવીરતા આ પ્રસંગે ખરેખર કામ આવી ગઈ. સૌને હિંમત આવી ગઈ. શ્રીજીમહારાજ પ્રત્યે સોમલાખાચરનો આવો અપૂર્વ પક્ષ અને ભક્તિભાવ હતો.

આ ભક્તરાજની શ્રીહરિ પ્રત્યેની નિર્દોષબુદ્ધિ અનન્ય હતી. એટલે જ તેમની પ્રશંસા કરતાં

શ્રીજીમહારાજે વચનામૃતમાં જણાવ્યું છે કે: “અમારા સ્વભાવને તો મૂળજી બ્રહ્મચારી ને સોમલોખાચર આદિક જે હરિજન છે તે કેટલાંક વર્ષથી અમારી પાસે રહે છે તે યથાર્થ જાણે છે.” (કા. ૬). વળી, તેમની સત્સંગમાં સદાય એકસરખી રહેણી–કરણી પણ શ્રીજીમહારાજને પ્રિય હતી. વચનામૃત ગ. અં. ૨૪માં શ્રીજીમહારાજ તેનો નિર્દેશ કરે છે.

આમ, અખંડ શ્રીજીમહારાજના સાન્નિધ્યમાં રહી તેમની રુચિ જાણીને મહિમાપૂર્વક સેવા કરતા સોમલાખાચર આદર્શ ભક્તરાજ હતા.

૧૧. જેતલપુરની ગણિકા

શ્રીજીમહારાજ ગાડું ભરેલા ઘઉં સાથે જેતલપુરની શેરીઓમાં ઘરોઘર ફરી રહ્યા છે. જેતલપુરમાં મહાન યજ્ઞ કરવો છે, અસંખ્ય બ્રાહ્મણોને જમાડવા છે, તેથી સૌ ઘઉં દળીને આપે તે હેતુથી શ્રીજીમહારાજ દરેક ઘેર બે માપ ઘઉં આપતા. સૌ ભાવિક ભક્તોએ આ સેવા પ્રેમપૂર્વક ઉઠાવી લીધી. મહારાજને તો અસંખ્ય જીવોનું કલ્યાણ કરવું હતું, તેથી ઘણા ભક્તોએ બે માપથી વધુ ઘઉં દળવા માગ્યા છતાં આપ્યા નહિ.

ફરતાં ફરતાં શ્રીજીમહારાજ એક વેશ્યાના ઘર પાસે આવ્યા. વેશ્યા હિંડોળાખાટ ઉપર આરામ કરતી હતી. અવાજ સાંભળી બહાર આવી. ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કરતાંવેંત જ તેની વૃત્તિઓ મહારાજની મૂર્તિમાં તણાઈ ગઈ. અંતરમાં કોઈ અદ્‌ભુત આકર્ષણ થયું.

આ આકર્ષણથી ખેંચાઈને પોતાનાં પગથિયાં ઉપર ઊભાં ઊભાં જ સામે ગાડા ઉપર બિરાજેલા મહારાજને પૂછ્યું, "સ્વામિન્! આ ઘઉં તમે સૌને દળવા માટે આપો છો?"

"હા." શ્રીજીમહારાજે કહ્યું.

"આનું મહેનતાણું શું આપશો?"

"અમે પૈસાના રૂપમાં મહેનતાણું આપતા નથી, પણ આ કાર્ય માટે રાજી થઈ આશીર્વાદ આપીએ છીએ."

"જો હું દળું તો તમારા આશીર્વાદ મને આપશો?"

"જરૂર, જો તારા પોતાના હાથે દળીશ તો."

"તો મને પણ મારો ભાગ આપો."

શ્રીજીમહારાજે બે માપ (લગભગ બે મણ) ઘઉં દળવા માટે તે વેશ્યાને આપ્યા. ઘઉં લઈ તે ઘરમાં દાખલ થઈ. સ્નાન કરી શુદ્ધ થઈ પોતે જાતે ઘંટી સાફ કરી. દાસીઓ બહુ પ્રકારે કહેવા લાગી, "લાવો અમે દળી દઈએ. તમે આ કામ કર્યું નથી તેથી કઠણ પડશે, થાક લાગશે, હાથે ફોલ્લા પડશે..."

પણ શ્રીજીમહારાજને પ્રસન્ન કરવાની લગની તેને લાગી હતી. તે દૃઢતાપૂર્વક બોલી, "હું મારા હાથે જ દળીશ. પ્રભુએ મને મારા હાથે જ દળવાનું કહ્યું છે."

સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરતી કરતી તે બાઈ દળવા લાગી. એને થાક લાગ્યો, અંગોઅંગમાંથી પરસેવો છૂટવા લાગ્યો, પણ તેણે તો એક જ રઢ લીધી હતી કે "કાલે સવાર સુધી ઘઉં દળીને પૂરા કરવા છે." જેમ જેમ ઘઉં દળાતા ગયા તેમ તેમ અંતરની મલિનતા દૂર થતી ગઈ. સત્યકામ જાબાલિ ક્યાં શાસ્ત્રોનો અભ્યાસ કરવા ગયા હતા? પણ ગુરુની આજ્ઞાથી ગાયોની સંભાળ રાખી તો ગુરુકૃપાથી જ્ઞાન થયું. તેમ જેતલપુરની આ વેશ્યા આજે શ્રીજીમહારાજની કૃપાની અધિકારી બની હતી.

આખી રાત અન્ન-પાણી લીધા વગર તેણે દળ્યા કર્યું. સવારે દળવાનું પૂરું થયું. સ્નાન કરી કોઈ પણ ઠાઠમાઠ વિના સાદાં વસ્ત્રો ધારણ કરી, લોટનો ટોપલો લઈ, પગે ચાલીને મહારાજ પાસે આવી.

ઘઉંના લોટનો ટોપલો મહારાજના ચરણ આગળ મૂક્યો ને હાથ જોડી ઊભી રહી. શ્રીજીમહારાજ ખૂબ રાજી થયા. વેશ્યાએ પૂછ્યું, "મને આપના આશીર્વાદ મળશે કે નહિ?"

સભાજનો શંકા-કુશંકાઓ કરવા લાગ્યા, “આ તો વેશ્યા છે. હલકાં કર્મ કરે છે. તે કોઈ દિવસ જાતે દળે નહિ. કોઈ દાસી પાસે દળાવ્યું હશે. તેને વળી આશીર્વાદ કેવા?”

પરંતુ પ્રભુને તો તેના નિર્મળ અંતઃકરણની ને પ્રેમની ઝાંખી સૌને કરાવવી હતી. શ્રીજીમહારાજે પૂછ્યું, “આ ઘઉં તેં જાતે દળ્યા છે?”

“હા,” તે બોલી.

“તારા હાથ બતાવ તો!”

તેના હાથ ઉપર સખત ફોલ્લાઓ પડી ગયા હતા. લોહીના ટશિયા ફૂટ્યા હતા. સૌ સભાજનો આ જોઈ સ્તબ્ધ થઈ ગયા. સૌની શંકાનું નિવારણ થઈ ગયું. તે બાઈને આશીર્વાદ આપતાં શ્રીજીમહારાજે કહ્યું, “જા, મુક્તાનંદ સ્વામી જેવું તારું કલ્યાણ થશે.”

એક વેશ્યા બાઈનો આવો ભક્તિભાવ ને તેનું આવું પરિવર્તન જોઈ સૌને આશ્ચર્ય થયું. શ્રીજીમહારાજના સંબંધનો-પ્રતાપનો મહિમા સમજાયો.

તે બાઈના આમંત્રણથી મહારાજ સંતો-હરિભક્તો સાથે તેના મહેલે પધાર્યા. સ્થળ પાવન કર્યું ને સૌને જમાડી રાજી કર્યા.

આવો ભક્તિભાવ પ્રકટ થાય તો ભગવાનને રાજી કરવા માટે બીજાં સાધન કરવાં ન પડે.

૧૨. સંપ્રદાયનાં શાસ્ત્રો

શાસ્ત્ર એટલે શું?

શાસ્ત્ર એટલે મહાન આચાર્યો, ઋષિવર્યો, સંતો કે ભગવાનના અવતારોનાં દિવ્ય ચરિત્રો તેમજ તેમના ઉપદેશ કે તેમણે આપેલી આજ્ઞાઓને રજૂ કરતા ગ્રંથો.

જેના દ્વારા પોતાના આશ્રિતોને શિસ્ત અને શાસનમાં વર્તાવાય એવો ગ્રંથ એટલે શાસ્ત્ર. જેના દ્વારા પોતાના મતને સ્પષ્ટ કરી આધ્યાત્મિક જ્ઞાન સમજાવાય છે તેવો ગ્રંથ એટલે શાસ્ત્ર.

શું કરવા યોગ્ય છે અને શું કરવા યોગ્ય નથી તેનો વિવેક આપતું પુસ્તક તે શાસ્ત્ર.

આ રીતે રચાયેલાં ઘણાં શાસ્ત્રો હિન્દુ ધર્મમાં છે. શ્રીજીમહારાજે તે પૈકી વ્યાસ ભગવાન રચિત શાસ્ત્રોને વિશેષ માન્યાં અને તે પ્રત્યે પોતાનો આદર જણાવ્યો. તે છતાં વચનામૃત ગ. મ. ૫૮માં કહ્યું: "સંપ્રદાયની પુષ્ટિ તો એમ થાય છે જે, જે સંપ્રદાયના ઇષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેણે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને ઇષ્ટદેવનો મહિમા પણ આવી જાય. માટે પોતાના ઇષ્ટદેવનાં જે જન્મથી દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે."

આ રીતે વાત કરી મહારાજે સંતોને દેહપર્યંત સંપ્રદાય સંબંધી શાસ્ત્ર કરવા આજ્ઞા કરી.

શિક્ષાપત્રીમાં હિન્દુ ધર્મના શાસ્ત્રોમાંથી પોતાને માન્ય શાસ્ત્રો આ મુજબ વર્ણવ્યાં છે: "ચાર વેદ તથા વ્યાસસૂત્ર તથા શ્રીમદ્‌ભાગવત નામે પુરાણ તથા મહાભારતને વિષે તો શ્રી વિષ્ણુસહસ્રનામ તથા શ્રી ભગવદ્‌ગીતા તથા વિદુરજીએ કહેલી જે નીતિ તથા સ્કંદપુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રી વાસુદેવમાહાત્મ્ય અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ એ આઠ સત્શાસ્ત્ર તે અમને ઇષ્ટ છે."

સંપ્રદાયના દરેક આશ્રિત માટે તો સંપ્રદાયનાં શાસ્ત્રો જ મોક્ષમાર્ગે ઉપયોગી અને ઇષ્ટદેવનો મહિમા સમજવા મદદરૂપ થાય. તેથી આપણે અહીં આપણા સંપ્રદાયના મુખ્ય ગ્રંથોનો પરિચય કરીશું.

વચનામૃત

વચનામૃત એ શ્રીજીમહારાજના શ્રીમુખની અમૃતવાણી છે. ગુજરાતી ભાષાના પ્રથમ ગદ્યગ્રંથ તરીકે પણ સાહિત્યક્ષેત્રે પ્રસિદ્ધ છે. સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિત ભક્તોને અનેક સમયે આધ્યાત્મિક રહસ્યની વાતો કરી હતી. તેમની ઉપદેશની રીત સચોટ હતી. શાસ્ત્રોનાં ગૂઢ રહસ્યો અલ્પજ્ઞ મનુષ્યો પણ સમજી શકે તેવી સરળ અને ગ્રાહ્ય ભાષામાં, સ્થૂળ દૃષ્ટાંતો સાથે રજૂ કરતાં, ક્યારેક મહારાજે સ્વયં ઉપદેશ કર્યો. ક્યારેક હરિભક્તોએ મોક્ષમાર્ગમાં પોતાને મૂંઝવતા પ્રશ્નો પૂછ્યા. ક્યારેક પરદેશી તત્ત્વોએ આવી પ્રશ્નો પૂછ્યા. આવા પ્રસંગોએ શ્રીજીમહારાજે જેમને અગ્રેસર અને ગુરુપદે સ્થાપ્યા હતા તેવી સર્વમાન્ય વ્યક્તિઓ, નૈષ્ઠિક વ્રતધારી સંતો - યોગીપ્રવર સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, વિધાવારિધિ સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી, સંતશિરોમણિ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી તથા શુકાવતાર સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીએ તે ઉપદેશ વચનોને યથાર્થ રીતે ઉતારી લીધાં અને તેનો સંગ્રહ કર્યો તે આ 'વચનામૃત.'

દરેક વચનામૃતની શરૂઆતમાં શ્રીજીમહારાજનું ધ્યાન થાય તે હેતુથી મહારાજ કેમ - કયા

મુખે બિરાજ્યા છે? કેવાં વસ્ત્રાભૂષણો ધારણ કર્યાં છે? સાથે તિથિ, સંવત, સંત-હરિભક્તવૃંદ વગેરેનું વર્ણન કરી હૂબહૂ ચિત્ર રજૂ કર્યું છે, જેથી મહારાજની વાણી સાંભળતાં પહેલાં એમની મૂર્તિનું સ્મરણ થાય. આથી વચનામૃતનું ઐતિહાસિક મૂલ્ય અને પ્રમાણભૂતતા પણ જળવાય છે.

વચનામૃતમાં મુખ્યત્વે સ્વધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય, માહાત્મ્યે યુક્ત ભક્તિ અને બ્રહ્મ અને પરબ્રહ્મનાં મૂળ અનાદિ સ્વરૂપોનું નિરૂપણ કરેલું છે. ભગવાનની વાણી એ પરાવાણી છે. એ વાણીને કાળનો ક્ષેપ નથી. તે સર્વકાળ માટે જીવંત છે. આજે પણ આપણા જીવનના પ્રશ્નો તે થકી ઊકલે છે. વચનામૃતની પ્રામાણિકતા શ્રીજીમહારાજ પોતે જ આપે છે: "આ જે વાર્તા તે અમે પ્રત્યક્ષ દેખીને કરી છે." (ગ. પ્ર. ૬૪), "આ વાર્તા દંભે કરીને - માને કરીને નથી કરી, પણ જે દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ સિદ્ધ કરી છે..." (ગ. મ. ૧૩), "આ તો અમારી અજમાવેલ વાત છે અને જેમ વર્તીએ છીએ તેમ કહીએ છીએ." (ગ. અં. ૩૯).

આ ગ્રંથની વિશેષતા એ છે કે ચાર સંતોએ વચનામૃતને પુસ્તક રૂપે ગ્રથિત કર્યા પછી શ્રીજીમહારાજને દેખાડ્યું અને મહારાજ એ પુસ્તક જોઈ અત્યંત પ્રસન્ન થયા અને માન્ય કર્યું.

મહારાજે જે જે ગામમાં ઉપદેશ આપ્યો છે તે તે ગામનાં નામ વચનામૃતનાં પ્રકરણો પાડી જોડ્યાં છે. ગઢડાનાં વચનામૃતોને પ્રથમ, મધ્ય અને અંત્ય પ્રકરણોમાં ગોઠવ્યાં છે. આ રીતે ગઢડા પ્રથમ પ્રકરણનાં ૭૮, સારંગપુરનાં ૧૮, કારિયાણીનાં ૧૨, લોયાનાં ૧૮, પંચાળાનાં ૭, ગઢડા મધ્ય પ્રકરણનાં ૬૭, વરતાલનાં ૨૦, અમદાવાદનાં ૩, ગઢડા અંત્ય પ્રકરણનાં ૩૯ વચનામૃત મળીને વરતાલ દેશની વચનામૃતની પ્રતમાં કુલ ૨૬૨ વચનામૃતો છે. આ ઉપરાંત અમદાવાદ, અસલાલી ને જેતલપુરનાં ૧૧ વચનામૃતો સાથે અમદાવાદ દેશની વચનામૃતની પ્રતમાં કુલ ૨૭૩ વચનામૃતો છે.

પૃથ્વી ઉપર અવતારો અને મહાપુરુષો પ્રગટ થયા પરંતુ તેમની વાણી પાછળથી તેમના ભક્તો દ્વારા સ્મૃતિ આધારે ગ્રથિત થઈ છે. જ્યારે વચનામૃત એ એક જ એવો ગ્રંથ છે કે જેમાં અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણની વાણી - પરાવાણી - યથાવત્ રૂપમાં, પ્રાસાદિક ભાષામાં ગ્રથિત થઈ છે. આથી જ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે વચનામૃત સિવાય બીજામાં માલ મનાય છે એ જ મોહ છે.

શિક્ષાપત્રી

આચારઃ પ્રથમો ધર્મઃ - જેટલો આચાર શુદ્ધ એટલું જીવન શુદ્ધ. જીવન શુદ્ધ અને પવિત્ર હોય તો સાત્ત્વિકતા આવે, જેથી મોક્ષમાર્ગ સરળ બને. આપણા ઇષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને આપણા મોક્ષમાર્ગની સરળ ગતિ માટે 'શિક્ષાપત્રી' આચાર ગ્રંથ આપ્યો. સંવત ૧૮૮૨ના મહા સુદિ પંચમી - વસંતપંચમીને દિવસે શિક્ષાપત્રી લખી આપણને આપી. શિક્ષાપત્રી એ ઋષિમુનિઓ રચિત સ્મૃતિઓના સારરૂપ છે.

આ શિક્ષાપત્રીમાં ત્યાગી અને ગૃહસ્થોના ધર્મ વિગતે કહ્યા છે. આ નિયમો આપણે આપણા રોજિંદા જીવનમાં સમજીને ઉતારીએ તો આપણને કોઈ વિઘ્ન ન આવે. આ નાનકડા ગ્રંથમાં તત્ત્વજ્ઞાન સંબંધી વાત પણ આવરી લીધી છે. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપની વાત પણ સમજાવી છે. ધ્યાન અને ઉપાસનાની વાત પણ સુંદર રીતે સમજાવી છે. કવિ શ્રી ન્હાનાલાલે યોગ્ય કહ્યું છે, "શ્રીકૃષ્ણ તેમના ભક્તની સેવામાં એક સુદર્શનચક્ર મૂક્યું હતું, પણ સ્વામિનારાયણ ભગવાને તેમના ભક્તોની સેવામાં ૨૧૨ સુદર્શનચક્ર મૂક્યાં છે."

વેદરસ

શ્રીજીમહારાજે પત્રરૂપે પરમહંસોને જે ઉપદેશ આપ્યો હતો તેનો સમાવેશ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. આ પુસ્તકનાં પાંચ પ્રકરણ છે. નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી નિઃસ્નેહી અને નિર્માની વર્તમાનની વાતો પ્રકરણવાર કરી છે. નિર્લોભી વર્તમાનના પ્રકરણમાં શ્રીજીમહારાજ પરમહંસોને જણાવે છે કે: "આ કાગળને વિષે તમારા અર્થે બ્રહ્મવિદ્યા સંબંધી જે વિચાર અમે લખીએ છીએ તે વિચાર અમારા અંતરના રહસ્યરૂપ છે અને સર્વ ઉપનિષદના પણ રહસ્યરૂપ છે." એવો અદ્‌ભુત આ ગ્રંથ છે. ત્યાગીઓને દેહ છતાં બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરી વિદેહી મુક્તની સ્થિતિ સિદ્ધ કરવા માટે આ ગ્રંથ, શ્રીજીમહારાજના શ્રીમુખની વાણી હોઇ સર્વેને માટે અતિશય ઉપયોગી છે. અક્ષરબ્રહ્મ એ પુરુષોત્તમ ભગવાનનું ધામ છે ને સાકાર સ્વરૂપે - મુખ્ય ભક્ત તરીકે મહારાજની સેવામાં છે. એવા અક્ષરબ્રહ્મને પોતાનો આત્મા માનીને અર્થાત્ તેને વિષે દૃઢ આત્મબુદ્ધિ રાખીને પરમેશ્વરને ભજવા એ આ ગ્રંથનું હાર્દ છે. અક્ષરસ્વરૂપ સદ્‌ગુરુના સેવનથી અક્ષરબ્રહ્મના એકત્વપણાને પામી પુરુષોત્તમ નારાયણની સ્વામી-સેવકભાવે ઉપાસના, પંચવર્તમાનરૂપી મર્યાદામાં રહીને કરવી; એવો ઉત્તમ માર્ગ શ્રીજીમહારાજે આ ગ્રંથમાં બતાવ્યો છે.

સ્વામીની વાતો

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં ચાલીસ વર્ષ મહંતાઈ કરી. સ્વામીએ શ્રીજીમહારાજને પૂછ્યું, "ધ્યાન કરવું, આત્મારૂપે વર્તવું, માંદાની સેવા કરવી ને ભગવાનની વાતો કરવી તેમાં શું શ્રેષ્ઠ છે?" ત્યારે શ્રીજીમહારાજે આજ્ઞા કરી કે, "વાતું કરવી એ શ્રેષ્ઠ છે." માયાથી પર વર્તતા આવા સંત, જીવો ઉપર અહેતુક કૃપા વરસાવી વાતો કરી માયા પાર લઈ જાય છે. તેથી વાતું કરવી શ્રેષ્ઠ છે. એટલે સ્વામીએ રાત-દિવસ, પાત્ર-કુપાત્ર જોયા વગર વાતો જ કરી છે. તેમજ રસ્તે ચાલતાં, ગામને પાદર, ચૂનાની ભઠ્ઠી પાસે કે મંદિરના વ્યવહારનું કામ કરતાં પણ સ્વામીએ જ્ઞાનમાર્ગ ચાલુ રાખ્યો. સ્વામી ઘણીવાર વાતો કરતાં કહેતા, "આ તો અક્ષરધામની વાતું છે. આ વાતું ફરી જન્મ થવા દે તેવી નથી. આ વાતું તો અનંત સંશયને છેદી નાખે તેવી ભગવાન પુરુષોત્તમની વાતું છે. અજ્ઞાન ટાળી નાખે તેવી છે."

ગુણાતીતાનંદ સ્વામીની સાથે રહી સ્વામી જાગા ભક્ત, ઠક્કર નારણ પ્રધાન, હરિશંકરભાઈ રાવળ, સદ્‌ગુરુ બાળમુકુંદદાસ સ્વામી અને સદાશંકર અમરજીએ મહિમાપૂર્વક તે વાતો લખી લીધી. સ્વામીએ અચિંત્યાનંદ બ્રહ્મચારી પાસે કથા કરાવી તેને માન્ય કરી આપી. આવી અદ્‌ભુત વાતો વાંચીએ ત્યારે જ વચનામૃતના અર્થ સ્પષ્ટ થાય છે. સ્વામીની વાતો વચનામૃત પરના ભાષ્યરૂપ છે.

સ્વામીએ પોતાના ઉપદેશમાં મુખ્યત્વે શ્રીજીમહારાજના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનો અદ્‌ભુત મહિમા કહ્યો છે. બીજા મોટા મોટા સદ્‌ગુરુઓ પણ જે મહિમા કહી શક્યા નથી તે સ્વામીએ બેધડકપણે કહ્યો છે ને શાસ્ત્રની તંતીઓ તથા અવતારાદિકની ગ્રંથિઓ એમને આડે આવી નથી. સાથે સાથે વિષયખંડનની, સ્વધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય સહિત ભક્તિની પણ સચોટ વાતો કરી છે.

પ્રથમ બાળમુકુંદ સ્વામીએ પાંચ પ્રકરણમાં વાતો છપાવી. ત્યાર પછી કૃષ્ણજી અદાએ સાત પ્રકરણમાં તૈયાર કરી પ્રકટ કરી. હાલ સંસ્થા તરફથી પણ સંશોધિત કરી તે વાતો છપાવવામાં

આવી છે. 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'નું જ્ઞાન જેણે પચાવ્યું તેને બ્રહ્મસ્થિતિ પામવામાં કચાશ ન રહે. ગુણાતીત જ્ઞાનમાં કાચો ન રહે. સ્વામી કહેતા, "આ વાતું તો અંગ્રેજનાં લોઢાં જેવી છે. અડતામાં અળગું કરે, માયાનો લેશ રહેવા ન દે."

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અને યોગીજી મહારાજે 'સ્વામીની વાતો'નો મહિમા અપરંપાર વધાર્યો છે.

સત્સંગિજીવન

સત્સંગિજીવન આપણા સંપ્રદાયનો સંસ્કૃત ભાષામાં રચાયેલો મુખ્ય ગ્રંથ છે. આ ગ્રંથના કર્તા શતાનંદ મુનિ છે. એક વાર શતાનંદ મુનિએ ગઢપુરમાં શ્રીજીમહારાજના સ્તુતિશ્લોક રચી મહારાજ પાસે ગાયા. શ્રીજીમહારાજ અત્યંત પ્રસન્ન થયા અને વરદાન માગવા કહ્યું, ત્યારે તેમણે કહ્યું, "મારે બીજી કોઈ ઇચ્છા નથી. આપ પ્રસન્ન થયા હો તો આપના ચરિત્રનો ગ્રંથ કરવા આજ્ઞા આપો. જેથી મારું જીવન ધન્ય બને."

શ્રીજીમહારાજે પ્રસન્ન થઈ આજ્ઞા આપી અને આ રીતે ગ્રંથની ઉત્પત્તિ સંવત ૧૮૮૫ના માગશર સુદ છઠને દિવસે ગઢપુરમાં થઈ. શતાનંદ મુનિએ ગઢપુરમાં રહી આ ગ્રંથ લખ્યો. જેમ જેમ ગ્રંથ લખાતો ગયો તેમ તેમ શતાનંદ મુનિએ શ્રીજીમહારાજ અને મોટેરા સંતો પાસે તે વાંચી સંભળાવ્યો. જેથી તેને સંપૂર્ણ અનુમતિ મળી.

આ ગ્રંથમાં પાંચ પ્રકરણ છે, જેમાં ઇષ્ટદેવ સહજાનંદ સ્વામીનાં ચરિત્રને સુંદર રીતે વર્ણવ્યાં છે. વળી, આ ગ્રંથમાં ત્યાગી સાધુઓને ઉપયોગી એવા ધર્મામૃત અને નિષ્કામશુદ્ધિ જેવા ધર્મગ્રંથ ગૂંથી, ત્યાગની અનોખી રીત સમાજ સામે મૂકી છે. એકાદશી આદિ ઉત્સવ કરવાની રીત, ધર્મલોપનાં પ્રાયશ્ચિત્ત, દેવપૂજાની રીત વગેરે કહ્યાં છે. ચાંદ્રાયણાદિક વ્રતવર્ણન અને તેને કરવાની રીત પણ બતાવી છે.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનાં લક્ષણ, ઉપાસનાની રીત, વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત જેવી તત્ત્વજ્ઞાનની બાબતોને પણ સુંદર રીતે રજૂ કરી છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ ઘણી વાર આ ગ્રંથમાંથી ધર્મપુરવાળાં કુશળકુંવરબાઈનું અને સુરતના ભાલચંદ્ર શેઠનું આખ્યાન ભક્તિમાર્ગને પુષ્ટ કરવા સુંદર રીતે કહેતા. તેમની ભક્તિમય રીતથી સભાજનો મુગ્ધ થઈ જતા.

શ્રીહરિલીલાકલ્પતરુ

શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથની ઉત્પત્તિ ઐતિહાસિક છે. એક વાર વરતાલ સમૈયે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા હતા. રઘુવીરજી મહારાજના આસને સભા થઈ. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, વિદ્વાન સંતો, બ્રહ્મચારી, હરિભક્તો બેઠા હતા. તે વખતે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની ગાદી ઉપર ચંપાનાં ત્રણ પુષ્પ હતાં. રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજની સર્વોપરિતાના પ્રચાર અંગે મર્મ કરતાં કહ્યું, "કેટલાક આ ફૂલ સુધી પૂગે છે, કેટલાક આ ફૂલ સુધી પૂગે છે પણ આ ફૂલ સુધી તો કોઈ પૂગતું જ નથી." ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ ત્રીજું ફૂલ લઈ વિદ્વાન બ્રહ્મચારી અચિંત્યાનંદજીને આપી કહ્યું, "કેટલાક મહારાજને રામચંદ્ર જેવા સમજે છે, કેટલાક મહારાજને શ્રીકૃષ્ણ જેવા સમજે છે, પણ વૈકુંઠ-ગોલોકથી પર અક્ષરધામના અધિપતિ, સર્વ અવતારના અવતારી સ્વયં શ્રીહરિ પૃથ્વી પર પધાર્યા છે તેમ નથી સમજતા. માટે તમે મહારાજના સર્વોપરી મહિમાનો ગ્રંથ કરો."

અચિંત્યાનંદ બ્રહ્મચારીએ પ્રસન્નતાથી આપેલ પુષ્પ ગ્રહણ કરી, સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્કૃત ભાષામાં અનુપમ ગ્રંથ 'શ્રીહરિલીલાકલ્પતરુ' યશકીર્તિની અપેક્ષા રાખ્યા વિના આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના નામથી કર્યો.

આ ગ્રંથમાં અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દિવ્ય લીલાચરિત્રોનું ગાન કર્યું છે. લીલાચરિત્રોમાંથી મુમુક્ષુજનોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો યથાર્થ ઉપદેશ મળી રહે છે. મહારાજનું સર્વોપરીપણું લખવામાં કવિ જરા પણ અચકાયા નથી. સાથે સાથે 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે' તે વાત પણ કરી છે.

આ ગ્રંથ બાર સ્કંધમાં વહેંચાયેલો છે. તેમાં ૩૩,૦૦૦ શ્લોકો છે. મહારાજની મૂર્તિનું વર્ણન તાદૃશ્ય છે. મહારાજનાં નાનાં, મોટાં તેમજ મનુષ્યભાવનાં ચરિત્રનું વર્ણન ભક્તિભાવપૂર્વક કર્યું છે, જેથી વાચકોના હૃદયમાં દિવ્યતા પ્રસરાવી દે છે. તદુપરાંત, શ્રેષ્ઠ કવિઓના હૃદયને આશ્ચર્યચકિત કરે તેવા અલંકાર, છંદ વગેરે સાહિત્ય અંગોથી ગ્રંથ સભર છે. સંસ્કૃત સાહિત્યમાં કહેવાય છે કે -

उपमा कालीदासस्य भारवेरर्थगौरवम् ।
दण्डिनः पदलालीत्यं माघे सन्ति त्रयो गुणाः ॥

ઉપમા, અર્થગૌરવ અને પદલાલિત્ય એ ત્રણેય આ ગ્રંથ જોઈએ ત્યારે જણાય છે. સાહિત્યક્ષેત્રે બ્રહ્મચારી અચિંત્યાનંદજીએ પણ માઘની જેમ કૌશલ્ય દાખવ્યું છે. આ ગ્રંથનો છઠ્ઠો સ્કંધ શ્રીજીમહારાજનું હૃદય મનાય છે. આ ગ્રંથ ચાર ભાગમાં વરતાલથી વિદ્વાન શાસ્ત્રીશ્રી શ્વેતવૈકુંઠદાસજીએ પોતે કરેલ ગુજરાતી ભાષાંતર સાથે આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજના આશીર્વાદ સાથે છપાવેલ છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આ ગ્રંથ છપાવવામાં સહાય કરી આ ગ્રંથનો મહિમા વધાર્યો છે.

ભક્તચિંતામણિ

ગુજરાતી ભાષામાં મુખ્યત્વે ચોપાઈમાં રચાયેલો આ પદ્ય-ગ્રંથ છે. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ સુંદર રચના કરી છે. શેખપાટ જેવા નાના ગામડામાં જન્મેલા, અશિક્ષિત હોવા છતાં મહારાજની કૃપાદૃષ્ટિથી આ સંતે ખૂબ જ ભક્તિભાવથી અદ્‌ભુત રચના કરી છે. આ ગ્રંથમાં કુલ ૧૬૪ પ્રકરણ છે. તેમાં મહારાજનાં ચરિત્ર સાથે હોળી અને અન્નકૂટ ઉત્સવના પ્રસંગો ઘણા છે. મહારાજે જે જે ગામોમાં વિચરણ કર્યું તે સર્વે તથા તે તે ગામના લગભગ મુખ્ય મુખ્ય હરિભક્તોની નામાવલિ પણ સમાવી લીધેલ છે.

૬૪મું પ્રકરણ ફગવાનું સત્સંગમાં અત્યંત પ્રચલિત છે. તેમજ શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાનાં પ્રકરણ ૭૬ તથા ૧૦૩ થી ૧૦૫ મનનીય છે. પંચવર્તમાન નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન સંબંધી પ્રકરણો ૧૦૬ થી ૧૧૦ પણ જાણવા જેવાં છે. પ્રકરણ ૧૦૨માં મહારાજના અપાર મહિમા અને દિવ્ય લીલાનું વર્ણન છે. તેથી સ્વામીની ભક્તિમય દૃષ્ટિનો ખ્યાલ આવે છે.

આમાં વર્ણન કરેલ દિવ્ય ચરિત્રોનું ચિંતન કરનારા ભક્તોને, ચિંતામણિ તુલ્ય સર્વ મનોરથોને પૂર્ણ કરનારો હોવાથી 'ભક્તચિંતામણિ' એવું સાર્થક નામ આપ્યું છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ હરિભક્તોને કષ્ટ નિવારવા ભક્તચિંતામણિનો પાઠ કરવા આજ્ઞા કરતા.

નિષ્કુળાનંદ કાવ્ય

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના આ કાવ્યસંગ્રહમાં ૨૨ નાના ગ્રંથોને સમાવી લીધા છે. જેવા કે પુરુષોત્તમપ્રકાશ, સ્નેહગીતા, વચનવિધિ, સારસિદ્ધિ, ભક્તિનિધિ, હરિબળગીતા, હૃદયપ્રકાશ, ધીરજાખ્યાન, હરિસ્મૃતિ, ચોસઠપદી, મનગંજન, ગુણગ્રાહક, હરિવિચરણ, અરજીવિનય, કલ્યાણનિર્ણય, અવતાર ચિંતામણિ, ચિહ્ન ચિંતામણિ, પુષ્પ ચિંતામણિ, લગ્ન શકુનાવલી, યમદંડ, વૃત્તિવિવાહ અને શિક્ષાપત્રી ભાષા. બધા જ ગ્રંથો અમૂલ્ય છે. પુરુષોત્તમપ્રકાશમાં શ્રીજીમહારાજનો સર્વોપરી મહિમા કહ્યો છે. પ્રકાર ૪૧, ૪૨માં સંત દ્વારા પ્રકટપણાની વાત પ્રસિદ્ધ છે.

સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે;
સંત માનજો મારી મુરતિ રે, તેમાં ફેર નથી એક રતિ રે.

(પ્ર. ૪૧)

કહ્યું બહુ પ્રકારે કલ્યાણ રે, અતિ અગણિત અપ્રમાણ રે;
પણ સહુથી સરસ સંતમાં રે, રાખ્યું વાલમે એની વાતમાં રે.

(પ્ર. ૪૨)

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના ગ્રંથો વાંચીએ ત્યારે અંતરમાં પ્રતીતિ થાય છે કે ગુણાતીત સંતને યથાર્થ સ્વરૂપે ઓળખી, આવો સ્પષ્ટ મહિમા લખી, સાચા સંતને ઓળખવાની દૃષ્ટિ એમણે આપણને આપી છે. ચોસઠ પદીમાં સંત-અસંતનાં લક્ષણ કહી સાચા સંત ઓળખાવ્યા છે. શ્રીજીમહારાજ કહેતા કે જો આપણે નિષ્કુળાનંદ સ્વામીને સંસ્કૃત ભાષા ભણાવી હોત તો સર્વોપરીપણું કહેવામાં પાછી પાની ન કરત.

શ્રીહરિલીલામૃત

શ્રીહરિલીલામૃત ગુજરાતી સાહિત્યની દૃષ્ટિએ ઉત્તમ લેખાતો, સંપ્રદાયની ઐતિહાસિક વિગતોથી સમૃદ્ધ એવો ગ્રંથ છે. આ ગ્રંથ કવિશ્રી દલપતરામની કલમે લખાયેલ છે અને આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજના નામે પ્રસિદ્ધ છે. છંદની ગૂંથણી સાથે ચિત્ર-પ્રબંધની એક વિશિષ્ટ શૈલી તે સમયમાં હતી તે આ ગ્રંથમાં જોવા મળે છે.

વિવિધ છંદ, ઉપદેશની સચોટ રીત, અલંકાર-પદલાલિત્યથી સભર ગ્રંથ, સારા કંઠે વારંવાર સાંભળવાનું અને ચિંતન કરવાનું મન થાય તેવો છે. ઉપજાતિમાં મૂકેલ ઉપદેશ જીવનમાં ઘણો જ ઉપયોગી થાય તેવો છે. શ્રીજીમહારાજના જીવન સાથે ભક્તોનાં આખ્યાનો રોચક અને મનનીય છે. આચાર્યશ્રીએ સહજાનંદ સ્વામીનો સર્વોપરી ભાવ લખવામાં ઊણપ નથી રાખી, તેથી તેમની ઇષ્ટદેવ પ્રત્યેની ભક્તિનો ખ્યાલ આવે છે. વરતાલ દેશમાંથી બે ભાગમાં પ્રસિદ્ધ થયેલ આ ગ્રંથ સુંદર છે.

આ ઉપરાંત 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું જીવન ચરિત્ર,' 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્તનું જીવન ચરિત્ર' તથા 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનું જીવન ચરિત્ર,' 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનું જીવન ચરિત્ર' તેમજ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવન અને કાર્યને લક્ષીને પ્રકાશિત થયેલા ગ્રંથો પણ ખૂબ પ્રેરક છે. આ ગ્રંથોમાં શ્રી અક્ષરપુરુષોત્તમ અર્થાત્ સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનનું અદ્વિતીય સાહિત્ય છે. આ ગ્રંથોના લેખક શ્રી હર્ષદરાય દવે તથા અન્ય લેખકોએ આધુનિક જનસમુદાયને રોચક સાહિત્ય આપ્યું છે.

૧૩. ધ્યાન

યોગશાસ્ત્રના આચાર્ય હિરણ્યગર્ભ અને મહર્ષિ પતંજલિએ અષ્ટાંગયોગનાં આઠ અંગમાં સાતમું અંગ તે ધ્યાન બતાવ્યું છે. ભગવાનનું સ્મરણ કરવું તેને પણ ધ્યાન કહે છે. પરમાત્મા વિના બીજે ક્યાંય વૃત્તિ ન રહે તેવા સ્મરણને ધ્યાન કહેવામાં આવે છે, પરંતુ અષ્ટાંગયોગમાં ધ્યાન પછી તરત સમાધિ અવસ્થા પ્રાપ્ત થાય છે, એટલે તે ધ્યાન સિદ્ધ કરવામાં બીજાં છ અંગ પણ સિદ્ધ કરવાં આવશ્યક છે.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ – આ આઠ અંગ અષ્ટાંગયોગની સિદ્ધિ માટેનાં છે.

યમ એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ ગુણોનો વિકાસ.

નિયમમાં શારીરિક અને માનસિક પવિત્રતા, સંતોષ, તપશ્ચર્યા, સ્વાધ્યાય અને ઈશ્વર-ઉપાસના આ પાંચ ગણાવ્યાં છે.

સ્થિર અને સ્વસ્થ થઈ લાંબા સમય સુધી બેસી શકાય તેનું નામ આસન. યોગશાસ્ત્રમાં આસનો ૮૪ પ્રકારનાં વર્ણવેલાં છે.

કુંભક, પૂરક અને રેચક દ્વારા પ્રાણનું નિયમન કરવું તે પ્રાણાયામ.

ઇન્દ્રિયો પોતપોતાના વિષયનો ત્યાગ કરીને, ચિત્ત જે ભગવાનના સ્વરૂપમાં જોડાયેલું છે તેનું અનુસરણ કરે તે સ્થિતિને ઇન્દ્રિયોનો પ્રત્યાહાર કહે છે.

ચિત્તની પરમાત્મામાં સ્થિતિ થાય તેને ધારણા કહે છે અને વૃત્તિ ત્યાં જ એકાગ્ર થાય અર્થાત્ તે જ વિષયમાં વૃત્તિઓ વહેવા માંડે તેને ધ્યાન કહે છે.

ધ્યેય સ્વરૂપનો અપરોક્ષ અનુભવ થયો તેને સમાધિ કહે છે, પરંતુ આ રીતે અષ્ટાંગયોગ દ્વારા ધ્યાન સિદ્ધ કરવાનાં સાધનો બતાવ્યાં છે, જે ઘણાં દુષ્કર છે.

શાસ્ત્રમાં ધ્યાનનો મહિમા ખૂબ કહ્યો છે. એક હજાર અશ્વમેધ યજ્ઞ, એકસો રાજસૂય યજ્ઞ અને એક હજાર પુંડરિક યજ્ઞ કરતાં પણ ધ્યાનનું ફળ વધી જાય છે, કારણ કે યજ્ઞો વડે માત્ર સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ થાય છે, જ્યારે ધ્યાનની સિદ્ધિથી ભગવાનનું સમીપપણું અનુભવાય છે.

ભગવાનના ભક્તે જ્યારે ભગવાનનું ધ્યાન કરવું ત્યારે શાંત અને પવિત્ર સ્થાનમાં, શુદ્ધ આસન ઉપર, સ્વસ્તિકાસને, પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસી, ખોળામાં બે હાથ રાખી, નેત્રની વૃત્તિ નાસિકાગ્ર કરવી અને સ્થિર ચિત્તે આત્મવિચાર કરવો. ત્રણ દેહ, ત્રણ અવસ્થા અને ત્રણ ગુણથી પોતાના આત્માને પર માનીને, જેના એક એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડ અણુની પેઠે ઊડતાં ફરે છે એવું ભગવાનના ધામરૂપ અક્ષર, તે રૂપે પોતાના સ્વરૂપને માનીને (વચ. લો. ૧૨) પરમાત્માનું ધ્યાન કરવું.

શ્રીજીમહારાજે વચનામૃત ગ. અં. ૩૧માં ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિ એટલે કે તેમના પ્રગટ સ્વરૂપનું ધ્યાન કરવાનો આગ્રહ રાખીને કહ્યું છે: એવું ધ્યાન કરનારાને "તે પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ ને ધામની મૂર્તિ તે બેયમાં લગાર પણ ભેદ ન જણાય... તે મૂર્તિ ને આ મૂર્તિ(પ્રત્યક્ષ) એક જ છે. એવી જે પ્રત્યક્ષ મૂર્તિ તેનું ધ્યાન નેત્રને બાહેર કરે ત્યારે તો તેમાં ને એમાં લગાર ફેર નથી... માટે ગુણાતીત એવું જે અક્ષરધામ (અક્ષરબ્રહ્મ) તેને વિષે જે મૂર્તિ છે તે જ મૂર્તિ પ્રત્યક્ષ છે, એ બેમાં ફેર નથી. જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે તેમજ મનુષ્યરૂપ મૂર્તિ પણ ગુણાતીત છે."

શ્રીજીમહારાજે વચનામૃત ગ. પ્ર. ૨૧માં કહ્યું છે કે: "અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપ છે. એક તો ધામરૂપ અને એ જ અક્ષર બીજા સ્વરૂપે મૂર્તિમાન થકા પુરુષોત્તમ નારાયણની અખંડ સેવામાં રહે છે."

શ્રીજીમહારાજ અક્ષરમાં અખંડ રહ્યા છે. વળી, "અક્ષરમાં રહ્યા છે તેવા બીજા કોઈમાં રહ્યા નથી. બીજામાં તારતમ્યતાએ કરીને રહ્યા છે." (વચ. ગ. પ્ર. ૪૧)

એ અક્ષરબ્રહ્મનું પ્રગટ સ્વરૂપ એટલે પરમ એકાંતિક - પરમ ભાગવત સંત. આ સંત જ એકાંતિક ધર્મના ધારક છે. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત દ્વારા જ શ્રીજીમહારાજ અખંડ આ પૃથ્વી પર પ્રગટ રહે છે. મુમુક્ષુઓને પોતાની મૂર્તિનું સુખ આપે છે અને જીવોને બ્રહ્મરૂપ કરી તેમનું આત્યંતિક કલ્યાણ કરે છે.

જેમ લોઢાનો સળિયો અગ્નિમાં તાપી લાલચોળ થયો હોય, તેના અણુએ અણુમાં અગ્નિ હોય, પછી તેને કાળો વર્ણ કે શીતળતાનો ગુણ દેખાતો નથી. હવે તેને કહેવાય લોઢાનો સળિયો, પણ છે મૂર્તિમાન અગ્નિ. તેમ આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતમાં વચનામૃત ગ. પ્ર. ૨૭ પ્રમાણે શ્રીજીમહારાજ નખથી શિખાપર્યંત અખંડ રહ્યા છે. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતનું ધ્યાન એ તેમનામાં રહેલા શ્રીજીમહારાજનું જ ધ્યાન છે. આ પ્રમાણે આપણે ધ્યાન તો પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત દ્વારા વિચરતા શ્રીજીમહારાજનું જ કરીએ છીએ. આવા પ્રગટ ગુરુરૂપ હરિનું ધ્યાન એ ભગવાનનું જ ધ્યાન છે.

ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ । પ્રકૃતિ એ અજ્ઞાનરૂપી તિમિરનું સ્વરૂપ છે. તેનો નાશ કરનાર ગુરુ - અનાદિ બ્રહ્મ ગુણાતીત સંત - એ જ ધ્યાનનું મૂળ છે. તેથી શ્રીજીમહારાજના ધામરૂપ અક્ષરબ્રહ્મ સાકાર મનુષ્યસ્વરૂપે પૃથ્વી ઉપર બિરાજમાન હોય ત્યારે તે સ્વરૂપ પણ શ્રીજીમહારાજ તથા તેમના અર્ચાસ્વરૂપની માફક સદા ધ્યાન કરવા યોગ્ય છે. 'રાધાએ સહિત શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું.' (વચ. ગ. પ્ર. ૫) આ રીતે અનાદિ અને ઉત્તમ ભક્ત સહિત ભગવાનનું ધ્યાન શાસ્ત્રસંમત છે.

શિક્ષાપત્રીમાં બ્રહ્મવેત્તાનું ધ્યાન કરવાની ના પાડી છે (શ્લો. ૧૧૫), કારણ જીવદશામાંથી જે જ્ઞાન પ્રાપ્ત થવાથી મુક્તદશા પામ્યા હોય તેનું ધ્યાન કરવામાં કોઈ લાભ નથી.

पश्चादभूतबोधाश्च ध्याने नैवोपकारकाः ।
नैसर्गिको न वै बोधस्तेषामप्यन्यतो यतः ।
तस्मात्तदमलं ब्रह्म निसर्गादिव बोधवत् ॥

શિક્ષાપત્રી ભાષ્યમાં શતાનંદમુનિએ નોંધેલા આ શૌનક મુનિના કથન અનુસાર અનાદિ ભક્તનું ભગવાન સાથે ધ્યાન કરવામાં કોઈ બાધ નથી. અંતર્યામીપણે શ્રીજીમહારાજનો પ્રકૃતિપુરુષ, પ્રધાનપુરુષ આદિ ઉત્પત્તિક્રમમાં ઉત્પન્ન થયેલા દરેકમાં પ્રવેશ છે, તે સ્વરૂપોનું ધ્યાન કરવાનો શાસ્ત્રનો નિષેધ છે, પરંતુ કોઈ કાર્ય નિમિત્તે ભગવાનનો જેમાં અનુપ્રવેશ થાય ત્યારે તે ભગવાનનું સ્વરૂપ કહેવાય છે અને ધ્યાન કરવા યોગ્ય બને છે. તે સિવાય બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કે અન્ય દેવો પણ ધ્યાન કરવા યોગ્ય નથી તેમ શ્રીજીમહારાજ વેદરસમાં કહે છે.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ ધ્યાનના ચાર પ્રકાર ગણાવ્યા છે: (૧) સાંગ ધ્યાન, (૨) ઉપાંગ ધ્યાન, (૩) સપાર્ષદ ધ્યાન, અને (૪) સલિલ ધ્યાન. તેમાં સપાર્ષદ ધ્યાન એટલે ભક્તમંડળ સહિત ભગવાનનું ધ્યાન કરવું તે. આ રીતે ભગવાન સાથે ભક્તનું પણ ધ્યાન કરવાનું ગોપાળાનંદ સ્વામી સમજાવે છે.

૧૪. માનસી પૂજા

શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં પોતાના આશ્રિતોને આદેશ આપ્યો છે કે: “મને કરીને કલ્પ્યાં જે ચંદન-પુષ્પાદિક ઉપચાર તેણે કરીને ભગવાનની માનસી પૂજા કરવી.”

આપણને સહેજ જ પ્રશ્ન થાય કે માનસી પૂજા એટલે શું? તો જેવી રીતે દેહે કરીને આપણા ઇષ્ટદેવ શ્રીજીમહારાજનું પૂજન, વંદન, સેવા વગેરે કરીએ છીએ તેવી જ રીતે મનની ભાવનાએ કરી, બધી સામગ્રી મનમાં એકઠી કરી, મહારાજનું પૂજન, વંદન તથા સેવા, તે સામગ્રી વડે કરવી તેને ‘માનસી પૂજા’ કહે છે. શ્રીજીમહારાજ માનસી પૂજાનું મહત્ત્વ સમજાવતાં કહે છે: “જો અતિ રોમાંચિત ગાત્ર ને ગદ્‌ગદ કંઠ થઈ નાના પ્રકારના ઉપચારે કરીને પ્રત્યક્ષ પૂજા કરે અથવા માનસી પૂજા કરે, બંનેનું સરખું ગૌરવ છે અને ભાવ વિનાની ભક્તિ અર્થાત્ શુષ્ક મને કરીને ગદ્‌ગદ કંઠ થયા વિના પ્રત્યક્ષ પૂજા કરે અથવા માનસી પૂજા કરે તોય તે ન્યૂન છે. (વચ. સા. ૩)

પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરીને, “હું અક્ષર છું, બ્રહ્મ છું ને મારે વિષે ત્રણ દેહ કે ત્રણ ગુણ કે ત્રણ અવસ્થાની કોઈ ઉપાધિ નથી,” તેમ માની માનસી પૂજા કરવી.

દિવસમાં પાંચ વાર માનસી પૂજા કરવી:

(૧) મંગળા તથા શણગાર આરતી-સમયની માનસી પૂજા સવારે કરવી. આપણા ઇષ્ટદેવ શ્રીજીમહારાજને દાતણ, સ્નાન વગેરે કરાવી સુંદર ધોયેલાં વસ્ત્ર પહેરવા આપવાં તથા ચંદનથી પૂજન-અર્ચન કરવું. પછી ધૂપ-દીપ અર્પણ કરી, આરતી ઉતારી, સુંદર થાળ ધરાવવો. આ પ્રમાણે મૂર્તિને અંતરમાં ધારતા જવું અને શ્રીજીમહારાજ એ પ્રમાણે દૈનિક ક્રિયા કરે છે અને આપણે તેમાં સેવા કરીએ છીએ તેમ કલ્પવું.

(૨) બીજી માનસી પૂજાનો સમય રાજભોગ આરતી – મધ્યાહ્ન પહેલાં (બપોરે ૧૨ પહેલાં) છે. શ્રીજીમહારાજને પોતાને ગમે તેવો સુંદર પોષાક ધારણ કરાવી પાટલા ઉપર જમવા માટે બેસારવા. પછી પોતાને ભાવતાં તમામ ભોજન શ્રીજીમહારાજના થાળમાં મૂક્યાં છે તેમ કલ્પવું અને હેતે કરીને આગ્રહપૂર્વક મહારાજને જમાડવા. ત્યાર બાદ મહારાજને જળ તથા મુખવાસ આપવાં. પછી મહારાજને પલંગમાં પોઢાડવા અને આપણે મહારાજનાં ચરણ ચાંપવાં.

(૩) ત્રીજી માનસી પૂજા બપોરે (મધ્યાહ્ન પછી) ઠાકોરજીના ઉત્થાપન-જગાડવાના સમયની છે. પોતાના ઇષ્ટદેવ યોગનિદ્રામાંથી જાગે ત્યારે મુખ ધોવા શીતળ સુગંધી જળ આપવું, પીવા માટે ઠંડું જળ આપવું અને ત્યારબાદ ફળફળાદિ તેમને ધરાવવાં. વળી, મહારાજ સંત-હરિભક્તો સાથે નદીએ સ્નાન કરવા પધાર્યા છે ને દિવ્ય ક્રીડા કરી સૌને આનંદ કરાવી રહ્યા છે તેમ ચિંતવવું.

(૪) ચોથી માનસી પૂજા સાયં-સંધ્યાની, સાંજે થાય છે. શ્રીજીમહારાજ પોતાનું ધામ અક્ષરબ્રહ્મ તથા અનંત કોટિ મુક્તો સન્મુખ બિરાજી કથારસનું પાન કરાવી રહ્યા છે એવી રીતે ચિંતવન કરવું. સૌ ભક્તો પ્રેમપૂર્વક સાયં આરતી ઉતારે છે. ત્યાર બાદ પૂરી, દૂધ, શાક, અથાણાં વગેરે થાળ અતિશય પ્રેમપૂર્વક ધરાવવો. એ પ્રમાણે ચિંતવન કરવું.

(૫) પાંચમી માનસી પૂજા રાત્રે કથા તથા સ્વાભાવિક ચેષ્ટા થઈ ગયા બાદ શ્રીજીમહારાજને જળપાન કરાવી સુંદર ગાદલું, ઓશિકાં, રજાઈ વગેરે સહિત સુખશય્યાની, પોતાના હૃદયાકાશને વિષે કલ્પના કરી, શ્રીજીમહારાજને તે પલંગમાં પોઢાડવા.

આ પ્રમાણે માનસી પૂજા ત્રણ ઋતુઓ શિયાળો, ઉનાળો અને ચોમાસું તે અનુસાર ભિન્ન

ભિન્ન પ્રકારે ભગવાનની માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિએ સહિત કરવી. તેમાં ઋતુ અનુસાર ભોગ ધરાવવા, વસ્ત્રો ધારણ કરાવવાં ને સેવા કરવી. એવી રીતે માનસી પૂજા કરે તો ભક્તને ભગવાનને વિષે હેત વૃદ્ધિ પામે છે ને તેના જીવને બહુ સમાસ થાય છે.

શ્રીજીમહારાજે વચનામૃત વર. ૫માં કહ્યું છે: "જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમજ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ પ્રસાદીએ કરી માનસી પૂજા કરે.... એવી રીતે ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તે કનિષ્ઠ ભક્ત હોય ને બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે."

આ વચનાનુસાર ભગવાનના ઉત્તમ ભક્ત ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કે વર્તમાનકાળે પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની શ્રીજીમહારાજની સાથે માનસી પૂજા કરવી તે શાસ્ત્રસંમત છે.

૧૫. જનમંગલસ્તોત્રમ્

આ જનમંગલ નામાવલિના - શ્રીજીમહારાજનાં ૧૦૮ નામના - આ સ્તોત્રમંત્રના ઋષિ (રચયિતા) 'શતાનંદ' છે. આ સ્તોત્રમંત્રનો છંદ 'અનુષ્ટુપ' છે. આના દેવતા 'ધર્મનંદન શ્રીહરિ' છે. આનું બીજ 'ધાર્મિક' એવા શ્રીહરિ છે. આની શક્તિ 'બૃહદ્‌વ્રતધર' (નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનાર) એવા શ્રીહરિ છે. આ સ્તોત્રમંત્રનો આશ્રયસ્તંભ 'ભક્તિનંદન' શ્રીહરિ છે. આ સ્તોત્રમંત્રનો વિનિયોગ (ઉપયોગ) ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિ માટેના જપમાં છે.

આ સ્તોત્રમાં ૧ થી ૯ સુધીના શ્રીહરિના દિવ્ય સ્વરૂપને અનુસરતાં નામો છે. ૧૦ થી ૧૬ સુધીનાં ધર્મ-ભક્તિના ઘર વિષે રહી શ્રીહરિએ જે ચરિત્રો કરેલાં તેનાં નામો છે. ૧૭ થી ૪૨ સુધીનાં શ્રીજીમહારાજનાં વનવિચરણની સ્મૃતિ કરાવતાં નામો છે, અને ૪૩ થી ૧૦૮ સુધીનાં શ્રીજીમહારાજે સત્સંગમાં ૨૮ વર્ષ, ૫ માસ અને ૨૭ દિવસ રહી મુમુક્ષુઓ માટે જે કલ્યાણકારી ચરિત્રો કરેલાં તેનાં નામો છે.

ભગવાનનાં આ ૧૦૮ નામોના પાઠની શરૂઆતમાં (પાઠ કરનારે) કરવાનું સ્વરૂપધ્યાન કહે છે: "નૈષ્ઠિક વર્ણીવરના જેવા વેષથી પણ અતિ રમણીય દર્શન જેમનું છે, મંદહાસ વડે, મધુર મુખારવિંદ જેમનું છે, શ્રેષ્ઠ દેવો અને મનુષ્યોએ હર્ષપૂર્વક ચંદન, પુષ્પાદિ વડે પૂજા કરેલા એવા ધર્મનંદન શ્રીહરિનું હું ધ્યાન કરું છું." (આ રીતે ધ્યાન કરીને આ સ્તોત્રનો પાઠ કરવો.)

ૐ શ્રીકૃષ્ણાય નમઃ	૧
શ્રીકૃષ્ણને નમન. 'શ્રી' કહેતા અક્ષર જે ગુણાતીતાનંદ સ્વામી અને 'કૃષ્ણ' કહેતાં પુરુષોત્તમ જે સહજાનંદ સ્વામી તેમને નમન એટલે અક્ષર સહ પુરુષોત્તમને નમન.	
ૐ શ્રીવાસુદેવાય નમઃ	૨
'શ્રી'-ભક્તે યુક્ત 'વાસુદેવ'-ભગવાન.	
ૐ શ્રીનરનારાયણાય નમઃ	૩
'નર'-ભક્તે યુક્ત 'નારાયણ'-ભગવાન.	
ૐ શ્રીપ્રભવે નમઃ	૪
સકલ્પથી જ સર્વ કાર્ય કરવા સમર્થ એવા પ્રભુ.	
ૐ શ્રીભક્તિધર્માત્મજાય નમઃ	૫
ભક્તિધર્મના પુત્રરૂપે પ્રગટ થયેલા.	
ૐ શ્રીઅજન્મને નમઃ	૬
પ્રાકૃત જીવોની પેઠે કર્માધીનપણે જન્મ નહિ હોવાથી અજન્મા.	
ૐ શ્રીકૃષ્ણાય નમઃ	૭
અતિ સુદર મેઘશ્યામ દિવ્ય વિગ્રહવાળા, સર્વના ચિત્તને પોતાના વિષે આકર્ષણ કરે છે અને ચૈત્ર માસમાં જન્મ છે માટે કૃષ્ણ.	
ૐ શ્રીનારાયણાય નમઃ	૮
નર કહેતા ભક્તના આશ્રયરૂપ, રામાનદ સ્વામીએ પાડેલું 'નારાયણ મુનિ' એવું નામ.	
ૐ શ્રીહરયે નમઃ	૯
બ્રહ્માદિ સર્વને વશમા રાખે છે, આશ્રિતના દુઃખને હરે છે માટે હરિ.	

ॐ श्रीहरिकृष्णाय नमः १०

હરિ કહેતા ચિત્તને હરનારા અને કૃષ્ણ કહેતા અસુરોનો નાશ કરનારા - માર્કંડેય મુનિએ પાડેલું નામ.

ॐ श्रीघनश्यामाय नमः ११

ઘનસમાન શ્યામ હોવાથી, બાળપણનુ નામ.

ॐ श्रीधार्मिकाय नमः १२

બાલ્યવયમા પણ ધર્મનુ અનુકરણ કરનારા, ધર્મના પુત્ર.

ॐ श्रीभक्तिनन्दनाय नमः १३

ભક્તિદેવીને પુત્રરૂપે આનદ આપનારા.

ॐ श्रीबृहद्व्रतधराय नमः १४

બૃહદ્વ્રત જે નૈષ્ઠિક બ્રહ્મચર્ય તેને ધારણ કરનારા.

ॐ श्रीशुद्धाय नमः १५

સ્વય શુદ્ધ-નિર્દોષ હોઈને પોતાના આશ્રિતને શુદ્ધ કરનારા.

ॐ श्रीराधाकृष्णेष्टदैवताय नमः १६

ભક્તે સહિત ભગવાન એવા શ્રીહરિને ઇષ્ટદેવ તરીકે આશ્રિતોએ માનેલા.

ॐ श्रीमरुत्सुतप्रियाय नमः १७

વાયુપુત્ર હનુમાનજીને અતિપ્રિય.

ॐ श्रीकालीभैरवाद्यतिभीषणाय नमः १८

સ્વય સૌમ્યમૂર્તિ છે પણ પોતાને હણવા ઇચ્છતા કાલીભૈરવાદિકને તો અતિ ભયંકર દેખાતા.

ॐ श्रीजितेन्द्रियाय नमः १९

પોતાને ઇન્દ્રિયો વશ હોઇને બીજાઓને પણ ઇન્દ્રિયો વશ કરી આપનારા.

ॐ श्रीजिताहाराय नमः २०

પોતાને રસના વશ હોઇને બીજાઓને પણ રસના વશ કરી આપનારા.

ॐ श्रीतीव्रवैराग्याय नमः २१

તીવ્ર વૈરાગ્યવાળા.

ॐ श्रीआस्तिकाय नमः २२

મુમુક્ષુઓને ભગવાનમા વિશ્વાસ કરાવનારા.

ॐ श्रीयोगेश्वराय नमः २३

યોગીઓના ઇશ્વર - તેમણે ધ્યેયપણે માનેલા અથવા તેમને અભીષ્ટ ફળ આપનારા.

ॐ श्रीयोगकलाप्रवृत्तये नमः २४

યોગ(યમ-નિયમાદિ)ના અભ્યાસ વિના કેવળ કૃપાથી પોતાના ભક્તોમાં યોગની કળાઓને પ્રવર્તાવનારા.

ॐ श्रीअतिधैर्यवते नमः २५

ચિત્તમા વિકાર નહિ પામનારા.

ॐ श्रीज्ञानिने नमः २६

જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપોને યથાર્થપણે સ્વાનુભવથી નિરૂપણ કરનારા.

ॐ श्रीपरमहंसाय नमः २७

પરમહસ કહેતા મહાયોગીપણે તપસ્વીઓએ જાણેલા.

ॐ श्रीतीर्थकृते नमः २८

તીર્થોમા સ્નાનાદિ તીર્થવિધિને આચરીને તીર્થોમે તીર્થત્વ આપનાર.

ॐ श्रीतैर्थिकार्चिताय नमः २९

તીર્થવાસી મુનિઓએ આદરપૂર્વક પૂજેલા.

ॐ श्रीक्षमानिधये नमः ३०

પરના અપરાધના સહન કરવાવાળા, ક્ષમાના સમુદ્ર.

ॐ श्रीसदोन्निद्राय नमः ३१

નિરતર નિદ્રાએ રહિત.

ॐ श्रीध्याननिष्ठाय नमः ३२

સ્વસ્વરૂપના ધ્યાનમા જ નિરતર સ્થિતિવાળા.

ॐ श्रीतपःप्रियाय नमः ३३

સ્વય તપ આચરનારા અને આશ્રિતોને તપનો ઉપદેશ કરનારા.

ॐ श्रीसिद्धेश्वराय नमः ३४

યોગ, તપ અને જ્ઞાનમા સિદ્ધ સત્પુરુષોના ઈશ્વર.

ॐ श्रीस्वतन्त्राय नमः ३५

અન્ય અધિપતિ નહિ હોવાથી સ્વતત્ર.

ॐ श्रीब्रह्मविद्याप्रवर्तकाय नमः ३६

આશ્રિતોમા બ્રહ્મવિદ્યા પ્રવર્તાવનારા.

ॐ श्रीपाषण्डोच्छेदनपटवे नमः ३७

વેદવિરુદ્ધ મતવાદીઓનુ ખડન કરવામા અતિ ચતુર.

ॐ श्रीस्वस्वरूपाचलस्थितये नमः ३८

સ્વસ્વરૂપમા અચળ સ્થિતિવાળા.

ॐ श्रीप्रशान्तमूर्तये नमः ३९

દર્શનમાત્રથી આશ્રિતોને અતિશય શાતિ આપનારી મૂર્તિ જેમની છે.

ॐ श्रीनिर्दोषाय नमः ४०

દભલોભાદિ સમગ્ર હેય (ત્યાજ્ય) દોષે રહિત.

ॐ श्रीअसुरगुर्वादिमोहनाय नमः ४१

અસુરગુરુઓને મોહ ઉપજાવનારા.

ॐ श्रीअतिकारुण्यनयनाय नमः ४२

અકારણ કરુણાથી પરિપૂર્ણ નેત્રકમળ જેમના છે.

ॐ श्रीउद्धवाध्वप्रवर्तकाय नमः ४३

ઉદ્ધવના અવતાર શ્રી રામાનદ સ્વામીએ પ્રવર્તાવેલા સંપ્રદાયને વિશેષ પ્રવર્તાવનારા.

ૐ શ્રીમહાવ્રતાય નમઃ ૪૪

અસાધ્ય કૃચ્છાદિ વ્રતોને વારવાર કરનારા અથવા અહિંસાદિ પાંચ મહાવ્રતોને ધારી રહેલા.

ૐ શ્રીસાધુશીલાય નમઃ ૪૫

લોક અને શાસ્ત્રમા મળતુ એવુ શ્રેષ્ઠ શીલસ્વાભાવિક આચરણ જેમનું છે.

ૐ શ્રીસાધુવિપ્રપ્રપૂજકાય નમઃ ૪૬

સાધુ-બ્રાહ્મણોને આદરપૂર્વક પૂજનારા અને બીજા દ્વારા પૂજાવનારા.

ૐ શ્રીઅહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ ૪૭

અહિંસામય યજ્ઞને સ્થાપન કરનારા.

ૐ શ્રીસાકારબ્રહ્મવર્ણનાય નમઃ ૪૮

બ્રહ્મ-પરબ્રહ્મના દિવ્ય વિગ્રહપણાને - સાકાર સ્વરૂપને સ્થાપન કરનારા.

ૐ શ્રીસ્વામિનારાયણાય નમઃ ૪૯

સ્વામી કહેતા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનદ સ્વામી અને નારાયણ કહેતાં જીવ, ઈશ્વર, માયા અને અક્ષરબ્રહ્મના નિયંતા - એટલે સ્વામીએ સહિત નારાયણ.

ૐ શ્રીસ્વામિને નમઃ ૫૦

સ્વામી કહેતા સર્વ ઐશ્વર્યસપન્ન.

ૐ શ્રીકાલદોષનિવારકાય નમઃ ૫૧

લોભદભાદિ દોષો આશ્રિતોના હૃદયમાથી કાઢનારા.

ૐ શ્રીસચ્છાસ્ત્રવ્યસનાય નમઃ ૫૨

આઠ સત્શાસ્ત્રોના શ્રવણાદિકમા વ્યસની.

ૐ શ્રીસદ્યઃસમાધિસ્થિતિકારકાય નમઃ ૫૩

સદ્યઃ એટલે યમાદિ સાધનસપત્તિ વિના પણ પોતાના ઐશ્વર્યથી જ સમાધિ કરાવનારા.

ૐ શ્રીકૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ ૫૪

ભગવત્ પ્રતિમાઓની મદિરોમા પ્રતિષ્ઠા કરનારા.

ૐ શ્રીકૌલદ્વિષે નમઃ ૫૫

કૌલમત કહેતા શાક્ત-વામમાર્ગનુ ખડન કરનારા.

ૐ શ્રીકલિતારકાય નમઃ ૫૬

કળીબળ થકી ઉદ્ધાર કરનારા.

ૐ શ્રીપ્રકાશરૂપાય નમઃ ૫૭

અક્ષરબ્રહ્મપુર ધામમા સદા દિવ્યરૂપથી વિરાજમાન.

ૐ શ્રીનિર્દમ્ભાય નમઃ ૫૮

દભ રહિત.

ૐ શ્રીસર્વજીવહિતાવહાય નમઃ ૫૯

શત્રુમિત્રાદિ ભેદબુદ્ધિ વિના સર્વ કોઈ જીવોના ઐહિક-પારલૌકિક હિતનું ચિંતન કરનારા.

ૐ શ્રીભક્તિસમ્પોષકાય નમઃ ૬૦

નવધાભક્તિનુ રૂડી રીતે પોષણ કરનારા.

ॐ श्रीवाग्मिने नमः ६१
વેદપ્રણીત સત્ય, પ્રિય અને હિતકર વાણી વદનારા.
ॐ श्रीचतुर्वर्गफलप्रदाय नमः ६२
ધર્મ, અર્થ, કામ અને મોક્ષ – આ ચાર પુરુષાર્થને પોતે જ આપનારા.
ॐ श्रीनिर्मत्सराय नमः ६३
બીજાના ઉત્કર્ષને સાભળીને કે દેખીને રાજી થનારા.
ॐ श्रीभक्तवर्मणे नमः ६४
કવચની પેઠે ભક્તોથી વીંટળાયેલા તેમજ ભક્તોને કવચની પેઠે ચોમેરથી રક્ષણ આપનારા.
ॐ श्रीबुद्धिदात्रे नमः ६५
પોતાની પ્રાપ્તિમા ઉપયોગી બુદ્ધિને આપનારા.
ॐ श्रीअतिपावनाय नमः ६६
અતિશય પાવન કરનારા.
ॐ श्रीअबुद्धिहृते नमः ६७
અજ્ઞાનને હરનારા.
ॐ श्रीब्रह्मधामदर्शकाय नमः ६८
સાકારરૂપે પોતાની સેવામા રહેલા અને ધામરૂપે અક્ષરમુક્તોને ધરી રહેલા એવા અક્ષરબ્રહ્મને ઓળખાવનારા.
ॐ श्रीअपराजिताय नमः ६९
પરાજય નહિ પામેલા અથવા અનન્ય-ભક્તોથી સર્વતઃ પ્રેમથી વશ કરી લીધેલા.
ॐ श्रीआसमुद्रान्तसत्कीर्तये नमः ७०
સમુદ્ર પાર પ્રસરી છે શ્રેયઃકારી કીર્તિ જેમની.
ॐ श्रीश्रितसंसृतिमोचनाय नमः ७१
પોતાના આશ્રિતને કૃપાબળથી, જન્મ-મરણરૂપ સસૃતિ થકી મુક્ત કરનારા.
ॐ श्रीउदाराय नमः ७२
દાનશૂર એટલે તત્ક્ષણ દાતા અને બહુદાતા.
ॐ श्रीसहजानन्दाय नमः ७३
સહજ-સ્વભાવસિદ્ધ નિરતિશય આનદ જેમને છે અથવા સાધુજનોને આનંદ આપનારા.
ॐ श्रीसाध्वीधर्मप्रवर्तकाय नमः ७४
પતિવ્રતા સ્ત્રીઓના ધર્મને પ્રવર્તાવનારા.
ॐ श्रीकन्दर्पदर्पदलनाय नमः ७५
કામદેવના ગર્વનો તત્કાળ નાશ કરનારા.
ॐ श्रीवैष्णवक्रतुकारकाय नमः ७६
વૈષ્ણવ, અહિંસામય યજ્ઞોને યથાવિધિ કરાવનારા.
ॐ श्रीपञ्चायतनसम्मानाय नमः ७७
વિષ્ણુપ્રધાન પચાયતન દેવને પૂજ્યપણે પ્રતિપાદન કરનારા.

ૐ શ્રીનૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ ૭૮

આજીવન અષ્ટાંગ બ્રહ્મચર્યરૂપ વ્રતને પોષણ કરનારા.

ૐ શ્રીપ્રગલ્ભાય નમઃ ૭૯

વિવાદમાં સંકોચને નહિ પામનારા અથવા અતિ ઉત્સાહવાળા.

ૐ શ્રીનિઃસ્પૃહાય નમઃ ૮૦

વિષયપ્રાપ્તિની ઇચ્છાએ રહિત.

ૐ શ્રીસત્યપ્રતિજ્ઞાય નમઃ ૮૧

કરેલી પ્રતિજ્ઞાને કદાપિ મિથ્યા નહિ કરનારા.

ૐ શ્રીભક્તવત્સલાય નમઃ ૮૨

અનન્ય ભક્તોને વિષે અતિ પ્રીતિવાળા અથવા ભક્તોને અતિપ્રિય એવા.

ૐ શ્રીઅરોષણાય નમઃ ૮૩

અપકારી ઉપર પણ રોષ નહિ કરનારા.

ૐ શ્રીદીર્ઘદર્શિને નમઃ ૮૪

સર્વ કાર્યોમાં પૂર્વાપરનું અનુસંધાન રાખનારા.

ૐ શ્રીષડૂર્મિવિજયક્ષમાય નમઃ ૮૫

શોક, મોહ, ક્ષુધા, તૃષા, જરા અને મૃત્યુ આ ૬ ઊર્મિઓના વિશેષપણે જયમાં સમર્થ.

ૐ શ્રીનિરહઙ્કૃતયે નમઃ ૮૬

ભક્તો આગળ માને રહિત અથવા દેહદૈહિકમાં અભિમાને રહિત.

ૐ શ્રીઅદ્રોહાય નમઃ ૮૭

કોઈ વિષે દ્રોહવૃત્તિ નહિ રાખનારા.

ૐ શ્રીઋજવે નમઃ ૮૮

સરળ સ્વભાવવાળા.

ૐ શ્રીસર્વોપકારકાય નમઃ ૮૯

પ્રત્યુપકાર(બદલા)ની અપેક્ષા રહિત સર્વ ઉપર યથાયોગ્ય ઉપકાર કરવાવાળા.

ૐ શ્રીનિયામકાય નમઃ ૯૦

આશ્રિતજનોને પોતાના વશમાં રાખનારા.

ૐ શ્રીઉપશમસ્થિતયે નમઃ ૯૧

ઇન્દ્રિયવૃત્તિઓની ઉપરતિમાં સદા સ્થિતિવાળા.

ૐ શ્રીવિનયવતે નમઃ ૯૨

સ્વભાવસિદ્ધ વિનયગુણશાળી.

ૐ શ્રીગુરવે નમઃ ૯૩

સર્વના અજ્ઞાનને હરનારા.

ૐ શ્રીઅજાતવૈરિણે નમઃ ૯૪

જેના મનમાં કોઈ શત્રુ જ નથી.

ૐ શ્રીનિર્લોભાય નમઃ ૯૫

પદાર્થના સંગ્રહલોભે રહિત.

ૐ શ્રીમહાપુરુષાય નમઃ ૯૬

મહાપુરુષના બત્રીશ લક્ષણોએ યુક્ત.

ૐ શ્રીઆત્મદાય નમઃ ૯૭

એકાંતિક ભક્તોને સ્વાત્મા પણ આપી દેનારા અથવા ભક્તોને આધીન જેમની ક્રિયા છે.

ૐ શ્રીઅખણ્ડિતાર્ષમર્યાદાય નમઃ ૯૮

ઋષિઓએ સ્મૃતિઓમા બાંધેલી ધર્મમર્યાદાને ખંડિત નહિ થવા દેનારા.

ૐ શ્રીવ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ ૯૯

વ્યાસમુનિના સિદ્ધાંતને પ્રકાશ કરનારા.

ૐ શ્રીમનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ ૧૦૦

મનના નિગ્રહની યુક્તિઓ સ્વાશ્રિતોને શીખવનારા.

ૐ શ્રીયમદૂતવિમોચકાય નમઃ ૧૦૧

યમદૂતોને દૂર કરીને આશ્રિતોને પોતાના પ્રતાપથી જ સ્વધામ પ્રતિ પહોંચાડનારા.

ૐ શ્રીપૂર્ણકામાય નમઃ ૧૦૨

સંપૂર્ણ છે સર્વ સંકલ્પો જેના; ભક્તોના દુર્લભ મનોરથો પૂર્ણ કરવાવાળા.

ૐ શ્રીસત્યવાદિને નમઃ ૧૦૩

સત્ય જ બોલવાના સ્વભાવવાળા.

ૐ શ્રીગુણગ્રાહિણે નમઃ ૧૦૪

સર્વ જીવોના દોષોને નહિ ગણીને તેમના એક પણ ગુણને પ્રધાનપણે ગ્રહણ કરવાવાળા.

ૐ શ્રીગતસ્મયાય નમઃ ૧૦૫

ગર્વ રહિત.

ૐ શ્રીસદાચારપ્રિયતરાય નમઃ ૧૦૬

સદાચાર જેમને અતિ પ્રિય છે.

ૐ શ્રીપુણ્યશ્રવણકીર્તનાય નમઃ ૧૦૭

જેમનુ કથારૂપી શ્રવણ અને ચરિત્રરૂપી કીર્તન પાવનકારી છે.

ૐ શ્રીસર્વમઙ્ગલસદ્રૂપનાનાગુણવિચેષ્ટિતાય નમઃ ૧૦૮

જેમની દિવ્ય મૂર્તિ, દિવ્ય ગુણો અને દિવ્ય ચરિત્રો સર્વ પ્રાણીઓનું કલ્યાણ કરનારાં છે.

૧૬. જેઠા મેર

અનંત જીવોને પોતાના સંબંધમાત્રથી અક્ષરધામના અધિકારી બનાવવા શ્રીજીમહારાજ રાત-દિન ગામોગામ વિચરણ કરી, સૌ ભક્તોના લાડકોડ પૂરા કરતા.

એક વખત શ્રીજીમહારાજ મઢડામાં જેઠા મેર નામના એક ભક્તના ઘરે પધાર્યા. જેઠા મેરે તથા તેમની પત્નીએ શ્રીજીમહારાજને આવકાર આપ્યો. ઓસરીમાં આસન કરાવીને વિપ્ર પાસે રસોઈ કરાવી મહારાજને જમાડ્યા. એક ઓરડામાં તેમની સ્ત્રી બેઠી હતી અને બીજા ઓરડામાં જેઠા મેર બેઠા હતા. શ્રીજીમહારાજે બંનેને પાસે બોલાવ્યાં. ત્યારે જેઠા મેરે કહ્યું, "અમે છેડા વર્તમાન પાળીએ છીએ, તેથી એક ઓરડામાં સૂતાં-બેસતાં નથી."

શ્રીજીમહારાજ બોલ્યા, "તમારું એ વ્રત આજથી પૂરું થયું." એમ કહી ઓસરીમાં બિરાજી થોડી ઉપદેશની વાતો કરી પોઢી ગયા.

તે વખતે જેઠા મેરે તેમની સ્ત્રીને કહ્યું, "આ શ્રીજીમહારાજના મુખ ઉપરથી અતિશય તેજ ઝરે છે, વાણીમાં અમૃત વરસે છે ને આપણા મનની વૃત્તિઓ તેમના વિષે ખેંચાય છે. આપણને ઘેર બેઠાં દર્શન દીધાં તે આપણાં બહુ જ મોટાં ભાગ્ય કહેવાય."

આ પ્રમાણે ચિંતવન કરતાં હતાં ત્યાં જેઠા મેરને મોટું આશ્ચર્ય દેખાયું. શિવ, બ્રહ્મા, ઇન્દ્રાદિક દેવતાઓ ત્યાં દેખાયા તથા લક્ષ્મી, પાર્વતી વગેરે અનેક શક્તિઓ પણ દેખાઈ. કોઈ શ્રીજીમહારાજને થાળ જમાડે છે, કોઈ જળપાન કરાવે છે, કોઈ સ્તુતિ કરે છે, કોઈ આરતી ઉતારે છે એમ અતિ અલૌકિક ચરિત્ર દેખાયું. તે સમે બ્રહ્મા જેઠા મેર પ્રત્યે બોલ્યા, "હે જેઠા મેર! તમો અને તમારી સ્ત્રી બંને ધન્ય થયાં છો. તમોને જન્મ આપનાર માતા-પિતાને પણ ધન્ય છે. તમોએ ઘણા જન્મ સુધી તપ કર્યું અને અખંડ બ્રહ્મચર્યવ્રત પાળ્યું છે, તેનું ફળ તમોને આજે મળ્યું છે."

ત્યારે વળી જેઠા મેરે પૂછ્યું, "હે બ્રહ્માદિ દેવો! અમે કયા યુગમાં બ્રહ્મચર્ય પાળ્યું તથા તપ કર્યું હશે?"

ત્યારે બ્રહ્માદિ દેવો બોલ્યા, "કૃતયુગથી તમે બંને અખંડ બ્રહ્મચર્યવ્રત પાળો છો. તેથી પ્રસન્ન થઈ પ્રગટ ભગવાન તમારે ત્યાં પધાર્યા છે." એમ કહી બ્રહ્માદિક દેવો મહારાજને નમસ્કાર કરી અંતર્ધાન થઈ ગયા.

મોટા મોટા શિવ-બ્રહ્માદિ દેવો પણ જે કામને જીતીને વશ કરી શક્યા નહિ તે કામને જીતીને જેઠા મેરે વશ કર્યો હતો. તેથી શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા. તેમ આપણને આજે સંત દ્વારા પ્રગટ ભગવાનની પ્રાપ્તિ થઈ છે, તે આપણાં બહુ મોટાં ભાગ્ય છે એમ સમજી, અખંડ આનંદમાં રહી, નિયમ-ધર્મની મર્યાદામાં રહી શ્રીજીમહારાજનું ભજન કરવું.

૧૭. કૃપાનંદ સ્વામી

"આ દેહે કરીને મારે તો ભગવાન ભજી લેવા છે."

"મારે પણ સંસારમાં રહેવું નથી. આ જન્મમાં હવે પંચવિષય ભોગવવા નથી." બીજાએ પણ પોતાનો આશય પ્રગટ કર્યો.

પૂર્વ દેશમાં કનોજના બે બ્રાહ્મણ-મુમુક્ષુઓ ઉપર પ્રમાણે વાત કરી રહ્યા હતા. ભગવાન ભજવાની તીવ્ર ઇચ્છાવાળા તેઓ બંને જગન્નાથપુરી ગયા. મંદિર સાફ કરે, ઠાકોરજી માટે પાણી ભરી લાવે, પુષ્પો ચૂંટી લાવી હાર બનાવે, ચંદન ઘસે વગેરે સેવા-પૂજામાં પોતાનું જીવન વિતાવવા લાગ્યા. સેવા કરવાથી જરૂર ભગવાન દર્શન દેશે એવી ઇચ્છાથી સેવા કરતાં કરતાં કેટલાંક વરસો વીતી ગયાં.

જગન્નાથપુરીમાં વર્ણીરૂપે મહારાજ પાસે સેવા કરાવવા જતાં વૈરાગીઓને ક્લેશ થયો ને પરસ્પર યુદ્ધ થતાં ઘણા ભેખધારી બાવાઓ મરણને શરણ થયા.

વર્ણી તો આગળ ચાલી નીકળ્યા પરંતુ ખપવાળા આ બે બ્રાહ્મણો પણ વૈરાગીઓમાં પરસ્પર ક્લેશ જોઈ ઉદાસ થઈ ચાલી નીકળ્યા.

ઘણાં તીર્થો ફર્યા પણ ક્યાંય મન સ્થિર થયું નહિ. છેલ્લે દ્વારકા જતાં ભુજ આવ્યા. તે સમયે ભગવાનજીભાઈને ઘેર મહારાજ સદાવ્રત આપતા હતા. જગન્નાથપુરીમાં જે નીલકંઠ વર્ણીને જોયા હતા તે જ મનોહર મૂર્તિ મહારાજને જોતાં તેમના અંતરમાં પરમ શાંતિ થઈ ગઈ.

શ્રીજીમહારાજે પૂછ્યું, "તમે કોણ છો? ક્યાંથી આવો છો ને ક્યાં જવું છે?"

"અમે જગન્નાથપુરીથી આવીએ છીએ અને દ્વારકા દર્શન કરવા જવું હતું. પણ આપનાં દર્શનથી અપાર શાંતિ થઈ છે, તેથી અહીં જ દ્વારકા તીર્થ થઈ ગયું. હવે દ્વારકા જવું નથી. હવે તમારી સેવામાં રહેવું છે. માટે અમોને દીક્ષા આપો."

"તમે શું સમજીને રહેશો?" મહારાજે પૂછ્યું.

"તમે ભગવાન છો ને તમારાં ચરણમાં અડસઠ તીર્થ સમાયાં છે. તમો જગન્નાથપુરીમાં વર્ણી વેશે રહ્યા હતા, પણ તે વખતે અમે તમને ઓળખી શક્યા નહિ. પણ તમારી પાસે જ કલ્યાણ છે એવી અમોને પ્રતીતિ થઇ છે."

શ્રીજીમહારાજે રાજી થઈ તે બંનેને દીક્ષા આપી. તેમાંના એકનું નામ કૃપાનંદ સ્વામી.

કૃપાનંદ સ્વામીને શ્રીજીમહારાજને વિષે એવું અસાધારણ હેત હતું કે જ્યારે છૂટા પડવાનો પ્રસંગ આવે ત્યારે મહારાજના વિરહથી તેમના રૂંવાડે રૂંવાડે લોહીના ટશિયા ફૂટતા, આખું શરીર લોહીવાળું થઈ જતું.

એક વખત અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ તેમને કહ્યું, "તમને છૂટા પડતાં આટલું દુઃખ થાય છે, તો નાજા જોગિયા સાથે કહેવરાવો તો મહારાજ તમને પાસે રાખે."

કૃપાનંદ સ્વામીએ તરત જ કહ્યું, "મહારાજ કાંઈ જાણતા નથી, અંતર્યામી પણ નથી, એમ માનું ને હું કુસંગી થાઉં તો મહારાજને કહેવરાવું."

આવી ઉચ્ચ સમજણની સ્થિતિવાળા તેઓ હતા. તેમનો મત જ્ઞાની થવું પણ પ્રેમી ન થવું, કારણ જ્ઞાન વિનાનો પ્રેમ હોય તો અનેક વિઘ્નો આવે છે.

આવા પ્રથમ પંક્તિના સંત હોવા છતાં તેઓ શ્રીજીમહારાજની નાનામાં નાની આજ્ઞા પરિપૂર્ણ

પાળતા. તેમણે એવો નિર્ણય કરી રાખ્યો હતો કે ગળામાં ઊની કોશ ઘાલે અને જેવું દુઃખ થાય તેવું દુઃખ મહારાજની આજ્ઞા લોપવાથી થવું જોઈએ. તેમને પંચવિષયની અતિશય અરુચિ હતી. દેહનો સંપૂર્ણ અનાદર હતો. તેથી આ લોકના કોઈ પદાર્થ તેમને બંધન કરી શકતા ન હતા.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, "બીજાને તો પદાર્થે કરીને રાજી કરીએ પણ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી કોઈ રીતે પદાર્થે કરીને રાજી ન થાય. તેમની આગળ તો દીન થઈએ તો જ જિતાય."

આવો ઉચ્ચ અભિપ્રાય સ્વામીને કૃપાનંદ સ્વામી માટે હતો, કારણ કે ગુણાતીતાનંદ સ્વામી કૃપાનંદ સ્વામીના મંડળમાં ઘણું રહ્યા હતા ને તેમની સેવા કરી હતી. સેવા કરે, કીર્તનો બોલે, કથાવાર્તા કરે તેણે કરીને તેમણે કૃપાનંદ સ્વામીની અપાર પ્રસન્નતા સંપાદન કરી હતી.

ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, "બધાના મંડળમાં પોલ નભે પણ કૃપાનંદ સ્વામીના મંડળમાં પોલ નભે નહિ." કારણ કે કૃપાનંદ સ્વામી એવો ખટકો રાખી સૌને વર્તાવતા. દર અઠવાડિયે સાધુની ઝોળીઓ તપાસતા. તેથી તેમના મંડળમાં સૌને સહેજે જ નિયમ-ધર્મની દૃઢતા રહેતી.

એક વાર કૃપાનંદ સ્વામીને સર્પ કરડી ગયો. તરત તેમણે કહ્યું, "બીજી કોઈ દવા કરાવવી નથી. પણ સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરો." તેમણે એવું ભજન કર્યું કે સર્પનું ઝેર ઊતરી ગયું, પણ ઝેર ઉતારનારને બોલાવ્યો નહિ. તેમને સ્વામિનારાયણ નામને વિષે એવી અચળ શ્રદ્ધા હતી.

કૃપાનંદ સ્વામી સમાધિ વિના પણ સ્મૃતિથી, ધ્યાનથી, જ્ઞાનથી મહારાજના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખતા.

આવા સંતનો સતત સમાગમ કરીએ તો શ્રીજીમહારાજનો હૃદગત અભિપ્રાય જાણી શકાય.

૧૮. વચનામૃત

ગઢડા પ્રથમ પ્રકરણ ૨૨

સ્મૃતિ વિના ગાયું તે ન ગાયા જેવું - એકડાનું

સંવત ૧૮૭૬ના પોષ સુદિ ચોથને દિવસ મધ્યાહ્ન સમે શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં ને પાઘને વિષે ફૂલનો તોરો ખોસ્યો હતો ને બે કાન ઉપર પુષ્પના ગુચ્છ ધાર્યા હતા ને કંઠમાં ગુલદાવદીનાં પુષ્પનો હાર પહેર્યો હતો ને ઉગમણે મુખારવિંદે વિરાજતા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઇને બેઠી હતી અને પરમહંસ કીર્તન ગાતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “સાંભળો, એક વાત કરીએ.” ત્યારે સર્વ પરમહંસ ગાવવું રાખીને વાત સાંભળવા તત્પર થયા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “મૃદંગ, સારંગી, સરોદા, તાલ ઇત્યાદિક વાજિંત્ર વજાડીને કીર્તન ગાવવાં તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે તો ગાયું તે ન ગાયા જેવું છે. અને ભગવાનને વિસારીને તો જગતમાં કેટલાક જીવ ગાય છે તથા વાજિંત્ર વજાડે છે, પણ તેણે કરીને તેના મનમાં શાંતિ આવતી નથી. તે માટે ભગવાનનાં કીર્તન ગાવવાં તથા નામ-રટન કરવું તથા નારાયણ-ધુન્ય કરવી ઇત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું. અને ભજન કરવા બેસે ત્યારે તો ભગવાનને વિષે વૃત્તિ રાખે અને જ્યારે ભજનમાંથી ઊઠીને બીજી ક્રિયાને કરે ત્યારે જો ભગવાનમાં વૃત્તિ ન રાખે, તો તેની વૃત્તિ ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય નહિ. માટે હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય. અને જેને ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે તેને તો કામકાજ કરતે પણ રહે અને જેને ગાફલાઈ હોય તેને તો ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનમાં વૃત્તિ ન રહે. તે માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ભગવાનના ભક્તને કરવો.” એટલી વાત કરીને શ્રીજીમહારાજ બોલ્યા જે, હવે કીર્તન ગાઓ. ॥ઇતિ વચનામૃતમ્॥

નિરૂપણ

શ્રીજીમહારાજ કહે છે: કીર્તન ગાવવાં, ભજન કરવું, ધૂન તથા નામરટણ કરવું તેમાં ભગવાનની સ્મૃતિ રાખીને કરવું. ભગવાનની સ્મૃતિ વિના ગાઇએ તો કદાચિત્ બાહ્ય આનંદ આવે, પણ શાંતિ ન થાય. માટે સ્મૃતિ સહિત ક્રિયા કરીએ તેમાંથી શાંતિ અને સુખ બંને મળે છે.

માત્ર ભજન કરીએ ત્યારે જ ભગવાનનું અનુસંધાન રાખવું તેમ નથી, જીવનની દરેક ક્રિયા કરતાં કરતાં ભગવાનમાં વૃત્તિ રાખવાનો પ્રયત્ન રાખવો. ભગવાનની સ્મૃતિ વિના જે જે ક્રિયા કરીએ તે બંધનરૂપ થાય છે. વળી, બીજી ક્રિયા કરતી વખતે ભગવાનનું અનુસંધાન ન રહે તો ભજનમાં બેસીએ ત્યારે પણ વૃત્તિ સ્થિર ન થાય ને ભજનમાં બેઠા છતાં પંચવિષયના કે જગત-વ્યવહારના સંકલ્પ થયા કરે અને ભજનનું સુખ પણ આવે નહિ. તેથી જ શ્રીજીમહારાજ આપણને આગ્રહપૂર્વક કહે છે કે બધી ક્રિયા ભગવાનને સંભારીને જ કરવી.

ભગવાનને સંભારવા જઈએ તો ક્રિયા કેવી રીતે થાય? એ શંકા કદાચ થાય, પણ જેમ માછલી પાણીમાં રહેવા છતાં ક્રિયા કરે છે તેવી રીતે ‘શુભાશુભ ફળની ઇચ્છા રાખ્યા વિના

ઇષ્ટદેવની પ્રસન્નતા અર્થે હું આ ક્રિયા કરું છું,' એવું અનુસંધાન રહે એ અખંડ સ્મૃતિ જ છે. આ પ્રમાણે કરવામાં મુશ્કેલી જણાય, પણ ભગવાન અને સંતની કૃપાથી અને સતત અભ્યાસથી ભજન કરતાં કરતાં ક્રિયા કરવાની ટેવ પડે છે.

ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪

ભાગવત ધર્મના પોષણનું - મોક્ષના દ્વારનું

સંવત ૧૮૭૬ના મહા વદિ એકાદશીને દિવસે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ આથમણે દ્વાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને જરિયાન છેડાવાળો કસુંબલ રેંટો ઓઢ્યો હતો અને આસમાની રંગનો જરિયાની રેશમનો ફેંટો માથે બાંધ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ! શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધમાં જનક રાજા અને નવ યોગેશ્વરના સંવાદે કરીને કહ્યા જે ભાગવતધર્મ તેનું જે પોષણ તે કેમ થાય? અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે ઉઘાડું કેમ થાય?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવતધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે. તે કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે,

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

"જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે."

પછી શુકમુનિએ પૂછ્યું જે, "ગમે તેવો આપત્કાળ પડે ને પોતાના ધર્મમાંથી ન ખસે તે કયે લક્ષણે કરીને ઓળખાય?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને પરમેશ્વરના વચનની ખટક રહે અને નાનું-મોટું વચન લોપી શકે નહિ એવી રીતનો જેનો સ્વભાવ હોય, તેને ગમે તેવો આપતકાળ આવે તોય પણ એ ધર્મ થકી પડે જ નહિ. માટે જેને વચનમાં દૃઢતા છે તેનો જ ધર્મ દૃઢ રહે અને તેનો જ સત્સંગ પણ દૃઢ રહે." ॥ઇતિ વચનામૃતમ્॥

નિરૂપણ

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેણે યુક્ત જે ધર્મ તેને એકાંતિક ધર્મ કહે છે અથવા ભાગવતધર્મ પણ કહે છે. આવો જે ભાગવતધર્મ તે હંમેશાં પૃથ્વી ઉપર ભગવાનને આશરીને રહેલો હોય છે. જ્યારે યોગેશ્વર એવા શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધાન થયા ત્યાર પછી ધર્મ કેને શરણે રહ્યો? – શ્રીમદ્‌ભાગવતમાં આ સંવાદ ચાલી રહ્યો છે, તેના અનુસંધાનમાં મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "આ ભાગવતધર્મનું પોષણ કેમ થાય?" અર્થાત્ ભાગવતધર્મ તે પૃથ્વી ઉપર અખંડ કેવી રીતે પ્રગટ રહે? અને બીજો પ્રશ્ન પૂછ્યો કે, "જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય?"

ત્યારે શ્રીજીમહારાજે જવાબ આપતાં કહ્યું કે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્ય જ્ઞાને સહિત

જે ભક્તિ તેણે યુક્ત એવા પરમ એકાંતિક સંત તેને આશરીને ભાગવતધર્મ રહે છે. માટે એવા સાધુના પ્રસંગ થકી ભાગવતધર્મનું પોષણ થાય છે. સાક્ષાત્ ભગવાનના સંગથી અથવા તદ્વદ્ભાવને પામેલા આવા ભક્ત - પરમ એકાંતિક સંતના પ્રસંગ થકી જ ભાગવતધર્મ મુમુક્ષુ જીવો પામી શકે; બીજો કોઈ ઉપાય નથી. આ ભાગવતધર્મને પામવો અર્થાત્ સિદ્ધ કરવો એ મોક્ષનું દ્વાર ઉઘાડું કર્યા બરોબર છે. આવા ભાગવતધર્મના અધિકારી - નિર્મત્સર સંતના પ્રસંગ થકી જ મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.

આખું ભાગવત જેણે કંઠસ્થ હતું એવા દીનાનાથ ભટ્ટને, "મોક્ષનો શ્લોક કયો?" એ પ્રશ્ન શ્રીજીમહારાજે પૂછ્યો. તેઓ કહી શક્યા નહિ ત્યારે શ્રીજીમહારાજે તેમને પ્રસઙ્ગમજરમ્ આ શ્લોક કહી બતાવ્યો. પ્રસંગ એટલે શું? જેવો આ જીવને પોતાના દેહની સાથે તથા સગાંસંબંધી સાથે છે તેવો પ્રસંગ અર્થાત્ આત્મબુદ્ધિ આવા પરમ એકાંતિક સંત સાથે થાય તો જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે, કારણ કે સાચા સંત હોય તે ભગવાનમાં જ જોડે છે, પણ કદાપિ પોતામાં જોડતા નથી.

બીજા પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજે જણાવ્યું કે જેને પરમેશ્વરના વચનની ખટક છે અર્થાત્ આજ્ઞા પાળવાનો ઇશક છે તે કદાપિ ધર્મમાંથી નહિ પડે તેમ જાણવું. પણ આજ્ઞા પાળવામાં દૃઢતા નથી તો એનો ધર્મ પણ દૃઢ નહિ રહે તથા સત્સંગ પણ દૃઢ નહિ રહે.

૧૯. રાજાભાઈ

ભગવાન ને ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ કેવી હોવી જોઈએ તે અંગે રાજાભાઈનું દૃષ્ટાંત આદર્શ છે.

સૌરાષ્ટ્રમાં અગતરાઈ પાસે ખોરાસા[1] ગામ છે. ત્યાં રાજાભાઈ નામે એક ગરાસિયા રહેતા હતા. પૂર્વ જન્મના બલિષ્ઠ સંસ્કાર, કે શ્રીજીમહારાજના પરમહંસોનો યોગ થતાં જ તેમનું અંતઃકરણ રંગાઈ ગયું ને શ્રીજીમહારાજના અનન્ય આશ્રિત થયા. બધો વહેવાર કરવા છતાં જનક વિદેહીની પેઠે જગતથી અનાસક્ત આ પુરુષને તો સત્સંગની, સંત-હરિભક્તોની સેવા કરવી એ જ મુખ્ય અંગ હતું. ખેતીનો વ્યવસાય હતો. ઘેર એકલા હોવા છતાં એ પડતું મૂકીને ઉત્સવ-સમૈયા પ્રસંગે શ્રીજીમહારાજ પાસે ગઢપુર, વરતાલ પહોંચી જતા.

ગામમાં સત્સંગ બહુ હતો નહિ. એક વણિક હરિભક્તને રાજાભાઈ પ્રત્યે હેત, તેથી સત્સંગી થયા હતા. વર્ષમાં બે વાર સંતોનું મંડળ ગામમાં આવે. પોતાને ઘેરથી પહેલું સીધું લાવી સંતને તેમની મરજી પ્રમાણે જમાડવા એવો રાજાભાઈનો નિયમ હતો.

એક વાર રાજાભાઈ બહારગામ ગયા હતા. ત્યાં સંતોનું મંડળ આવ્યું. ચોરા ઉપર ઉતારો કર્યો. વણિક હરિભક્તે તો રાજાભાઈના નિયમ મુજબ તેમને ઘેર જઈ તેમનાં પત્ની પાસે સીધા-સામગ્રીની માગણી કરી, પરંતુ તેમનાં પત્નીને શ્રદ્ધા ઓછી હતી. “સાધુ તો નવરા છે તે વર્ષોવર્ષ હાલ્યા આવે છે. હું કાંઇ એવી નવરી નથી. હું તો દળી દળીને થાકી ગઈ છું; અને તમારા બધાનાં ઘર બળી ગયાં છે તે આંહીં લેવા આવો છો?” આ પ્રમાણે કહ્યું. તેથી શેઠને માઠું તો લાગ્યું, પણ પોતે સમય પારખી ગયા અને કાંઇ બોલ્યા વિના પોતાને ત્યાંથી સીધું-સામગ્રી લાવીને સંતોને જમાડ્યા.

સાંજે રાજાભાઇએ ગામમાં દાખલ થતાં જ સંતોનાં દર્શન કર્યાં. પગે લાગ્યા ને કુશળ સમાચાર પૂછ્યા. રસ્તામાં શેઠની દુકાન આવી. તેમણે શેઠને પૂછ્યું, “કેમ! સંતોને માટે રસોઈની સામગ્રી આપણે ત્યાંથી લાવ્યા હતા ને?”

શેઠ બોલ્યા, “એ તો જેમ ઠીક પડ્યું તેમ કર્યું, તમારું ને અમારું ક્યાં નોખું છે.”

રાજા ભક્ત વિસ્મય પામ્યા. ફરી પૂછતાં શેઠે બની ગયેલો પ્રસંગ કહ્યો. રાજા ભક્ત તો એકદમ ઊંડા ઊતરી ગયા. મનમાં બહુ નારાજ થયા. મનોમન નિર્ણય કરી લીધો: “આખો દિવસ મહેનત કરી કરીને દેહ ઘસી નાખીએ છીએ અને સ્ત્રીની ઇચ્છાઓ પૂરી પાડીએ છીએ તેની જરા પણ ગણતરી નહિ! આપણી મરજી જો તેને સાચવવી ન હોય તો આપણે સંસારમાં રહેવું નકામું છે.” શાંતિથી તેઓ ઘેર આવ્યા.

“સાધુઓને માટે સીધું ન આપ્યું તે તમે સારું કર્યું. સાધુઓ ગૃહસ્થનો વહેવાર જાણ્યા વિના દર વર્ષે આવે તે ઠીક નહિ,” એમ રાજા ભક્તે કહ્યું. તેથી સ્ત્રીના મનમાં ઠપકાની બીક હતી તે નીકળી ગઇ.

“મેં પણ એમ ધારીને જ ના કહી દીધી,” તેણે કહ્યું.

ધીરે રહીને રાજા ભક્તે વ્યવહારનો સંકેલો કરવા માંડ્યો. સોનાનાં ઘરેણાં હતાં તથા સારા બળદ હતા તે તમામ વેચીને રૂપિયા ચાર હજાર ભેગા કર્યા. ગામના બ્રાહ્મણ પાસે પોતાની પત્ની ઉપર છાનો પત્ર લખાવ્યો: “તમારા ભાઈ માંદા છે. તો તરત આંહીં આવી જાઓ.” એટલે પત્ની તો

તૈયાર થઇ પિયર ઊપડી ગઇ.

આ બાજુ રાજા ભક્તે ઘરને તાળું મારી પાડોશીને ચાવી આપતાં ભલામણ કરી, “હું ત્યાગી થવા ગઢડે જઉં છું. હવે મારી આશા ન રાખે તેમ કહેશો. તેમનો દેહનિર્વાહ થાય તેટલી જમીન વગેરે મૂકતો જાઉં છું.” એમ કહી ગઢડે આવી શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં ને મહારાજનાં ચરણે રૂપિયાની કોથળી મૂકી પોતે બધી વાત કરી.

શ્રીજીમહારાજે કહ્યું, “તમારે અમે કહીએ તેમ કરવું છે કે સાધુ થવું છે?” રાજાભાઇ તો હાથ જોડી ઊભા રહ્યા. એ વખતે પર્વતભાઇ સભામાં બેઠા હતા. શ્રીજીમહારાજે કહ્યું, “પર્વતભાઇના દીકરા નાના છે. તેમનું હળ હાંકો.”

મહારાજની આજ્ઞા શિરોમાન્ય કરી બાર વર્ષ સુધી રાજાભાઇએ પર્વતભાઇનું હળ હાંક્યું. પોતે ગરાશિયા હોવા છતાં જ્ઞાતિનું માન રાખ્યું નહિ અને ભગવાનના ભક્તની સેવા કરી.

ખોરાસાથી રાજા ભક્તને સમજાવવા સંબંધીઓ ઘણી વાર આવ્યા પરંતુ રાજા ભક્ત વૈરાગ્યનિષ્ઠ હતા. કામ સિવાય કોઇની સાથે વાત કરતા જ નહિ.

પર્વતભાઇના દીકરાઓ મોટા થઇ ગયા. શ્રીજીમહારાજની આજ્ઞા થતાં તેઓ ગઢડે આવ્યા. શ્રીજીમહારાજે તેમને દીક્ષા આપી ‘અક્ષરાનંદ સ્વામી’ નામ પાડ્યું. તેઓ આજીવન શ્રીજીમહારાજની આજ્ઞા, ધર્મ-નિયમ દૃઢપણે પાળી, મહારાજની પ્રસન્નતા મેળવી, દેહ છતાં જ પરમપદના અધિકારી થઇ ગયા.

ભગવાનના ભક્તને વિષે આવી આત્મબુદ્ધિ હોય તો તપ, ત્યાગ, વૈરાગ્ય આદિ સાધન કરવાની જરૂર ન રહે.

૨૦. સ્વયંપ્રકાશાનંદ સ્વામી

"સોરઠ દેશમાં કોઈ જીવનમુક્તા પ્રગટ થયા છે ને તે ભગવાન કહેવાય છે. તમે તેમનું નામ સાંભળ્યું છે?" આશ્રમની ઓસરીમાં વૈરાગી તીર્થવાસી પરસ્પર વાત કરી રહ્યા હતા.

"ના રે! આપણે તો કોઈ આવા પંથની વાત સાંભળી નથી."

"અરે! એની તો શી વાત કરવી! અસંખ્ય માણસોને પોતાનાં દર્શનમાત્રે સમાધિ કરાવે છે ને ભગવાનના ધામમાં મોકલે છે ને પોતાનું ભજન કરાવે છે."

"આ તો બહુ જ અદ્‌ભુત કહેવાય. તમે ક્યાંથી જાણી લાવ્યા?"

આમ જ્યાં વાત કરે છે ત્યાં અતિશય પ્રકાશ છવાઈ ગયો ને રાત હોવા છતાં પણ દિવસ જેવું અજવાળું જણાવા લાગ્યું.

આશ્રમના મહંત અંદરના ઓરડામાં ગાદી-તકિયે બેઠા હતા. તે આ પ્રકાશથી એકદમ ચમકી ગયા, "અરે! જંગલમાં ક્યાંક આગ લાગી કે શું?" એમ વિચારી બહાર જોયું તો ચંદ્રમાનો શીતળ પ્રકાશ જ જોવામાં આવ્યો. ઓસરીમાં જોયું તો પેલો વૈરાગી વાત કરતો હતો, ત્યાં સુધી પ્રકાશ દેખાયો. તે વાત કરતો બંધ થયો કે તરત પ્રકાશ અદૃશ્ય થઈ ગયો.

બંગાળના એક નાના ગામમાં રહેતા આ મહંતને વિચાર આવ્યો: "અરે! જેની વાત કરવામાં આવો અદ્‌ભુત ઐશ્વર્ય-પ્રતાપ જણાય છે, તો તેમનામાં જરૂર અપાર ઐશ્વર્ય હોવું જોઈએ." એમ વિચાર કરી પોતાના દસ-બાર ચેલાઓને સાથે લઈ તેઓ દ્વારકાની યાત્રાએ નીકળ્યા.

તીર્થોમાં ફરતાં ફરતાં લોજ આવ્યા. ગામ બહાર ઉતારો કર્યો ને પોતાના બે શિષ્યોને સાથે લઈ સદાવ્રતી જગ્યામાં ભિક્ષા લેવા નીકળ્યા. શ્રીજીમહારાજ ગાદી ઉપર બિરાજમાન થઈ ભિક્ષા આપતા હતા ત્યાં આવ્યા. મહંતને તો મહારાજનાં દર્શન થતાં જ સમાધિ થઈ ગઈ. સમાધિમાં તેમણે બદરિકાશ્રમમાં નરનારાયણનાં, શ્વેતદ્વીપમાં વાસુદેવ નારાયણનાં અને ગોલોકને વિષે રાધાકૃષ્ણનાં દર્શન કર્યાં. પછી શ્રીજીમહારાજને અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન, અનંત કોટિ મુક્તોથી વીંટળાયેલા, સ્તુતિ કરતા ને અપાર દિવ્ય-ઐશ્વર્યશક્તિએ યુક્ત જોયા. આ દર્શન કરતાં જ તેમને અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ. તેમની વૃત્તિ મહારાજને વિષે સ્થિર થઈ ગઈ.

શ્રીજીમહારાજે તેમના શિષ્યને પૂછ્યું, "તમારા ગુરુજીને કોઈ વખત આમ થાય છે?"

"ના, મહારાજ! આમ તો પહેલી જ વખત થયું." શિષ્યે કહ્યું

શ્રીજીમહારાજે દૃષ્ટિ કરી કે તરત જ સમાધિમાંથી તેઓ જાગ્રત થયા. મહારાજે તેમને સીધું આપ્યું. તે લઈને પોતાને ઉતારે આવ્યા. પછી મહંત એકલા મહારાજ પાસે આવ્યા ને ગદ્‌ગદ થઈ પ્રાર્થના કરી કે, "આપ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છો, માટે મને આપની સેવામાં રાખો."

તેમની પાસે પાંચસો સોનામહોરો હતી. તેથી શ્રીજીમહારાજના કહેવાથી પોતાના શિષ્યોને તે રકમ આપી, સમજાવીને વિદાય કર્યા અને પોતે એકલા શ્રીજીમહારાજ પાસે આવ્યા.

મહારાજે તેમને દીક્ષા આપી 'સ્વયંપ્રકાશાનંદ' એવું રૂડું નામ પાડ્યું. વૈરાગ્યની પરાકાષ્ઠાવાળા આ સંત નિયમ-ધર્મમાં પણ પૂરા હતા. શ્રીજીમહારાજની આજ્ઞાથી અનેક સ્થળોએ વિચરણ કરી તેમણે સત્સંગ કરાવ્યો છે. તેઓ સમાધિનિષ્ઠ હતા. વચ. ગ. અં. ૨૪ના વચનામૃતમાં સ્વયંપ્રકાશાનંદ સ્વામીનું 'નિશ્ચય તથા માહાત્મ્ય એ અંગ છે' એમ કહી, મહારાજે તેમની બહુ પ્રશંસા કરી છે.

૨૧. ધ્યાનચિંતામણિ

ધ્યાનચિંતામણિનાં આ પદો 'વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ' જ્યારે સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને ગાઈ સંભળાવ્યાં, ત્યારે મહારાજ બોલ્યા કે, "બહુ સારાં કીર્તન ગાયાં. આ કીર્તનને સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે, આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ. અને જેને આવી રીતે અંતઃકરણમાં ભગવાનનું ચિંતવન થતું હોય... તેને ફરીને ગર્ભવાસમાં જવું પડે નહિ... એ પરમપદને પામ્યો જ છે.... તે કૃતાર્થ થયો છે ને કાંઈ કરવું બાકી રહ્યું નથી." (વચ. ગ. મ. ૪૮)

લીલાચિંતામણિની સાથે આ પદોનું પણ ગાન કરવાની દરેક સત્સંગીને આજ્ઞા છે. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે, "જે નિત્ય લીલાચિંતામણિ ને ધ્યાનચિંતામણિનું ગાન મહારાજની સ્મૃતિએ સહિત કરે છે તેને ભક્તચિંતામણિનો એક પાઠ કર્યા બરોબર પુણ્ય મળે છે."

એ હેતુથી આ પદો અહીં આપેલાં છે:

પદ - ૧

વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ... ૧
સમરું પ્રગટ રૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ;
જેને ભવ બ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ... ૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્રમુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ... ૩
વર્ણવું સુંદર રૂપ અનુપ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ... ૪

પદ - ૨

આવો મારા મોહન મીઠડા લાલ, કે જોઉં તારી મૂરતિ રે લોલ;
જતન કરી રાખું રસિયા રાજ, વિસારું નહિ ઉરથી રે લોલ... ૧
મન મારું મોહ્યું મોહનલાલ, પાઘલડીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલાં ખોસું છેલ, ખાંતિલા જોઉં ખાંતમાં રે લોલ... ૨
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યા રે લોલ;
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યાં રે લોલ... ૩
વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ... ૪

પદ - ૩

વહાલા મુને વશ કીધી ઘનશ્યામ, વા'લપ તારા વા'લમાં રે લોલ;
મન મારું તલખે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ... ૧
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ;

છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ... ૨
વહાલા તારા દંત દાડમના બીજ, ચતુરાઈ ચાવતા રે લોલ;
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ... ૩
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ;
મન મારું પ્રેમસખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ... ૪

પદ - ૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા હાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ... ૧
વહાલા તારી જમણી ભુજાને પાસ, રૂડાં તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ... ૨
વહાલા તારા ઉરમાં વિણગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ... ૩
રસિયા જોઈ તમારું રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ... ૪

પદ - ૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતા લાલ, આવોને મારે બારણે રે લોલ... ૧
વહાલા તારી આંગળિયુંની રેખા, નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ... ૨
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ... ૩
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ... ૪

પદ - ૬

વહાલા તારી મૂરતિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવ પીવે રે લોલ... ૧
વહાલા મારે સુખસંપત તમે શ્યામ, મોહન મન ભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ... ૨
વહાલા તારું રૂપ અનુપમ ગૌર, મૂરતિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારું જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ... ૩
આવો મારા રસિયા રાજીવનેણ, મરમ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ... ૪

પદ - ૭

વહાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ... ૧
વહાલા તારી નાભિ નૌતમ રૂપ, ઊંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને સહજાનંદ, કે મન રંગચોળ છે રે લોલ... ૨
વહાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ;
વહાલા નિત નીરખું પિંડી ને પાની, કોઈને નવ કહું રે લોલ... ૩
વહાલા તારા ચરણકમળનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ... ૪

પદ - ૮

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;
વહાલા અતિ કોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ... ૧
વહાલા તારે જમણે અંગૂઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક, જોવાને મન દીન છે રે લોલ... ૨
વહાલા તારા નખની અરુણતા જોઈ, શશીકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ... ૩
વહાલા તારી ઊર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ... ૪

૨૨. આજ્ઞા

સાધક કે જેને ભગવાનને પામવાની ઇચ્છા છે, તેને માટે ભગવાન અને સંતની આજ્ઞાનું મહત્ત્વ ઘણું જ છે. આજ્ઞામાં બધી જ વાત આવી જાય છે. તે વગર મનમાં આવે તેમ, ગમે તેટલા પ્રયત્નો ભગવાનને અને સંતને રાજી કરવા કરીએ પણ તે સર્વે જોઇએ તેવું ફળ આપી શકતા નથી.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે:

શું થયું જપ તપ તીરથે, શું થયું વળી જોગ જગને;
શું થયું વિધા ગુણ ડહાપણથી, જો ન રહ્યો હરિ વચને.

માટે આજ્ઞા છે તે મુખ્ય છે. આજ્ઞા અને ઉપાસના એ બે પાંખો છે. એક પાંખ ન હોય તો પક્ષી ઊડી ન શકે.

આજ્ઞા શું? શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં સર્વે સત્સંગી માટે આજ્ઞા લખી છે. ત્યાગી માટે વિશેષ આજ્ઞા ધર્મામૃત અને નિષ્કામશુદ્ધિમાં છે. એ પ્રમાણે સત્સંગી – ત્યાગી, ગૃહસ્થાશ્રમી - સર્વેએ રહેવું જોઇએ.

એ ઉપરાંત, ભગવાનને અખંડ ધારણ કરી રહ્યા હોય એવા જે સંત તે આપણા હિતને અર્થે જે વચન કહે તે પ્રમાણે રહેવું તે પણ આજ્ઞા.

શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે ચોખ્ખું લખ્યું છે: “આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાય થકી બહાર છે...” આપણે સત્સંગી કહેવાઇએ છીએ તો તપાસ કરવી કે આપણે કેટલી આજ્ઞા પાળીએ છીએ!!

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, “ભગવાનને નિરંતર રાજી રાખવા હોય તેને આજ્ઞા લોપવી નહિ.”

આપણે સત્સંગ કરીએ છીએ. સાધન, જપ, તપ વગેરે કરીએ છીએ તે શા માટે? ભગવાનને રાજી કરવા અને તેથી મોક્ષ થાય તે માટે. તેનો સરળ ઉપાય આજ્ઞા પાળવી તે છે.

યોગીજી મહારાજ ઘણીવાર દૃષ્ટાંત આપતા:

એક વાર લગ્ન પ્રસંગ ઉપસ્થિત થયો. કન્યા એક અને લગ્ન કરનાર ગણપતિજી અને કાર્તિક સ્વામી બે. પછી પાર્વતીજીએ કહ્યું કે, “જે પૃથ્વીની પ્રદક્ષિણા પહેલાં કરી આવે તેને કન્યા વરે.”

કાર્તિક સ્વામી તેમના મોર પર સવાર થઇને ઊપડ્યા. ગણપતિજી તો શરીરે જાડા અને તેમનું વાહન ઉંદર. તેથી મૂંઝાયા: “પૃથ્વીની પ્રદક્ષિણા કેમ થશે?”

માતાએ કહ્યું, “આ ગાય છે તે પૃથ્વીનું સ્વરૂપ કહેવાય! માટે તેની પ્રદક્ષિણા કરવાથી પૃથ્વીની થઇ ગણાશે.”

ગણપતિજીએ ગાયની પ્રદક્ષિણા કરી અને કન્યાને વર્યા. માતાની આજ્ઞા પાળવાથી તેમને સુખ થયું.

ભાદરામાં આઠ કણબી હરિભક્તો ઉપર શ્રીજીમહારાજનો આજ્ઞાપત્ર આવ્યો કે: “આ પત્ર મળતાંની સાથે તમે ગઢપુર આવજો.”

તે વખતે ખેતરોમાં પાક તૈયાર થઇ ગયો હતો. ફક્ત લણીને ઘર ભેગો કરવાનો બાકી હતો. ચાર હરિભક્તોને વિચાર આવ્યો કે: “આ કામ પણ જરૂરી છે. વળી, મહારાજ કેટલું રોકશે તે પણ નક્કી ન કહેવાય. માટે ખેતરનો પાક છે, તેનો બંદોબસ્ત કરીને બે-ત્રણ દિવસ પછી ગઢડા જઇએ.”

જ્યારે બીજા ચાર હરિભક્તો તો પત્ર મળતાં જ ખેતરમાં ઊભો મોલ મહારાજને ભરોસે મૂકીને ગઢડા પહોંચી ગયા. શ્રીજીમહારાજે તેમને પંદર દિવસ રોક્યા. મહારાજ તેમને હંમેશાં થાળની પ્રસાદી આપે.

કથાવાર્તા ને દર્શન-સમાગમનું સુખ લઈ તેઓ ભાદરા આવ્યા. ગામમાં જોયું તો બધાં ખેતરો ઉજ્જડ. કોઈના ખેતરમાં એક પણ છોડ દેખાતો નથી. તેમને થયું: "આપણાં ખેતર પણ ઉજ્જડ થઈ ગયાં હશે."

ઘેર આવી બીજા ચાર હરિભક્તોને મળ્યા. તેમણે રડતાં રડતાં વાત કરી, "તમો ગયા પછી બીજે જ દહાડે બાબા સાહેબનું કટક આવ્યું ને તેમના ઘોડાઓએ ગામનાં બધાં ખેતરોમાંથી પાક સાફ કરી નાખ્યો. તમારા ચાર જણનાં ખેતર અકબંધ છે. કોઈ દાખલ થવા જાય ને વીજળીનો ઝાટકો વાગે છે. ખેતરને કિનારે માણકી ઘોડીના ડાબલા પણ દેખાય છે. તમે મહારાજની આજ્ઞા પાળી તો મહારાજનાં દર્શન થયાં અને મહારાજે તમારો પાક સાચવ્યો, અને અમે આજ્ઞા લોપી તો બેય ખોયું."

આજ્ઞા પાળવાથી તથા લોપવાથી કેવો લાભ અને નુકસાન થાય છે તે આ પ્રસંગથી સમજાય છે.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા ભગતજી મહારાજે અધ્ધર ઝીલી, એક પણ વચન હેઠું પડવા ન દીધું. "જાઓ ગિરનારને બોલાવી લાવો." તો પોતે ઊપડ્યા. ભગતજી કહે, "હું તો ગિરનારની પાસે જઈ માથું અડાડી કહીશ, 'તને સ્વામી બોલાવે છે.' એ ના આવે તો એ વિમુખ ઠરશે, પણ હું તો સન્મુખ રહીશ." આમ, ભગતજી મહારાજે આજ્ઞા અધ્ધર ઝીલી તો ગુણાતીતાનંદ સ્વામીનો ખરેખરો રાજીપો મળ્યો.

ઉપનિષદમાં પણ આજ્ઞાપાલનના અદ્‌ભુત દાખલાઓ સત્યકામ જાબાલિ, આરુણી, ઉપમન્યુ વગેરે ઋષિકુમારોના છે. આજ્ઞાપાલનથી જ તેમને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું. માટે આજ્ઞા અધ્ધર ઝીલવાનું મહત્ત્વ શાસ્ત્રમાં ઘણું જ છે.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, "આજ્ઞા પળે તેટલી વાસના બળે." વળી કહ્યું કે, "અમે જે જે આજ્ઞા કરીએ છીએ તેમાં મહારાજની મૂર્તિ આપીએ છીએ, પણ જેને જ્ઞાન નહિ તેને એ વાત સમજાય નહિ."

સ્વામીની આજ્ઞાથી જાગા ભક્ત સાંખડાવદરના બીડમાં સોળ દિવસ ખડ સાચવવા રહ્યા, પણ આજ્ઞાપાલનના પ્રતાપે જૂનાગઢમાં ચાલતો ઉત્સવ અને કથાવાર્તા પોતે પ્રત્યક્ષ દેખતા અને સાંભળતા.

શ્રીજીમહારાજે વચનામૃત ગ. મ. ૫૧માં કહ્યું છે: "આજ્ઞામાં વર્તે છે તે જ આત્મસત્તા રૂપે વર્તે છે." માટે આજ્ઞા પાળવામાં સર્વ વાત આવી જાય છે.

આજ્ઞા અને ઉપાસના અક્ષરધામમાં જવા માટેની બે પાંખો છે. એક પાંખથી પંખી ઊડી ન શકે, તેમ એક જ સાધનથી કામ ન ચાલે. મુખ્ય આજ્ઞા 'નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રયવિલક્ષણમ્' એ છે. પરમ એકાંતિક સંતને પોતાનો આત્મા માની સર્વ ક્રિયા કરવી. માટે ભગવાનને રાજી કરવા હોય તેમણે આજ્ઞા અણુમાત્ર પણ ન લોપવી. આજ્ઞાને વિષે દૃઢપણે વર્તવું.

૨૩. ઉપાસના

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે: “ઉપાસના વગર કોઈ વાતની સિદ્ધિ થતી નથી.”2

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં પણ કહ્યું છે કે: “કદાપિ આજ્ઞામાં ફેર પડે તો પ્રાયશ્ચિત્ત કરીને પણ શુદ્ધ થવાશે, પણ જો ઉપાસનામાં ફેર પડ્યો તો તે ખામી ભાંગશે નહિ.” માટે ઉપાસના એવી સમજવી જેથી કલ્યાણમાં વિઘ્ન ન આવે. માટે ઉપાસના ચોખ્ખી સમજવી. ઉપાસનાની દૃઢતા રાખવી.

ઉપાસના એટલે શું? તો ઉપ + આસન, એટલે સમીપમાં આસન. ભગવાનની સમીપમાં રહેવું અર્થાત્ હંમેશાં ભગવાનના સામીપ્યનો અનુભવ કરવો તેનું નામ ઉપાસના.

ઉપાસના હંમેશાં અક્ષરરૂપ કે બ્રહ્મરૂપ થઈને કરવાની હોય છે. શ્રીજીમહારાજ વચનામૃત ગ. મ. ૩માં ઉપાસનાની રીત સમજાવતાં કહે છે: “પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.”

શ્રીજીમહારાજના આ વચન અનુસાર ઉપાસના તો હંમેશાં પરબ્રહ્મની જ કરવાની હોય છે. અર્થાત્ ઉપાસના હંમેશાં બે ચરણની જ છે. પરંતુ પરબ્રહ્મની આ ઉપાસના કરવા માટેનો આદર્શ અક્ષરબ્રહ્મ છે. તેથી જેવી રીતે અક્ષરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરે છે, તેવી ઉપાસના તો આપણે જ્યારે અક્ષરરૂપ થઈએ ત્યારે જ કરી શકીએ. માટે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરવી એ જ સિદ્ધાંત છે.

પુરુષોત્તમ નારાયણ સદા દિવ્યગુણો યુક્ત, સદા સાકાર, સર્વોપરી, સર્વજ્ઞ, સર્વકર્તા અને સદા પ્રગટ સમજવા અને આવી સમજણ દ્વારા તેમનું સતત સાન્નિધ્ય અનુભવવું તેનું જ નામ ઉપાસના.

પરબ્રહ્મ શ્રીજીમહારાજ અનંત, અમાયિક અને દિવ્ય ગુણોના ધારક છે. તેઓ સર્વગુણે સંપન્ન, સર્વ સુખના નિધિ અને સર્વ દોષે રહિત છે. તેઓ અતિ રૂપવાન અને અતિ તેજસ્વી છે. તેઓ સદા સાકાર છે અર્થાત્ તેમનો આકાર અને રૂપ દિવ્ય અને અમાયિક છે. તેઓ સદા દ્વિભુજ અને કિશોરમૂર્તિ છે.

શ્રીજીમહારાજ સર્વોપરી છે. તેઓ જીવ, ઈશ્વર, માયા, અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મ - એ સર્વથી પર છે. તે સૌના સ્વામી છે. તેઓ એક જ સ્વતંત્ર છે. જ્યારે જીવ, ઈશ્વર, માયા, મુક્તો અને અક્ષરબ્રહ્મ પરબ્રહ્મને આધીન છે. તેઓ સર્વ કારણના કારણ છે, સર્વના નિયંતા છે, સર્વના આધાર છે અને અતિ સમર્થ છે. શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ છે. તેમની ઇચ્છા પ્રેરણાથી અવતારો વિરાટબ્રહ્માંમાંથી ઉત્પન્ન થાય છે. તે સર્વ અવતારોમાં શ્રીજીમહારાજનો અનુપ્રવેશ હતો અને હોય છે. અક્ષરપર્યંત સર્વને પોતાનામાં લીન કરી નાખવાની શક્તિ તેઓ ધરાવે છે. તેઓ યોગેશ્વર છે અને સર્વ યોગકળાના નિધિ છે. પુરુષોત્તમ ભગવાન પોતાના દિવ્ય અક્ષરધામમાં રહ્યા થકા અનંત કોટિ બ્રહ્માંડમાં પોતાની ઇચ્છાએ કરીને જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને પ્રકાશે છે અને મુમુક્ષુઓને સુખ આપે છે. અક્ષરધામમાં અનંત કોટિ મુક્તો અને અક્ષરબ્રહ્મ તેમનાં ચરણકમળની સેવામાં હોય છે.

શ્રીજીમહારાજ સર્વજ્ઞ છે. અનંત કોટિ બ્રહ્માંડોનાં જીવ-પ્રાણીમાત્રમાં તથા ઈશ્વર, અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મમાં અંતર્યામીપણે રહ્યા છે. અનંત કોટિ બ્રહ્માંડનાં જીવ-પ્રાણીમાત્રની

ક્રિયાને પોતાના ધામમાં રહ્યા થકા તેઓ જાણે છે – હસ્તામલકવત્ પ્રત્યક્ષ દેખે છે.

શ્રીજીમહારાજ સર્વકર્તા છે; કર્તું, અકર્તું અને અન્યથાકર્તું શક્તિ ધરાવે છે. તેમની ઇચ્છા વગર સૂકું પાંદડું પણ હલાવ્યું હલતું નથી. સર્વના કર્મફળપ્રદાતા પણ તેઓ જ છે. તેમની પ્રેરક શક્તિ વગર જીવ-પ્રાણીમાત્ર, ઈશ્વરો, માયા કે મુક્તો એ કોઈ કાંઇ કરવાને સમર્થ નથી. તેમની ઇચ્છાથી જ અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે.

શ્રીજીમહારાજ સદા દિવ્યમૂર્તિ છે. તેમની મૂર્તિ જેવી અક્ષરધામમાં અનંત ઐશ્વર્ય, શક્તિ અને દિવ્યગુણ સંપન્ન છે, તેવી ને તેવી જ અહીં પૃથ્વી પર મનુષ્ય સ્વરૂપે પણ દિવ્ય અને અનંત શક્તિ તથા ઐશ્વર્યે યુક્ત છે. ધામની મૂર્તિ અને અહીં પ્રત્યક્ષ વિચરતી મૂર્તિમાં કાંઇ ભેદ નથી. તેમની મૂર્તિને વિષે સાકરના નારિયેળની પેઠે ત્યાગભાગ સમજવો નહીં. અહીં પૃથ્વી પર તેમની મૂર્તિને વિષે જે કાંઇ દેહભાવ જેવું જણાય છે તે તો નટ(જાદુગર)ની માયાની પેઠે છે.

ભગવાન પુરુષોત્તમ નારાયણ જીવના કલ્યાણને અર્થે જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે. માટે 'ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર બિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.' (વચ. ગ. પ્ર. ૭૧)

આમ, શ્રીજીમહારાજે અક્ષરની સાથે જ પોતાનું સ્વરૂપ સમજવાનું છે એમ નિર્દેશ કર્યો છે અને એ રીતે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ઉપાસના કરવી એ જ સાચી અને શુદ્ધ ઉપાસના છે, તે સમજાવ્યું છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અનાદિ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે. જેમ પરબ્રહ્મ એક અને અદ્વિતીય (અજોડ) છે, તેમ અક્ષરબ્રહ્મ પણ એક અને અદ્વિતીય છે.

અક્ષરબ્રહ્મ સત્, ચિદ્, આનંદ છે. તે અનાદિ અને નિત્ય છે. અક્ષરબ્રહ્મ પણ સર્વ માયિક અને પ્રાકૃત ગુણથી રહિત અને દિવ્ય ગુણોએ યુક્ત છે. તેથી અક્ષરબ્રહ્મ પણ નિર્ગુણ છે. અક્ષરબ્રહ્મ, એ પોતાના સંબંધમાં જે કોઈ આવે તેને પણ નિર્ગુણ કરી નાખે છે. અક્ષરબ્રહ્મ એ જીવ, ઈશ્વર અને માયાના કારણ છે (અહીં કારણ એટલે ઉત્પત્તિ સર્ગમાં વિરામ પામેલા, તેમની દૃષ્ટિથી પાછા ઉત્પન્ન થયા છે તેમ સમજવું) અને તેમના આધાર છે. તે અખંડ અને અવિનાશી છે, કાળ, માયાથી પર છે. અક્ષરબ્રહ્મ નિરંશ, નિર્વિકારી અને કૂટસ્થ (સ્થિર) છે. ત્રણે ગુણોથી પર - ગુણાતીત છે.

આ એક જ અનાદિ અક્ષરબ્રહ્મ નિરાકાર એકરસ ચૈતન્ય ચિદાકાશરૂપે અનંત કોટિ બ્રહ્માંડોના આધાર છે, તે જ મૂર્તિમાન ધામરૂપે પુરુષોત્તમ નારાયણ અને અનંત કોટિ અક્ષરમુક્તોને સદાય ધારી રહ્યું છે. આ ધામરૂપ અક્ષર તે અમાપ અને વિશાળ છે. તેમના એક એક રોમને વિષે અનંત કોટિ બ્રહ્માંડ અણુની પેઠે ઊડતાં ફરે છે. અક્ષરની આવી મોટપ છે કે તેની આગળ બ્રહ્માંડ અણુ જેટલાં નાનાં જણાય છે. તે અક્ષરનું સગુણ સ્વરૂપ છે.

આ જ અક્ષરબ્રહ્મ દિવ્યપુરુષાકારે વળી મૂર્તિમાન થકા અખંડ પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તો ભગવાનના ઉત્તમ ભક્ત છે અને મુમુક્ષુઓ માટે ભક્તિ-ઉપાસનાનો આદર્શ છે. પુરુષોત્તમ ભગવાન જેવા અક્ષરમાં રહ્યા છે તેવા પ્રકૃતિપુરુષ, મુક્તપર્યંત કોઈમાં રહ્યા નથી. અક્ષરબ્રહ્મ સેવકરૂપે પોતાના સ્વામી જે પુરુષોત્તમ નારાયણ તેની સેવામાં

અખંડ રહે છે. પુરુષોત્તમ અને અક્ષર વચ્ચે કાયમનો સ્વામી-સેવકભાવે અપૃથક્ સંબંધ છે. અક્ષરબ્રહ્મ શરીર છે અને પુરુષોત્તમ શરીરી છે.

જ્યારે સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો પ્રગટ સંગ મળે, ત્યારે તેના સંગે કરીને જીવ બ્રહ્મરૂપ થાય છે. વચ. કારિ. ૧ પ્રમાણે જેમ ભમરીને સંગે જ ઇયળ ભમરી થાય છે; તેમ પ્રગટ અક્ષરબ્રહ્મના સંબંધે જ આ જીવ બ્રહ્મરૂપ થઈ પુરુષોત્તમની ઉપાસનાનો અધિકારી બને છે. ત્યારે જ નિર્વિકલ્પ નિશ્ચયની સ્થિતિ થાય છે, ત્યારે જ આત્યંતિક મોક્ષ થાય છે અને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી કલ્યાણનું દ્વાર બંધ થયું નથી. સ્વામીએ વાતોમાં કહ્યું છે: "હું તો ચિરંજીવ છું." અર્થાત્ અનાદિ અક્ષરબ્રહ્મ પરમ એકાંતિક - પરમ ભાગવત સંતરૂપે આ પૃથ્વી પર સદા પ્રગટ વિચરતા હોય છે. આ પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુણાતીત સંત દ્વારા શ્રીજીમહારાજ આ પૃથ્વી પર સમ્યક્ પ્રકારે પ્રગટ રહે છે અને મુમુક્ષુ જીવોને બ્રહ્મસ્થિતિ પમાડીને તેમનું આત્યંતિક કલ્યાણ કરે છે.

શ્રીજીમહારાજ કહે છે: એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત દ્વારા સર્વ ક્રિયા કરનાર ભગવાન છે, "આવા સંત તે સ્વયં હરિ છે." આવા સાધુનો સંગ કરવો એ જ કલ્યાણનું અસાધારણ સાધન છે. એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, "મને સાક્ષાત્ ભગવાનનું દર્શન થયું." માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે. જ્યારે આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ, તેને છતી દેહે જ પામ્યો છે. અને એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા તુલ્ય ફળ થાય છે. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતનો જે કોઈ મુમુક્ષુ મન-કર્મ-વચને સંગ કરે છે અને તેની આજ્ઞા પાળે છે તે જીવ નિર્દોષ થઈ બ્રહ્મરૂપ થઈ જાય છે અને છતી દેહે પરમપદ જે મોક્ષ તેને પામે છે.

આ પૃથ્વી પર અવતાર ધારણ કર્યા પછી શ્રીજીમહારાજ આત્યંતિક કલ્યાણનો માર્ગ ચાલુ રહે એ હેતુથી ગુણાતીત સંત દ્વારા સદા પ્રગટ છે. વચનામૃત પંચાળા-૭ પ્રમાણે આ પૃથ્વી પરથી ભગવાન કદી અંતર્ધાન થયા જ નથી. તેઓ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પ્રગટ હતા. ત્યાર બાદ ઉત્તરોત્તર બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને હાલ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ - સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી દ્વારા પ્રગટ છે. આ પ્રમાણે શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મસ્વરૂપ સંત દ્વારા પૃથ્વી ઉપર સદાને માટે પ્રગટ રહ્યા છે, મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરી તેમને સુખ આપી પોતાના ધામને પમાડી રહ્યા છે.

અંતમાં, આપણી ઉપાસના એટલે શ્રીજીમહારાજ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ (પરબ્રહ્મ), ગુણાતીતાનંદ સ્વામી અનાદિ અક્ષરબ્રહ્મ. અનાદિ અક્ષરબ્રહ્મ દ્વારા શ્રીજીમહારાજ સદા પ્રગટ રહી મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરે છે. એ મોક્ષનું દ્વાર છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એ આજે મોક્ષનું દ્વાર છે.

૨૪. રામબાઈ

ગુજરાતમાં મહેમદાવાદ પાસે કઠલાલ એક નાનું ગામ છે. એક બ્રાહ્મણ બાઈ હરિભક્ત ત્યાં રહેતાં હતાં. આખા ગામમાં આ એક જ બાઈ સત્સંગી હતાં. શ્રીજીમહારાજ પ્રત્યે તેમને પર્વતપ્રાય - અનન્ય નિષ્ઠા હતી.

તેઓ એક દિવસ કૂવે પાણી ખેંચી રહ્યાં હતાં. તે સમયે શ્રીજીમહારાજ સંતમંડળ સાથે ગામની ભાગોળેથી પસાર થયા. આ જાણ થતાં જ રામબાઈએ કૂવેથી સીધાં મહારાજ પાસે જઈ વિનંતીપૂર્વક હાથ જોડીને કહ્યું, "હે મહારાજ! આજ તો આ ગામમાં પધારો ને મારું ઘર પાવન કરો. મારાથી બનશે તેવી સેવા કરીશ. પણ અહીં સુધી પધાર્યા છો તો હવે ઘર પાવન કર્યા વિના જવાશે નહિ. આપનાં પુનિત પગલાંથી ગામમાં પણ સત્સંગ થશે."

"તમારો ભાવ ઘણો છે તે અમે જાણીએ છીએ, પણ અત્યારે વરતાલ પહોંચવાની ઉતાવળ છે. આજે તો રોકાવાશે નહિ, પણ ભવિષ્યમાં જરૂર અહીં આવીશું. માટે આજે અમને રાજી થઈને રજા આપો." શ્રીજીમહારાજે તેનો ભાવ જાણી પ્રેમથી કહ્યું.

પોતાના ઇષ્ટદેવની આવી વાણી સાંભળી રામબાઈ વધુ કાંઈ બોલી શક્યાં નહિ. પોતાના ઇષ્ટદેવની મરજી પ્રમાણે વર્તે તે જ આદર્શ ભક્ત કહેવાય. રામબાઈ આવાં આદર્શ ભક્તરાજ હતાં. શ્રીજીમહારાજ વધુ રોકાઈ શકે તેમ નથી એમ જાણીને તરત જ પાણી ભરેલું બેડું માથેથી ઉતાર્યું. સર્વેને ભાવથી પાણી પાયું. પછી કહ્યું, "હે મહારાજ! આ પાણીના ઘડામાં આપ પગ બોળો."

"તે પાણીનું તમે શું કરશો?" મહારાજે પૂછ્યું.

રામબાઈ બોલ્યાં, "આ ચરણામૃત હું થોડું પીશ અને બાકીનું ગામના કૂવામાં નાખીશ. આ ગામમાં સત્સંગ નથી, પણ આ પ્રસાદીનું પાણી જાણે-અજાણે જે પીશે તેને સત્સંગના સંસ્કાર થશે; સત્સંગી થઈ આપનું ભજન કરશે."

પોતાના ઇષ્ટદેવની પાસે કોઈ ભૌતિક સુખની માગણી ન કરતાં કેવળ 'સૌનું સારું થાય' એ ભાવનાનું ભગવાન સ્વામિનારાયણે આવાં સ્ત્રીહરિભક્તોમાં સિંચન કર્યું હતું. આ પ્રસંગમાં આ ભક્તના ઉત્કૃષ્ટ ભક્તિભાવનું દર્શન થાય છે.

શ્રીજીમહારાજની સાથે આવેલા સુરાખાચર તથા સોમલાખાચર વગેરે કાઠી હરિભક્તો આ સાંભળી ઘણા જ રાજી થયા અને રામબાઈને કહ્યું, "તમારાં ધન્યભાગ્ય છે કે તમે શ્રીજીમહારાજનો આવો મહિમા સમજો છો ને અચળ વિશ્વાસ ધરાવો છો."

શ્રીજીમહારાજે અત્યંત પ્રસન્ન થઈ પાણીમાં પગ બોળ્યા. રામબાઈના આનંદનો પાર ન રહ્યો. મહારાજ તો વરતાલને માર્ગે ચાલી નીકળ્યા.

રામબાઈએ થોડું પાણી એ ઘડામાંથી પીધું ને બાકીનું કૂવામાં નાખ્યું. ગામના જે ભાગમાં આ કૂવો છે ત્યાંના તમામ વંશજોમાં અધાપિ પર્યંત સત્સંગ જળવાયો છે. ફક્ત પ્રસાદીનું પાણી પીધાનો કેવો અદ્‌ભુત પ્રતાપ!

૨૫. સુરાખાચર

લોયા ગામના સુરાખાચર એટલે શ્રીજીમહારાજના પરમ સખા. પોતાના ઇષ્ટદેવને વિષે તેઓ અસાધારણ સ્નેહથી જોડાઈ ગયા હતા ને સમગ્ર જીવન સત્સંગપરાયણ કરી દીધું હતું.

તેઓ શરીરે ભારે સ્થૂળ હતા. માથે મોટી પાઘ, બીજા રાજાઓ કરતાં તદ્દન જુદા પ્રકારની બાંધતા. તેઓ બોલવામાં એવા તો કુશળ હતા કે સામે ગમે તેવો રાજા હોય, ત્યાગી હોય, જોગી-જાતિ હોય, પણ અવસર જોઈને એવું વચન બોલે કે જરૂર તેને હસવું જ આવે. બીજાને હાસ્યરસમાં ડુબાડી દે પણ પોતે બિલકુલ હસે નહિ.

શ્રીજીમહારાજના પરમ સખા હોવા છતાં મહારાજના સંતોને મન, કર્મ, વચને નમે. અંતરમાં લેશપણ કપટ કે કુટિલતા નહિ. એવા સરળ સ્વભાવના તેઓ હતા. તેમને વ્યવહારમાં અનેક મુશ્કેલીઓ આવી, પણ કોઈ દિવસ તેમની ધીરજ ડગી નહીં.

એક વખત સુરાખાચર લોયામાં પોતાના ઘરમાં સૂતા હતા. તે સમયે ચોરોએ આવીને ઘરમાં બાકોરું પાડ્યું ને તેમનો મોટો પટારો ચોરી ગયા. પોતાના અનન્ય ભક્તની અખંડ રક્ષામાં રહેલા શ્રીજીમહારાજે એ પટારામાં એવું વજન મૂકી દીધું કે ચોરો ગામની ભાગોળથી વધુ દૂર તે લઈ જઈ શક્યા નહિ. અજવાળું થતાં સૌ જાગી જશે એ બીકથી પટારો મૂકીને ચોર તો ભાગી ગયા. ભાગોળથી પસાર થતા સૌએ પટારો જોયો ને તપાસ કરતાં 'આ તો સુરાખાચરનો છે' તેવું માલૂમ પડ્યું. સૌએ સુરાખાચરને સમાચાર આપ્યા. સુરા ભક્તને તો વહેલા ઊઠવાની ટેવ હતી. તેથી તેમણે જોયું તો પટારો ગુમ થયો હતો, પરંતુ તે પાછો મળ્યો છે - તે સમાચાર આવ્યા તેથી તેમનાં ધર્મપત્ની શાંતિબાને કહ્યું, "જો આપણો પટારો તો જવાનો જ હતો, પણ શ્રીજીમહારાજની દયાથી તે પાછો મળ્યો છે. તો સંકલ્પ કરો કે તેમાંથી અરધી રકમ શ્રીજીમહારાજની સેવામાં વાપરવી."

ભગવાનના ભક્તની બધી જ ક્રિયા પોતાના ઇષ્ટદેવની પ્રસન્નતા માટે જ હોય છે. શાંતિબાને શ્રીજીમહારાજ પ્રત્યે એવી અનન્ય ભક્તિ હતી.

તપાસ કરતાં જણાયું કે પટારો અકબંધ હતો. તે ઘેર લાવ્યા. શાંતિબાએ સુરા ભક્તને કહ્યું, "જાઓ, શ્રીજીમહારાજને અહીં બોલાવી લાવો. મહારાજે આપણી બહુ જ રક્ષા કરી છે."

તે વખતે શ્રીજીમહારાજ કારિયાણી વસ્તાખાચરના દરબારમાં બિરાજમાન હતા. સુરાખાચર કારિયાણી ગયા અને મહારાજને લોયા પધારવા વિનંતી કરી. તે સમે દાદાખાચરે પણ મહારાજને વિનંતી કરતાં કહ્યું, "મહારાજ! લક્ષ્મીવાડીમાં રીંગણાં સારાં થયાં છે. અમે જાતે તૈયાર કર્યાં છે. રીંગણાં બહુ સમય રહેશે નહિ, માટે તે જમ્યા પછી બીજે જવાનું રાખો."

થોડી વાર પછી ફરી બોલ્યા, "મહારાજ! લોયા ગામમાં ઘી-દૂધ ક્યાં મળે છે? સારું શાક પણ ત્યાં મળતું નથી. માટે ગઢડા જ પધારો."

આ સાંભળી સુરા ભક્તના તમામ મનોરથ ભાંગી પડ્યા; પણ સુરાખાચર તો હાજરજવાબી હતા. તેમણે તરત જ કહ્યું, "મહારાજ! દાદાખાચર ભૂલા પડ્યા. આપના ગુણ ગાવાનું મૂકી રીંગણાંના ગુણ ગાવા માંડ્યા. પણ, મહારાજ! આપ તો ગરીબનિવાજ છો. માટે લોયા આવો તો સારું."

અનન્ય સખાભાવના આવા રમૂજી પ્રસંગોથી શ્રીજીમહારાજ રાજી રહેતા. શ્રીજીમહારાજ તેમની ભક્તિને વશ થઈ બોલ્યા, "જાઓ, અમે લોયા આવીશું."

આસપાસનાં ગામડાંઓમાં સૌને જાણ થતાં જ બીજે દિવસે સાઠ મણ રીંગણાં ગાડામાં ભરી હરિભક્તો લઈ આવ્યા. પ્રેમી ભક્તોને વશ થઈ શ્રીજીમહારાજે જાતે રીંગણાંનું શાક બનાવ્યું, બાર મણ ઘીનો વઘાર કર્યો. શ્રીજીમહારાજ હળદરવાળા હાથે, મોટા તાવેથાથી શાક હલાવતા હોય! આ અદ્‌ભુત દર્શન તો મોટા મોટા દેવતાઓને પણ દુર્લભ હતું. બાજરાના રોટલા તૈયાર કરાવ્યા. સૌને જાતે પીરસી, શ્રીજીમહારાજે આ દિવ્ય લીલાથી જીવનભરની અદ્‌ભુત સ્મૃતિ સૌ ભક્તોને આપી. શ્રીજીમહારાજના હાથનું બનાવેલું શાક અને વળી મહારાજ જાતે પીરસે, તેથી શાકમાં સ્વાદ જ અદ્‌ભુત હતો. સૌ શાક જ જમ્યા. સહેજ ટકોર કરતાં શ્રીજીમહારાજે દાદાને પૂછ્યું, "દાદાખાચર! રીંગણાં લોયાનાં સારાં કે ગઢડાનાં?"

દાદાખાચર પણ એવા ઉત્તમ ભક્ત હતા. તેમણે કહ્યું, "મહારાજ! આપના સાન્નિધ્યમાં રિદ્ધિ-સિદ્ધિ હાજર જ હોય ને!"

શાંતિબા તથા સુરાખાચરની ભક્તિને વશ થઈ શ્રીજીમહારાજ બે માસ ત્યાં રહ્યા. આ નાનકડા ગામમાં પણ આત્મા-પરમાત્મા અને બ્રહ્મ-પરબ્રહ્મની તાત્ત્વિક વાતો કરી મહારાજે સૌને સુખમાં તરબોળ કરી દીધા, જેનો લોયાનાં વચનામૃત વાંચતા સૌને સહેજે ખ્યાલ આવશે.

આ ભક્તરાજ શાસ્ત્રની આંટીઘૂંટીમાં કાંઈ સમજે નહિ, પણ શ્રીજીમહારાજને વિષે અતિશય સ્નેહે કરીને સત્સંગમાં રસબસ થઈ ગયા હતા. તેથી સત્સંગની ધર્મમર્યાદા સહેજે પાળતા થઈ ગયા. પોતે બ્રહ્મચર્ય-વ્રત દૃઢપણે પાળતા. કોઈ તેમને લેશપણ ડગાવી શકે તેમ નહોતું.

એક વાર જસદણ ઠાકોર સાહેબની વિનંતીથી તેઓ જસદણ આવ્યા. ઠાકોર સાહેબે તેમને સારો ઉતારો આપ્યો. સાંજે દરબાર વીખરાયા પછી પોતે ઉતારે આવી જમીને સૂઈ ગયા.

ઠાકોર સાહેબે સ્વામિનારાયણ પ્રત્યેના દ્વેષથી 'સુરાખાચરને ભ્રષ્ટ કરવાનો લાગ આવ્યો છે' એમ વિચાર કરી, રાત્રે બાર વાગે એક વેશ્યા જેવી સ્ત્રીને શિખવાડીને સુરાખાચરને ઉતારે મોકલી. તે સ્ત્રીએ બારણું ખખડાવ્યું. સુરા ભક્ત સફાળા ઊઠ્યા. પૂછ્યું, "કોણ છે?"

તે બાઈએ કહ્યું, "એ તો હું. આ ઘરમાં અમે રહીએ છીએ. મારા દીકરાને તાવ આવ્યો છે તેથી દવાની જરૂર પડી છે, તો ઉઘાડો."

શંકાશીલ મને સુરા ભક્તે બારણું તો ઉઘાડ્યું, બાઈ બારણું વાસી અંદર પ્રવેશી. કબાટ સુધી ગઈ અને પછી સુરા ભક્ત સાથે પ્રેમચેષ્ટા કરવાનો પ્રયત્ન કર્યો. સુરા ભક્ત એકદમ સજાગ થઈ ગયા. તલવાર પર હાથ દઈ જબરો હાકોટો કર્યો. ઉઘાડી તલવારે તેને ડરાવતા દ્વાર ઉઘાડી બહાર આવ્યા ને ઘોડી બાંધી હતી ત્યાંથી સરક છોડી, પલાણ માંડી, વાયુવેગે ત્યાંથી નીકળી ગયા. સુરા ભક્તને ભ્રષ્ટ કરવાનો ઠાકોર સાહેબનો મનોરથ અધૂરો રહી ગયો.

સુરા ભક્ત ગઢડા પહોંચ્યા ત્યારે તેમને જોઈ મહારાજે સર્વ હરિભક્તોને કહ્યું, "આ અમારા જતિ આવ્યા. એકાંતમાં તેમને સ્ત્રીનો યોગ થયો તોપણ ભ્રષ્ટ ન થયા ને શુદ્ધ રહ્યા."

આવા અનન્ય ભક્તરાજને શ્રીજીમહારાજ વશ વર્તે તેમાં શું આશ્ચર્ય!

૨૬. ફગવા3

(રાગ ચોપાઈ)

મહાબળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી;
એવું વરદાન દીજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે.
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્ય બુદ્ધિ કોઈ દન;
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ.
સત્સંગી જે તમારા કહાવે, તેનો કેદી અભાવ ન આવે;
દેશ કાળ ને ક્રિયાએ કરી, કેદી તમને ન ભૂલીએ હરિ,
કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ;
તમને ભજતાં આડું જે પડે, માગીએ એ અમને ન નડે.
એટલું માગીએ છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે;
વળી ન માગીએ અમે જેહ, તમે સૂણી લેજ્યો હરિ તેહ.
કેદી દેશો મા દેહાભિમાન, જેણે કરી વીસરો ભગવાન;
કેદી કુસંગનો સંગ મા દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો.
કેદી દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ,
દેશો મા પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ.
દેશો મા દેહ સુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ;
દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ.
દેશો મા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય;
એ આદિ નથી માગતા અમે, દેશો મા દયા કરીને તમે.
પછી બોલિયા શ્યામસુંદર, જાઓ આપ્યો તમને એ વર;
મારી માયામાં નહિ મૂંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ.
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ;
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત.

(ભક્તચિંતામણિ: પ્રકરણ-૬૪)

૨૭. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો

[૧]

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી: "નંદ રાજાએ આખી પૃથ્વીનું ધન ભેળું કર્યું ને પછી છેલ્લી વારે એમાંથી મોત થયું. ને ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીયું ભેળી કરી ને છેલ્લી વારે તેમાંથી દુઃખ થયું ત્યારે મૂકી. તે માર્ગ જ એવો છે."

આ જગતમાં સ્ત્રી અને ધન બેમાં સૌને સુખ જણાય છે. પણ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અહીં બે દૃષ્ટાંત આપી આ જગતનાં સર્વે સુખ નાશવંત છે અને તેમાંથી અંતે દુઃખ જ આવે છે તે સમજાવે છે.

નંદ રાજાએ આખી પૃથ્વીનું ધન ભેગું કરવા વિચાર કર્યો. પછી થયું કે ધન ભેગું કર્યા પછી રાખવું ક્યાં? તેથી વારાહ ભગવાનને પ્રસન્ન કરી તેમની પાસેથી એક હાડકું મેળવ્યું. તેના પ્રતાપે દરિયામાં માર્ગ થઇ જાય અને દ્રવ્ય બધું જ ત્યાં મૂકી આવે. પોતે રાજા તેથી પ્રજા પાસેથી બધું ધન મેળવી લીધું. રાજાએ ખાતરી કરવા એક દોકડે ઊંટ વેચવા કાઢ્યું, ત્યારે મુસલમાન બાઇના દીકરાએ હઠ પકડી, "મને ઊંટ અપાવ." તેની માએ ઘણી ના કહી છતાં ન માન્યો. તેથી બાઇએ ઘોર ખોદાવી તેમાંથી દોકડો કાઢી તેને ઊંટ અપાવ્યું. રાજાને ખબર પડી, તેથી બધી જ ઘોર ખોદાવી ધન લઇ લીધું.

નારદજીને આ લોભ ગમ્યો નહિ. તેમણે આવીને નંદ રાજાનાં રાણીને કહ્યું, "નંદ રાજાને જેવું તેમની આગલી રાણી પર હેત છે, એવું તમારા પર નથી."

ત્યારે રાણીએ કહ્યું, "ના, મારા પર તો અપાર હેત છે."

નારદજીએ ઠાવકાઇથી કહ્યું, "જો એવું હોય તો આગલી રાણીનું હાડકું શા માટે સાચવીને રાખી મૂકે?"

નારદજીના આ શબ્દોથી રાણીના અંતરમાં કાંઇક જિજ્ઞાસા જાગી. તેણે પૂછ્યું, "ક્યાં હાડકું છે?"

"તેમની પાસે જ રાખે છે! આજે આવે ત્યારે જો જો," નારદજીએ કહ્યું.

રાણીને વાત ગળે ઊતરી ગઇ. સાંજે જ્યારે નંદ રાજા આવ્યા, ત્યારે રાણીએ જમવા બેસાર્યા. પછી જઇને અંગરખામાં જોયું તો તેમાં હાડકું જે વારાહ ભગવાને આપેલું તે હતું. તેથી તેને ખાતરી થઇ કે જરૂર આ જ આગલી રાણીનું હાડકું. રાણીએ તે લઇને સળગતા ચૂલામાં નાખી દીધું. બળી રહ્યા પછી નંદ રાજાને વાત કરી કે, "તમને આગલી રાણી પર હેત તેવું મારા પર નથી."

રાજાએ કહ્યું, "ના, એવું નથી. ઘણું હેત છે. જૂનાને સંભારીને શું કરવાનું."

રાણીએ ચોખવટ કરતાં કહ્યું, "તો પછી હાડકું શું કામ સંઘરી રાખ્યું છે? મેં જોયું ને આજ તો ચૂલામાં જ નાખી દીધું."

આ સાંભળી રાજાને આશ્ચર્ય થયું. વિચાર કર્યો, તાગ મળ્યો. ઊઠીને જોયું તો એ જ વારાહ ભગવાને આપેલ હાડકું ચૂલામાં ગયું. તે જાણી અત્યંત દુઃખી થયા. આખા રાજ્યનું દ્રવ્ય ભેળું કર્યું પણ પોતાનેય કામ ન લાગ્યું તેમજ તેમના એક હજાર પુત્રો હતા તેમનેય કામ ન આવ્યું. વધારામાં માનસિક આઘાત અને દુઃખ બંને આવ્યાં.

ચિત્રકેતુ રાજાને કરોડ સ્ત્રીઓ હતી તેમાંથી દુઃખ થયું. તે શૂરસેન દેશના ચક્રવર્તી રાજા હતા.

તેને કરોડ સ્ત્રીઓ હતી પણ એક પણ પુત્ર નહિ.

એક વાર અંગિરા ઋષિ તેમના ઘરે આવ્યા. સ્વાગત કર્યું. અંગિરા ઋષિ ચિત્રકેતુના આદરભાવથી પ્રસન્ન થયા. યજ્ઞ કરી તેનો શેષ પ્રસાદ તેની સદ્‌ગુણી રાણી કૃતધુતિને આપ્યો. તેથી કૃતધુતિ થકી ચિત્રકેતુને પુત્રપ્રાપ્તિ થઈ.

ચિત્રકેતુ અને કૃતધુતિ આ બાળકની બહુ સંભાવના કરતાં, આથી બીજી રાણીઓ કૃતધુતિ અને બાળક સાથે દ્વેષ કરવા લાગી. એક વાર જ્યારે કૃતધુતિ હાજર નહોતી, ત્યારે બીજી રાણીઓએ બાળકને ઝેર પાઈ દીધું. બાળકનું મૃત્યુ થયું. માતા-પિતા અત્યંત દુઃખી થયાં. આમ, ચિત્રકેતુ રાજાને જે રાણીઓ સાથે હેત હતું તે સ્ત્રીઓ જ દુઃખરૂપ થઈ. પછી જ્યારે તેનો ત્યાગ કર્યો ત્યારે શાંતિ થઈ.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી આ દૃષ્ટાંત આપી સમજાવે છે કે જે કાંઈ સુખમય જણાય છે તે અંતે દુઃખરૂપ થાય છે. એક ભગવાન જ સુખના સિંધુ છે, જેમાં દુઃખનો લેશ નથી. માટે ભગવાનમાં અને સંતમાં જોડાવું પણ માયિક સુખમાં ક્યાંય લોભાવું નહિ.

[૨]

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી: "દુઃખ કોઈ માનશો નહિ ને જે જોઇએ તે આપણને મળ્યું છે ને ઝાઝા રૂપિયા આપે તો પ્રભુ ભજાય નહીં, તે સારુ આપતા નથી."

સ્વામી આપણને સમજાવે છે કે જે કાંઈ આપણા પ્રારબ્ધમાં છે તે ભગવાને આપ્યું છે. અન્ન, વસ્ત્ર મળે છે અને સુખેથી સંતના આશરે ભગવાન ભજાય છે તેથી સંતોષ માનવો, પણ વધારે દ્રવ્યની અપેક્ષા રાખવી નહિ. ભગવાન વધુ ધન આપે તો આપણે વ્યવહારમાં ડૂબી, ભગવાનને ભૂલી જઇએ.

એક વાત છે. એક શેઠ બહુ જ ધનાઢ્ય. તેમને બધી વાતે સુખ. કોઈ વાતનું દુઃખ નહિ. તેની બાજુમાં એક ગરીબનું ઝૂપડું હતું. તે રોજ જે કમાય તેમાંથી નિર્વાહ કરે. તેને બીજા દિવસની ચિંતા નહીં. તેથી ભજન-ભક્તિ કરે અને સુખેથી દિવસ પસાર કરે. આવું સુખી કુટુંબ. તેથી શેઠાણીને થાય કે આ ગરીબ છે છતાં સુખી કેમ છે? તેમણે એક-બે વખત શેઠને પૂછ્યું, પણ શેઠે જવાબ આપવાનું ટાળ્યું. એક દિવસ શેઠાણીએ હઠ પકડી કહ્યું, "આપણે બધી વાતે સુખ છે છતાં શાંતિ નથી અને ઝૂંપડાવાળા કેમ સુખી છે? કાંઈ સમજાતું નથી."

શેઠે કહ્યું, "તેને જે મળે છે તેમાંથી સંતોષ માને છે અને ઝાઝા દ્રવ્યની ચિંતા કરતો નથી, તેથી સુખ-શાંતિ છે."

શેઠાણીને સંતોષ ન થયો. તે કહે, "એવું તે કાંઈ હોય, પૈસા ન હોય તે શાંતિથી રહે?"

પછી શેઠે એક કોથળીમાં નવાણું રૂપિયા ભરી, તેના ઝૂંપડામાં કોથળી નાખી. સવારે તે ગરીબ ભગતે જોઈ. ત્યારથી તેને વિચાર થયો કે જો આ થેલીમાં એક રૂપિયો ઉમેરું તો સો પૂરા થઈ જાય. તેથી જે કમાણીમાંથી રોજ નિર્વાહ કરતો, તેમાંથી બે પૈસા બચાવી ભેળા કરવા લાગ્યો. થોડા વખતમાં રૂપિયા સો પૂરા થયા. પછી તો બસો કેમ થાય તે વિચારવા લાગ્યો. આમ, તેની ઊંઘ હરામ થઈ ગઈ. ભજનનું સુખ પણ ગયું. શેઠે શેઠાણીને કહ્યું, "જોયું ને! આ નવ્વાણુંનો ધક્કો લાગે તો સુખ હરામ થઈ જાય."

ગુણાતીતાનંદ સ્વામી આથી જ કહે છે કે જે કાંઈ આપણને મળ્યું છે તેનાથી સંતોષ માનવો.

ઝાઝા રૂપિયાથી વ્યવહાર વધે અને વ્યવહાર વધે ત્યારે સુખ-શાંતિ ન રહે અને ભગવાન ભજવાનું પણ સાંભરે નહિ. માટે ભગવાનની કૃપાથી જે મળે તેમાં સંતોષ રાખી ભક્તિ કરીએ તો અંતરમાં સુખ રહે.

[૩]

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી: "ભગવાન ને મોટા સાધુને આશરે કરીને વાદળ જેવાં દુઃખ આવવાનાં હોય તે પણ ટળી જાય ને સાધન કરીને તો કૂટી કૂટીને મરી જાય તોપણ ન ટળે."

આ વાતમાં સ્વામી સમજાવે છે કે આપણે માથે ગમે તેવાં દુઃખ આવ્યાં હોય પણ ભગવાન અને સંતને વિશે અનન્ય નિષ્ઠા રાખી તેમને આશરે બેસીએ તો દુઃખ તેમની કૃપાથી ટળી જાય.

તે પર એક વાત છે. એક વાર અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી થાણાગાલોલ પધાર્યા. જસા રાજગોર બહુ સારા સત્સંગી પણ વ્યવહારે બહુ જ દુર્બળ. તેમની જમીન હતી તે સાધારણ, બહુ સારું પાકે નહિ. સ્વામી પધાર્યા એટલે પોતાની આવી સ્થિતિ હોવા છતાં પણ શક્તિ પ્રમાણે સેવા કરી. સ્વામીને પ્રાર્થના કરી, "સ્વામી! વ્યવહાર બહુ જ દૂબળો છે. વળી, રસ્તાનું ગામ તેથી સંતો-હરિભક્તો આવે તેની સંભાવના બરાબર થતી નથી અને વ્યવહારમાં પણ અન્ન-વસ્ત્રનું બહુ દુઃખ છે. ખેતીમાં પણ બહુ જ મહેનત કરવા છતાં બરકત આવતી નથી."

ગુણાતીતાનંદ સ્વામીએ ભક્તનું દુઃખ સાંભળી ઘડીક વિચાર કરી કહ્યું, "તમારી પાસે કાંઈ છે?"

ત્યારે તેણે કહ્યું, "હા, સ્વામી! બાજરો છે."

પછી એક પાલી બાજરો ઘરમાં હતો તે લાવી સ્વામી પાસે મૂક્યો. સ્વામીએ તે બાજરો સાથેના સાધુને આપી કહ્યું, "આ સાથે લઈ લેજો. જૂનાગઢ જઈ, પલાળી, સૌ સંતોને મૂઠી મૂઠી આપીશું."

પછી વળી સ્વામીએ પૂછ્યું, "ભગત! ઘરમા કાંઇ લૂગડું છે?"

પછી જસા ભગત ઘરમાંથી વેજું લઈ આવ્યા. તેમાંથી સ્વામીએ એક ગરણું ફાડી લીધું. સ્વામી ઘોડીએ ચડી જસા ભગતના ખેતરે ગયા અને ખેતર જોઈ કહ્યું, "આ જમીન તો સોનું પાકે તેવી છે, માટે વણ વાવજે."

પછી જસા ભગતે સ્વામીની આજ્ઞા પ્રમાણે કોઈકનું સાંતી માગી આડા અવળા ઓગણીસ લીટા સ્વામીની આજ્ઞા પ્રમાણે કર્યા અને વણ વાવ્યો. તે કાલાં (કપાસ) ઘણાં થયાં અને દેવું બધું ઊતરી ગયું અને રૂપિયા પાંચસો વધ્યા. તેમાંથી સંતોને સારી રસોઈ આપી અને વ્યવહારે બહુ સુખી થયા.

આ તો સામાન્ય વ્યવહારનું દુઃખ હતું, પણ આશરો અનન્ય હતો તો અનેક કષ્ટ જે જમીનમાં કાંઈ ન પાકે તેમાં સ્વામીએ અમી રેડ્યું અને દુઃખ ટાળ્યું. આવા અનુભવ તો ઘણા હરિભક્તોને થયા છે.

પાંડવોને માથે ઘણાં જ દુઃખ આવ્યાં. વનવાસ આવ્યો, લાક્ષાગૃહ બાળ્યું, યુદ્ધ થયું, પણ એક શ્રીકૃષ્ણનો આશરો હતો તો દુઃખ સર્વે ઊડી ગયાં. એમનો જ જય થયો. જો ભગવાનનો આશરો ન હોય તો ગમે તેટલું બળ, બુદ્ધિ હોય તોપણ કામ ન લાગે. માટે આપણે પણ દુઃખ આવે

ત્યારે ભગવાન અને સંતને બાઝી પડવું, જેથી દુઃખ સર્વે નાશ પામે અને સુખ થાય.

[૪]

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી: "ભગવાન જીવના ગુના સામું જોતા નથી. તે કોઈ જીવ ભગવાનની સ્તુતિ કરીને એમ બોલે જે, 'હું ગુનેગાર છું,' તો તેના ગુના ભગવાન માફ કરે છે."

ભગવાન અને સંત બહુ જ દયાળુ છે. આપણે ગમે તેવા ગુના કર્યા હોય તોપણ દયા રાખી આપણને સત્સંગમાં નભાવે અને મોક્ષમાર્ગે આગળ વધારે છે. આપણે ગમે તેટલી ભૂલો કરીએ પણ તેને ભૂલી જાય છે. આપણે જોયું છે કે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું વરતાલમાં શુક સ્વામીના સાધુ હરિસ્વરૂપદાસજીએ સભામાં અપમાન કરાવ્યું. ગુણાતીતાનંદ સ્વામી તો દયાળુ. તેમણે તો કાંઈ જ ગણ્યું નહિ અને મંદિરમાં દર્શન કરી પાછા ફરતા, ડોકમાં ગુલાબનો હાર હતો તે પ્રેમથી હરિસ્વરૂપદાસજીને પહેરાવ્યો.

નારાયણપ્રસાદદાસજીએ મોજીદડ પાસે નારાયણ ધરે યોગીજી મહારાજનું અપમાન કર્યું હતું, પરંતુ એ નારાયણપ્રસાદ સારંગપુર આવ્યા ત્યારે યોગીજી મહારાજે તેમની અત્યંત સેવા કરી. કેવા દયાળુ! પોતાનું અપમાન કરનાર જીવ પર અત્યંત કરુણા વરસાવે.

આવા અનેક દોષે યુક્ત અપરાધી જીવ ભગવાનને શરણે જઈ કહે, "હે સ્વામી! હું ગુનેગાર છું," તો તેના સર્વે ગુના માફ કરી શુદ્ધ કરે છે. શાસ્ત્રીજી મહારાજનું બોચાસણના હીરાભાઈ મુખીએ શરણું સ્વીકાર્યું, પોતાના અપરાધોનો એકરાર કર્યો, તો શાસ્ત્રીજી મહારાજે તેમને વ્યસનોથી મુક્ત કરી નિર્દોષ કર્યો.

ભગવાન તો જીવના ગુના માફ કરવા જ બેઠા છે, પણ જીવ ભગવાનને દીન-આધીન થઈ પ્રાર્થના કરતો નથી. ગુણાતીતાનંદ સ્વામીએ તેમની વાતોમાં કહ્યું છે કે દોઢ પહોર દિવસ ચડતા સુધી ભગવાન જીવના ગુના માફ કરે છે, પણ જીવની અવળાઈ એવી છે કે બીજું ઘણું કરે પણ ભગવાન સંભારે નહિ, પ્રાર્થના કરે નહિ, તેથી દુઃખ પણ જાય નહિ.

[૫]

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી: "રાજાને પાણી ન પાયું, તોપણ તેણે સંકલ્પ કર્યો હતો તેથી ગામ આપ્યું. તે જીવ પોતાના સ્વભાવ મૂકતા નથી, તેમ ભગવાન પણ પોતાનો સ્વભાવ મોક્ષ કરવાનો, તે મૂકતા નથી."

એક રાજા હતા. તે જંગલમાં શિકાર કરવા ગયા. શિકાર પાછળ ખૂબ દૂર સુધી નીકળી ગયા. તેમના સાથીદાર સેવકો હતા તે કોઈ સાથે રહી શક્યા નહિ. રાજાને ખૂબ તરસ લાગી પણ પાણીની તૃષા છીપે એવું ક્યાંય જણાયું નહિ. એમ થોડો માર્ગ કાપતાં એક ખેડૂતને ખેતરમાં કામ કરતો જોયો. રાજાને થયું: પાણી ત્યાં જરૂર મળશે.

ખેડૂતે પણ રાજાને જોયા. રાજાએ વિચાર કર્યો: "જો પાણી પીવરાવે તો મારે એક ગામ બક્ષિસ આપવું." ખેડૂતે વિચાર કર્યો: "આવા હિંસક માણસને મારે પાણી પાવું નથી." એમ વિચારી પાણી હતું તે ઢોળી દીધું.

રાજા નજીક આવ્યા. જોયું કે પાણી ઢોળી દીધું છે તોપણ પોતે ગામ આપવાનો સંકલ્પ કર્યો હતો તેથી ગામ આપ્યું.

આ દૃષ્ટાંત આપી ગુણાતીતાનંદ સ્વામી સમજાવે છે કે જીવ ભગવાન અને સંતના આશરે

આવે તોપણ પોતાના સ્વભાવ ન મૂકે. ત્યારે ભગવાન પણ પોતાનો સ્વભાવ મોક્ષ કરવાનો કેમ મૂકે? મગનીરામ દેવીવાળા કેવા આશયથી શ્રીજીમહારાજ પાસે આવ્યા, તોપણ મહારાજે તેનો મોક્ષ કરવાનું નક્કી કર્યું હતું તેથી તેને ઐશ્વર્ય બતાવી, તેની દેવી દ્વારા જ પોતાનો મહિમા સમજાવી સત્સંગી કર્યા, સાધુ કર્યા ને મોક્ષ કર્યો. એ જ ભગવાનની કૃપા.

૨૮. બંધિયાના ડોસાભાઈ

"તમે બધા બંધિયાથી આવો છો? તો અમારા ખરેખરા ભક્તરાજ ડોસાભાઈ શું કરે છે? તેમના શું સમાચાર છે?" પોતાને મળવા આવેલા બંધિયાના વાણિયાઓને શ્રીજીમહારાજે પૂછ્યું.

ત્યારે વાણિયાઓ બોલ્યા, "અમે તો ગળા સુધી સંસારમાં બૂડેલા છીએ, પણ તમારા ડોસાભાઈ તો ચોટલી સુધી સંસાર-વહેવારમાં ડૂબ્યા છે. તે ભગવાન ભજવા નવરા થતા જ નથી. અરે! સવારના નાહવા-ધોવાનો પણ સમય મળતો નથી. પરંતુ તમારા સત્સંગી છે તેથી તમો વખાણ કરો, તેમાં શી નવાઈ?"

આ સાંભળી શ્રીજીમહારાજ હસ્યા. તેમણે કહ્યું, "જો ડોસાભાઈને સાધુ કરીએ તો તમે સત્સંગી થશો?"

વાણિયાઓ વિચાર કરવા લાગ્યા કે: "હમણાં ડોસાભાઈએ ગામની બધી જ વાડીના ગોળનું સાટું કર્યું છે. તેથી તે વેપારનો સારો લાભ છોડી સાધુ થવાનું નામ લે એમ જણાતું નથી." એમ સૌએ વિચાર કરી મહારાજને જવાબ આપ્યો કે, "જો તમારા ડોસાભાઈ સાધુ થાય તો જરૂર અમે સ્વામિનારાયણની કંઠી પહેરીશું."

એટલે શ્રીજીમહારાજે કહ્યું, "તમારું લગ્નકાર્ય પતી જાય પછી પાછા વળતાં અમોને મળી જજો."

બંધિયાના જૈન વાણિયા જાન લઈને ગઢડા આવ્યા હતા. તેમની સાથે આ રીતે વાત કર્યા બાદ તરત જ શ્રીજીમહારાજે ભગુજીને બોલાવ્યા ને કહ્યું, "લો, આ ભગવાં વસ્ત્ર ને હમણાં જ તમે ઘોડા ઉપર સવાર થઈને બંધિયા જાઓ. ડોસાભાઈને આ ચિઠ્ઠી આપજો ને કહેજો કે આ ચિઠ્ઠીમાં લખ્યા મુજબ તરત ભગવાં વસ્ત્ર ધારણ કરીને ગઢડા આવે."

ભગુજી તો આજ્ઞા માથે ચડાવી બંધિયા જવા ઊપડ્યા.

ડોસાભાઈ ગોળનાં ગાડાં જોખતા હતા. સવારના અગિયાર વાગ્યા હતા. ફુરસદ મળી ન હતી તેથી દાતણ હજી કાન ઉપર જ ખોસી રાખ્યું હતું. તે વખતે અચાનક ઘોડા ઉપર ભગુજીનાં દર્શન થયાં. ગોળ જોખવાનો પડતો મૂકીને તેમણે ભગુજીને દંડવત્ પ્રણામ કર્યા.

"બોલો, મહારાજની શી આજ્ઞા છે?" ડોસાભાઈએ હાથ જોડી પૂછ્યું.

ભગુજીએ તરત જ ચિઠ્ઠી આપી કહ્યું, "આ ભગવાં વસ્ત્ર ધારણ કરી તમને મહારાજે ગઢડે બોલાવ્યા છે."

મહારાજની ચિઠ્ઠી વાંચી ડોસાભાઈએ તરત જ ભગવાં વસ્ત્ર પહેરી લીધાં ને ભગુજી સાથે ચાલી નીકળ્યા. ઘેર સંદેશો પણ કહેવરાવ્યો નહિ તેમજ દુકાનની પણ ભલામણ કોઈને કરી નહિ. ગઢડે જઈ મહારાજનાં દર્શન કર્યાં.

બંધિયાના વાણિયા લગ્ન પછી પાછા વળતાં જ્યારે શ્રીજીમહારાજને મળવા આવ્યા ત્યારે સંતમંડળમાં બેઠેલા ડોસાભાઈ તરફ આંગળી ચીંધીને મહારાજે પૂછ્યું, "આમને ઓળખો છો?"

બંધિયાના વાણિયા તો એકદમ અચંબો પામી ગયા અને કહેવા લાગ્યા, "હે મહારાજ! ડોસાભાઈ તમારા ખરેખરા ભક્તરાજ છે. ડોસાભાઈ તો મહાવૈરાગ્યવાન છે અને અમે સંસારી જીવ છીએ, તે ડોસાભાઈને પણ અમારી જેમ સંસારમાં આસક્ત જોતા હતા. ડોસાભાઈને ઓળખવામાં ભૂલ કરી છે." એમ શ્રીજીમહારાજની માફી માગી વાણિયાઓએ રજા લીધી.

ત્યારબાદ શ્રીજીમહારાજે ડોસાભાઈને ધોળાં વસ્ત્ર આપ્યાં ને કહ્યું, “લો, આ તમારાં પહેલાનાં વસ્ત્ર પાછાં પહેરી લો અને ઘેર જાઓ. ડોશીમા જીવે ત્યાં સુધી તેમની સેવા કરો. તમે તો ગૃહસ્થ હોવા છતાં અખંડ સાધુ જ છો. સંસાર તમને બાધ કરી શકે તેમ નથી.”

શ્રીજીમહારાજની આજ્ઞા શિરોમાન્ય કરી ડોસાભાઈ પાછા ઘેર આવ્યા.

મહારાજને વિશે માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળા ભક્તરાજ ડોસાભાઈ હતા. કોઈ દિવસ તેમણે મહારાજની આજ્ઞામાં લેશપણ ફેર પડવા દીધો નથી. તેમણે મહારાજની આજ્ઞા અધ્ધર ઝીલી છે.

આ ડોસાભાઈ વણિક જ્ઞાતિના હતા અને સૌ પ્રથમ સરધાર રહેતા. તેઓ રામાનંદ સ્વામીના અનન્ય શિષ્ય હતા. રામાનંદ સ્વામીના દેહત્યાગ પછી શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં અને મહારાજના સ્વરૂપનો દૃઢ નિશ્ચય તેમને થઈ ગયો.

ત્યારબાદ મહારાજ ડોસાભાઈને સહકુટુંબ બંધિયા તેડી લાવ્યા ને ત્યાંના દરબાર મૂળુખાચરને ભલામણ કરી ડોસાભાઈને ઘરબાર સર્વે સમૃદ્ધિ અપાવી. ત્યારથી ડોસાભાઈ બંધિયા રહ્યા.

આવી ખરેખરી ટેક ને દૃઢ નિષ્ઠાવાળા ડોસાભાઈ હતા. ડોસાભાઈ જેવો મહારાજના સ્વરૂપનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય સૌએ કરવાનો છે.

૨૯. મૂળજી અન કૃષ્ણજી

કચ્છમાં માનકૂવા ગામ છે. શ્રીજીમહારાજ અહીં ઘણી વખત પધારેલા. તેથી પ્રસાદીનું ગામ છે. અહીં બે બ્રાહ્મણો - મૂળજી અને કૃષ્ણજી રહેતા હતા. તેઓ શ્રીજીમહારાજના આશ્રિત હતા. ખેતી કરી જીવનનિર્વાહ કરતા.

એક દિવસ શ્રીજીમહારાજ માનકૂવા પધાર્યા. કાતર લઈને બેઠા ને કહેવા લાગ્યા, "જે અમારા ખરેખરા સત્સંગી હો તે આવો, ત્યાગી કરવા છે." સાધુ થવા તે કોણ તૈયાર થાય? સૌ ધીરે ધીરે ઊઠી ગયા.

તે સમયે મૂળજી અને કૃષ્ણજી ખેતરેથી આવ્યા. બીજા સત્સંગીઓએ વાત કરી કે, "આજે તો મહારાજે આમ કહ્યું તેથી સૌ ઊઠી ગયા."

તે સાંભળી બંને તરત મહારાજ પાસે ગયા. પગે લાગીને કહ્યું, "હે મહારાજ! અમને ત્યાગી કરો."

ત્યારે મહારાજ કહે, "ખાવા નહિ મળે, બાવા મારશે. ટાઢ-તડકો વેઠવો પડશે. એવાં અનંત દુઃખ આવશે ને હેરાન થઈ જશો. માટે જાઓ, તમારા મનને પૂછી જુઓ."

બંને જણ થોડે દૂર જઈ મનને શિખામણ દેવા લાગ્યા, "હે મનવા! આ દેહે પરમેશ્વર નહિ ભજાય તો કૂતરાં, ગધેડાં કે બીજાં જાનવરના જન્મ ધરવા પડશે. ત્યાં કોણ ઓઢાડશે? કોણ ખાવા દેશે? પથારી કોણ કરી દેશે? માથું કોણ દાબશે? માટે આ ફેરે ભગવાનની આજ્ઞામાં રહીએ તો પછી ભોગવવું ન પડે. હે મન! તારો શો વિચાર છે?"

આ પ્રમાણે મન સાથે નક્કી કરીને મહારાજ પાસે આવ્યા ને કહે, "હે મહારાજ! મન તો હા પાડે છે."

એક જણાએ કેડીયાની કસુ છોડવા માંડી ત્યારે બીજાએ કહ્યું, "હવે ક્યાં પહેરવું છે?" એમ કહી કસુ તોડી નાખી.

તેમનો ઉત્કૃષ્ટ વૈરાગ્ય જોઈ મહારાજે કહ્યું, "તમે પરમહંસ થઈ ગયા. માટે અમારી આજ્ઞાથી ગૃહસ્થાશ્રમ કરો. તમને સંસારનું બંધન અડશે નહિ."

મહારાજની આજ્ઞા શિરે ચઢાવી બંને જણ ઘેર તો ગયા પણ સંસારમાંથી તેમનું મન ઊઠી ગયું હતું.

મૂળજીને શ્રીજીમહારાજના સર્વોપરીપણાનો દૃઢ નિશ્ચય હતો, જ્યારે કૃષ્ણજીને મનમાં એમ કે ભગવાન તો કેમ કહેવાય? પણ મોટાપુરુષ ખરા.

મૂળજીને તેણે કહ્યું, "કાં તો તું ભગત ખોટો કાં ભગવાન ખોટા, કેમ કે જો ભગવાન હોય તો તું પાછો કેમ આવે?"

પછી તેના મનનું સમાધાન કરવા મૂળજી તેને ગઢડે લઈ ગયા. અહીં મહારાજનાં દર્શન કરતાં જ તેને મહારાજનો નિશ્ચય થઈ ગયો.

તે પછી કૃષ્ણજીએ કહ્યું, "હવે ઘેર જવું નથી."

ઘણા દિવસ થયા એટલે ઘેરથી પત્ર આવ્યો: "શ્રીજીમહારાજને માલૂમ થાય જે મૂળજી ને કૃષ્ણજી પરણેલા છે ને ઉપાધિ બહુ છે. માટે બેયને કૃપા કરી તરત ઘેર મોકલી આપશો."

પછી શ્રીજીમહારાજે તેમને ઘેર જવા આજ્ઞા કરી એટલે ઘેર જવા નીકળ્યા, પણ ઘેર ન જતાં

રસ્તામાં વંથળીમાં એક શેઠને ત્યાં સાથી તરીકે રહ્યા. બાર મહિના પૂરા થયા એટલે બંને જણ સાઈઠ રૂપિયા લઈને મહારાજ પાસે આવ્યા. હાથ જોડીને બેઠા ને કહ્યું, "અમને અહીં રાખો ને સાધુ કરો."

શ્રીજીમહારાજે પૂછ્યું, "અત્યાર સુધી ક્યાં હતા?"

મૂળજીએ કહ્યું, "મહારાજ! વંથળી રોકાયા હતા."

પછી શ્રીજીમહારાજે કહ્યું, "તમારાં ઘરનાં માણસો તમને તેડવા આવ્યાં છે, તેમની સાથે ઘેર જાઓ. જો તમારે દીક્ષા લેવી હોય તો ઘરનાં માણસોની રજાચિઠ્ઠી લઈને આવો."

મહારાજની આજ્ઞાથી બેઉ જણ નીકળ્યા. રસ્તામાં ઘરનાં માણસોને સમજાવ્યા ને ત્યાગી થવાની રજા આપવા કહ્યું, પણ કોઈ માન્યું નહિ. એટલે બંને જણાએ પોતાની ઇન્દ્રિયો કાપી નાખી. તેમની સ્ત્રીઓ ઉદાસ થઈ ઘેર ગઈ. મૂળજી ને કૃષ્ણજી મહારાજ પાસે આવ્યા. મહારાજે બેયને વિમુખ કર્યા. પછી પોતાની મેળે ભગવાં પહેર્યાં ને પરમહંસ થઈ છેટેથી મહારાજનાં દર્શન કરતા. બાર મહિના આ રીતે સત્સંગમાં રખડ્યા.

પછી ગઢડે આવ્યા. મહારાજ પાસે દર્શને ગયા ત્યારે મહારાજે આજ્ઞા કરી, "તેમને આવવા દેશો નહિ. બેયને કાઢી મૂકો." એટલે તેમને કાઢી મૂક્યા.

પછી રાત્રે ઠંડા પહોરે ઘેલાને કાંઠે બેસી પરજ રાગનાં કીર્તનો તેઓ ગાવા માંડ્યા. મહારાજે અક્ષર ઓરડીમાં તે સાંભળ્યાં. મહારાજે ભગુજીને કહ્યું, "પેલા બે જણા કીર્તન બોલે છે તેથી અમારો ઢોલિયો ખેંચાય છે. માટે તેમને દૂર કાઢો."

પછી ગુંદાળાને માર્ગે હનુમાન ધાર છે ત્યાં સુધી પાળા મૂકી આવ્યા. અહીં બેસીને પણ તેઓ કીર્તનો બોલવા મંડ્યા. તે સાંભળીને મહારાજે ફરી કહ્યું, "અમારો ઢોલિયો તણાય છે."

પાંચ-સાત પાળા તેમને કાઢવા માટે આવ્યા. ત્યારે મૂળજી તથા કૃષ્ણજીએ તેમને પગે લાગીને કહ્યું, "મહારાજ જેમ આજ્ઞા કરશે તેમ કરીશું. બાકી તમારા જેવા સો-સો આવશે ત્યાં સુધી અમે કચ્છી છીએ તે નહિ ઊઠીએ. જાઓ મહારાજને પૂછો કે શી આજ્ઞા છે?"

પાળાઓએ મહારાજની પાસે જઈને આ વાત કરી. મહારાજને તો તેમની પરીક્ષા જ કરવી હતી. મહારાજે કહ્યું, "તેમને અહીં બોલાવો."

તેઓ મહારાજ પાસે આવ્યા એટલે મહારાજે અક્ષર ઓરડીમાં સભા ભરીને સૌને કહ્યું, "કૂતરાને હડકારે તેમ એમને અમે હડકાર્યા છે, તોય અમારો નિશ્ચય મટતો નથી."

પછી સૌએ કહ્યું, "હવે તેમને રાખો."

શ્રીજીમહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી મૂળજીનું નામ 'ઘનશ્યામાનંદ સ્વામી' પાડ્યું અને તેમને જૂનાગઢ મોકલ્યા. કૃષ્ણજીનું નામ 'સર્વજ્ઞાનંદ સ્વામી' પાડ્યું ને તેમને અમદાવાદના મહંત કર્યા.

આવો માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેના ઉપર શ્રીજીમહારાજની પ્રસન્નતા થાય છે.

૩૦. મહિમા

શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી અને સર્વ કારણના કારણ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. તેઓ કર્તા, સદા સાકાર, સર્વોપરી, સર્વજ્ઞ, દિવ્ય અને સદા પ્રગટ છે. શ્રીજીમહારાજ સર્વ દોષે રહિત, સર્વ માયિક ગુણે રહિત, નિર્દોષ અને અનંત કલ્યાણકારી ગુણોએ યુક્ત છે. તેમના જેવું ઐશ્વર્ય, રૂપ, ગુણ કે સામર્થ્ય અનંત કોટિ બ્રહ્માંડમાં કોઈનું નથી. તેઓ અક્ષરબ્રહ્મ, અક્ષરમુક્ત, માયા, ઈશ્વરો અને જીવો એ સર્વથી પર છે. સર્વના અંતર્યામી છે, સર્વના સ્વામી છે, સર્વના આધાર છે અને સર્વને ઉપાસના કરવા યોગ્ય છે. તેમને માયા કે માયાનું કાર્ય લેશમાત્ર અડતું નથી. આવી સ્પષ્ટ સમજણ સાથે દૃઢ નિશ્ચય કરવો તે પુરુષોત્તમ નારાયણનો મહિમા કહેવાય.

અક્ષરબ્રહ્મ પણ પુરુષોત્તમની જેમ એક અને અદ્વિતીય છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અનાદિ મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે. શ્રીજીમહારાજના સર્વોત્તમ, આદર્શ ભક્ત છે. અક્ષરબ્રહ્મ પણ માયા, ઈશ્વરો અને જીવોથી પર છે. તે પણ સર્વ જગતના કારણ છે અને આધાર છે. અક્ષરબ્રહ્મ પણ સર્વ દોષે રહિત છે. મુમુક્ષુઓને ભક્તિનો તે આદર્શ છે. અક્ષરબ્રહ્મરૂપ થઈએ ત્યારે જ પુરુષોત્તમની ભક્તિના અધિકારી થવાય છે, ત્યારે જ અક્ષરધામમાં પુરુષોત્તમની સેવામાં રહી શકાય છે; એવો અક્ષરબ્રહ્મનો મહિમા સમજવો.

પોતાને મળ્યું જે પરમ એકાંતિક સંતનું સ્વરૂપ ગુણાતીત4 સમજવું. તેમના દ્વારા મહારાજ આ પૃથ્વી ઉપર અખંડ વિચરી રહ્યા છે અને મુમુક્ષુઓને સુખ દઈ કલ્યાણ કરી રહ્યા છે. તેમનામાં મહારાજ નખશિખા પર્યંત સમ્યક્ પ્રકારે રહ્યા છે. તેમનાથી અણુમાત્ર પણ છેટા જતા નથી. તેમનું સ્વરૂપ દિવ્ય, નિર્દોષ અને માયારહિત સમજવું. જે મુમુક્ષુ જીવ તેમને મન, કર્મ, વચને નિર્દોષભાવે સેવે, તે જ ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર થઈ બ્રહ્મરૂપ થાય છે. પ્રગટ ગુરુરૂપહરિ જે બ્રહ્મસ્વરૂપ સંત હોય તેનો આવો મહિમા સમજવો.

શ્રીજીમહારાજ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતના સંબંધવાળા દરેક ભક્તને પણ બ્રહ્મની મૂર્તિ સમાન ગણવા. તેમને ભગવાનનો સંબધ છે માટે તેમનો અવગુણ લેવો નહિ, તેમની સાથે રીસની આંટી બાંધવી નહિ. ઉદ્ધવજી ગોપીઓનો જેવો મહિમા સમજતા તેવો મહિમા ભગવાનના ભક્તોનો સમજવો.

આવો મહિમા નિરંતર સાધુના સંગે જ જાણ્યામાં આવે છે. આવો મહિમા જેને સમજાય તેને ભગવાનના ભક્ત સાથે ક્યારેય વેર બંધાય નહિ. સમગ્ર સત્સંગ તેને દિવ્ય ભાસે અને સહેજે સહેજે સત્સંગમાં સંપ, સુહૃદભાવ અને એકતાના ભાવે વર્તે. નિરંતર પોતાના જ દોષ જુએ, તેને ટાળવા ખટકો રાખે.

આવો મહિમા સમજતો હોય તોપણ ભગવાનની બાંધેલી ધર્મમર્યાદાને લોપે નહિ. બીજા કરતાં તે અધિક વર્તે, પણ ધર્મમાંથી ક્યારેય પડે નહિ.

આવો મહિમાવાળો ભક્ત હંમેશાં પોતાને કૃતાર્થ અને પૂર્ણકામ માની આનંદમાં રહે. “મારું નિશ્ચય જ કલ્યાણ થશે અને હું અક્ષરધામને પામીશ” – એમ તે ભક્ત માને. મહિમાએ યુક્ત ભક્તિ કરે તે જ ભક્તિ નિર્વિઘ્ન રહે છે.

૩૧. કલ્યાણ

કલ્યાણ એટલે મોક્ષ અથવા મુક્તિ. મોક્ષ એટલે મોહનો ક્ષય. પરમ એકાંતિક સંતના સેવા-સમાગમથી અનાદિ અજ્ઞાન અને કર્મબંધનમાંથી મુક્ત થઈ, બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમ ભગવાનની સેવાના અધિકારી થવું તેનું નામ મુક્તિ અથવા કલ્યાણ. મુક્તિ એટલે પરમપદ અર્થાત્ ભગવાનના અક્ષરધામની પ્રાપ્તિ.

શ્રીજીમહારાજે વચનામૃત પંચાળા-૧માં કહ્યું છે કે: "પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી ઇન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે."

વળી, "દેવલોકને ભગવાનના ધામ (અક્ષરધામ) આગળ મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યા છે." (વચ. સા. ૧૧). કારણ, દેવલોકનાં ભોગસુખ છે તે અક્ષરધામના દિવ્યસુખ આગળ નરક જેવાં છે. વળી, દેવલોકમાંથી પૃથ્વી ઉપર આવી જન્મ-મરણના ચકરાવામાં ફરવાનું રહે છે, ગર્ભમાં આવવાનું રહે છે; જ્યારે અક્ષરધામમાંથી પૃથ્વીલોક પર પાછું આવવાનું કે જન્મ-મરણ રહેતું નથી, સદાને માટે ભગવાનના અપાર સુખ અને સેવાની પ્રાપ્તિ થાય છે.

શાસ્ત્રમાં કલ્યાણ અનંત પ્રકારનું કહ્યું છે, પરંતુ આત્યંતિક કલ્યાણ જે અક્ષરધામની પ્રાપ્તિ અને પુરુષોત્તમની અખંડ સેવા અને જન્મ-મરણનાં ચક્રોમાંથી છુટકારો, તે અતિશય દુર્લભ છે.

આવું આત્યંતિક કલ્યાણ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ અથવા તો પરમ એકાંતિક સત્પુરુષ અર્થાત્ પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતને સંગે જ થાય છે. જ્યારે પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતના સેવા-સમાગમે કરીને પુરુષોત્તમના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય અને ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર બ્રહ્મરૂપ થાય ત્યારે જીવનું આત્યંતિક કલ્યાણ થાય છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ આ ચારે ગુણ પરમ એકાંતિક સંતનો સમાગમ કરીને સિદ્ધ થાય ત્યારે જ આત્યંતિક કલ્યાણ થાય.

૩૨. સુભાષિત

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥ १ ॥
मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥ २ ॥

જે સુખ-દુઃખને સમાન સમજે છે; માટી, પથ્થર તથા સોનું જેને સમાન છે; તથા પ્રિય-અપ્રિયમાં, નિંદા અને સ્તુતિમાં, માન અને અપમાનમાં તથા શત્રુપક્ષ અને મિત્રપક્ષમાં જેને સમભાવ વર્તે છે; બધાં કર્મોમાં કર્તાપણાના અભિમાનથી જે રહિત છે; તે મનુષ્ય ત્રણ ગુણથી પર થયેલા ગુણાતીત કહેવાય છે. (૧, ૨)

(ગીતા: ૧૪-૨૪, ૨૫)

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ ३ ॥

બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલો ને પ્રસન્નચિત્ત મનુષ્ય કશાનો શોક કરતો નથી કે કશાની આકાંક્ષા કરતો નથી અને સર્વ ભૂતોમાં સમભાવથી રહેતો થકો મારી પરમ ભક્તિને પામે છે. (૩)

(ગીતા: ૧૮-૫૪)

निजात्मानं ब्रह्मरूपं देहत्रय विलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥ ४ ॥

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ, તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા, તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વકાળને વિશે કરવી. (૪)

(શિક્ષાપત્રી: ૧૧૬)

गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः |
क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ॥ ५ ॥

તે સાધુ ને બ્રહ્મચારી તેમણે, કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું, પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ; અને તેનું જેમ હિત થાય તેમજ મનમાં ચિંતવન કરવું, પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. (૫)

(શિક્ષાપત્રી: ૨૦૧)

आसामहो चरणरेणुजुषामहं स्यां
वृन्दावने किमपि गुल्मलतौषधीनाम् ।
या दुस्त्यजं स्वजनमार्यपथं च हित्वा
भेजुर्मुकुन्दपदवीं श्रुतिभिर्विमृग्याम् ॥ ६ ॥

અહો! જે ગોપીઓ કોઈથી પણ ન ત્યાગ થઈ શકે એવા સંબંધીજનનો અને આર્યોના ધર્મમાર્ગનો ત્યાગ કરીને વેદોએ ગોતવા યોગ્ય એવી મુકુંદ ભગવાનની પદવીને ભજતી હતી અર્થાત્ ભગવાનમાં ધ્યાનપરાયણ થતી હતી; તે આ ગોપીઓની ચરણરજના સ્પર્શવાળી વૃંદાવનમાં વર્તતી

ગુલ્મ, લતા, ઔષધિ વગેરેને મધ્ય હું પણ કોઈક થઉં એટલે કોઈક તૃણ કે કીટકાદિરૂપે ગોપીઓના ચરણરેણુના સ્પર્શને યોગ્ય હું થઉં આવી આકાંક્ષા કરું છું. (૬)

(ભાગવત: ૧૦-૪૭-૬૧)

यन्नामधेयश्रवणानुकीर्तनाद्यत्प्रह्वणाद्यत् स्मरणादपि क्वचित् ।
श्वादोऽपि सद्यः सवनाय कल्पते कथं पुनस्ते भगवन्नु दर्शनात् ॥ ७ ॥
अहो बत श्वपचोऽतो गरीयान् यज्जिह्वाग्रे वर्तते नाम तुभ्यम् ।
तेपुस्तपस्ते जुहुवुः सस्नुरार्या ब्रह्मानूचुर्नाम गृणन्ति ये ते ॥८॥

હે ભગવાન! કદાચિત્ પણ જે તમારા નામનું શ્રવણ-કીર્તન કરવાથી તથા તમોને પ્રણામ કરવાથી તથા તમારું સ્મરણ કરવાથી શ્વપચ પણ તત્કાળ યજ્ઞ કરવાને માટે કલ્પાય છે એટલે પવિત્ર થાય છે, તો તમારાં દર્શનથી પવિત્ર થાય અને કૃતજ્ઞ થાય તેમાં શું કહેવું? (૭)

આ એક આશ્ચર્યની વાત છે કે જે શ્વપચના જિહ્વાગ્રમાં તમારું નામ વર્તે છે તે શ્વપચ પણ તમારા નામોચ્ચારણથી તમારી ભક્તિએ રહિત એવા કર્મઠોથી શ્રેષ્ઠ થાય છે. વળી, જે જનોએ તમારું નામ ઉચ્ચારણ કર્યું છે તેમણે જ તપ કર્યું છે, તેમણે જ હોમ કર્યો છે, તેમણે જ તીર્થમાં સ્નાન કર્યું છે, તે જ સદાચારવાળા છે, તેમણે જ વેદનો અભ્યાસ કર્યો છે, એમ જાણવું. (૮)

(ભાગવત: ૩-૩૩-૬, ૭)

धर्मस्त्याज्यो न कैश्चित् स्वनिगमविहितो वासुदेवे च भक्तिर्
दिव्याकारे विधेया सितघनमहसि ब्रह्मणैक्यं निजस्य ।
निश्चित्यैवान्यवस्तून्यणुमपि च रतिं सम्परित्यज्य सन्तः
तन्माहात्म्याय सेव्या इति वदति निजान् धार्मिको नीलकण्ठः ॥ ९ ॥

વેદશાસ્ત્રમાં કહેલા સદાચારરૂપી ધર્મનો (બ્રહ્માદિક દેવથી માંડીને મોટા પરમહંસ, બ્રહ્મવેત્તા, સંત, સંન્યાસી, સિદ્ધપુરુષ વગેરે) કોઈએ પણ ક્યારેય ત્યાગ કરવો નહિ અને તેજોમય અક્ષરધામમાં વિરાજમાન એવા સદા એક દિવ્ય સાકારમૂર્તિ શ્રી વાસુદેવ ભગવાનની ભક્તિ કરવી તથા પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ભગવાન સિવાય બીજી વસ્તુમાંથી અલ્પ પણ પ્રીતિનો સંપૂર્ણ ત્યાગ કરી, પરમાત્મા પુરુષોત્તમ નારાયણનું માહાત્મ્ય જાણવા માટે એકાંતિક સંતોની સેવા કરવી. એમ શ્રી ધર્મદેવના પુત્ર શ્રી નીલકંઠ વર્ણી પોતાના આશ્રિતોને ઉપદેશ કરે છે. (૯)

(સત્સંગિજીવન: ૫-૫૫-૨૮)

दृष्टाः स्पृष्टा नता वा कृतपरिचरणा भोजिताः पूजिता वा
सद्यः पुंसामघौघं बहुजनिजनितं घ्नन्ति ये वै समूलम् ।
प्रोक्ताः कृष्णेन ये वा निजहृदयसमा यत्पदे तीर्थजातं
तेषां मातः प्रसङ्गात्किमिह ननु सतां दुर्लभं स्यान्मुमुक्षोः ॥ १० ॥

જે સત્પુરુષો દર્શન કરવાથી, સ્પર્શ કરવાથી, નમસ્કાર કરવાથી, પરિચર્યા કરવાથી દર્શનાદિક કરનારા પુરુષોના અનેક જન્મોમાં કરેલા પાપપુંજને તત્કાળ સમૂળ નિશ્ચય નાશ કરે છે; વળી, જે સત્પુરુષોને શ્રીકૃષ્ણ ભગવાને પોતાના હૃદયસમાન પ્રિય કહ્યા છે; તથા જેમનાં ચરણમાં તીર્થમાત્ર નિવાસ કરીને રહ્યાં છે; હે માતા! આવા સત્પુરુષોનો પ્રસંગ થાય તો મુમુક્ષુને આ લોકમાં કયો અર્થ દુર્લભ રહે? કોઈ પણ અર્થ અવશેષ રહે નહીં. આ પ્રમાણે શ્રીહરિએ સ્વમાતા

ભક્તિદેવીના પ્રતિ સત્સંગનો મહિમા કહ્યો છે. (૧૦)

(સત્સંગિજીવન: ૧-૩૨-૪૬)

न रोधयति मां योगो, न सांख्यं धर्म एव च ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा ॥ ११ ॥
व्रतानि यज्ञश्छन्दांसि तीर्थानि नियमा यमाः ।
यथाऽवरुन्धे सत्सङ्गः सर्वसङ्गापहो हि माम् ॥ १२ ॥

શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે કે સઘળા કુસંગોનો નાશ કરનાર સત્સંગ જેવી રીતે મને વશ કરે છે; તેવી રીતે યોગ, સાંખ્ય (તત્ત્વવિવેક), ધર્મ, વેદાધ્યયન, તપ, સંન્યાસ, યજ્ઞ, વાવ, કૂવા આદિ કરાવવારૂપ પૂર્ત, દક્ષિણા (દાન), વ્રત, દેવપૂજન, મંત્રો, તીર્થ, નિયમ અગર યમ પણ મને વશ કરી શકતાં નથી.

(ભાગવત: ૧૧-૧૨-૧, ૨)

૩૩. ભક્તરાજ મગનભાઇ

ભક્તરાજ મગનભાઈ એટલે આફ્રિકા સત્સંગમંડળના પ્રણેતા. પૂર્વ આફ્રિકામાં સ્વામિનારાયણ અર્થાત્ અક્ષરપુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવવામાં એમણે ભગીરથ પુરુષાર્થ કર્યો હતો.

તેમનો જન્મ ગુજરાતના ચારુતર પ્રદેશના વસો ગામે સંવત ૧૯૫૭ના શ્રાવણ વદિ એકાદશી(તા. ૧૫-૮-૧૯૦૧)ના પવિત્ર દિવસે થયો હતો. અભ્યાસ કર્યા બાદ તેઓ ઈ. સ. ૧૯૧૯માં આફ્રિકા ગયા ને રેલવેની નોકરીમાં રહ્યા.

મગનભાઈ ઈ. સ. ૧૯૨૯માં કીબ્વેઝીમાં સ્ટેશન માસ્તર હતા. તે સમયે તે જ સ્ટેશને ગાનાના વતની, પરંતુ આફ્રિકામાં રેલવેમાં નોકરી કરતા ભક્તરાજ હરમાનભાઈની બદલી થઈ. તેમના સંપર્કમાં મગનભાઈ આવ્યા. ભગવદ્ભક્તના સુયોગથી પૂર્વ સંસ્કાર ઉદય થયા અને વ્યસનોમાંથી મુક્ત થયા. હરમાનભાઈ પાસેથી અવારનવાર 'વચનામૃત' સાંભળી તેમની જિજ્ઞાસા વધતી જ ગઈ. દૂધમાં સાકર ભળે તેમ તેઓનો પરસ્પર પ્રેમભાવ વધતો જ ગયો. તેમની બદલી મકીન્ડુ થઈ તોપણ ટેલિફોન દ્વારા તે સંપર્ક ચાલુ જ રહ્યો. હરમાનભાઈ દ્વારા તેઓ સ્વામી નિર્ગુણદાસજીના યોગમાં પત્ર દ્વારા આવ્યા. નિર્ગુણદાસ સ્વામીના પત્રોથી તેમની જ્ઞાનપિપાસાને પોષણ મળતું જ ગયું અને પોતે વચનામૃતનો ઊંડો અભ્યાસ કર્યો. નિર્ગુણદાસ સ્વામીના પ્રસંગથી શાસ્ત્રીજી મહારાજ - યજ્ઞપુરુષદાસજીની વિશેષ ઓળખાણ થઈ અને હૃદયના તમામ સંકલ્પો વિરામ પામી ગયા.

સત્શાસ્ત્રનો ઊંડો અભ્યાસ અને શાસ્ત્રીજી મહારાજ જેવા સત્પુરુષના પ્રસંગથી અક્ષરપુરુષોત્તમ, આત્મા-પરમાત્મા, બ્રહ્મ-પરબ્રહ્મના શુદ્ધ સનાતન જ્ઞાનમાં તેમની દૃષ્ટિ પડી ગઈ. તેમના જીવનમાં એવો ચમત્કારિક પલટો આવ્યો કે શાસ્ત્રીજી મહારાજની કૃપાના બળે અનેકને દુર્વ્યસનમાંથી તેમણે મુક્ત કર્યા અને તેમને ભગવાનને માર્ગે વાળી એ દિવ્યસુખ લેતા કરી દીધા. મગનભાઈએ પોતાનું સમગ્ર જીવન શ્રીજીમહારાજ તથા શાસ્ત્રીજી મહારાજની સેવામાં સમર્પણ કરી દીધું. એમનું જ રટણ, મનન, ધ્યાન તથા એમનાં જ ગુણગાન ગાતાં પોતે નિરંતર સુખ અનુભવતા અને એ સુખનો અનુભવ તેમના પ્રસંગમાં આવનારને કરાવતા.

તેમનો શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેનો પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. તેનો અનુભવ સત્સંગમાં સૌ કોઈને થયો હતો. ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજને કે સહજાનંદ સ્વામીને યાદ કરતાં તેઓ ઘણી વાર હૈયાફાટ રુદન કરતા, નિશ્ચેષ્ટ બની નીચે પડી જતા, નેત્રમાંથી અસ્ખલિત અશ્રુ-પ્રવાહ વહેતો. તેમની બળભરી વાતો કરવાની છટાથી, વચનામૃતમાંથી શ્રીજી-સ્વામી અને સંત-હરિભક્તોનાં આખ્યાનોનું નિરૂપણ આખી રાત કરવાની ધગશથી, આરતી પ્રસંગે મહારાજની મૂર્તિમાં મગ્ન થઈ જવાના ભક્તિભાવથી, સ્વામીશ્રીની ચરણરજ કે પ્રસાદીજળમાં આળોટી માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિના ભાવથી, તેમના સંપર્કમાં જે જે આવ્યા છે તે સૌ તેમની આવી અલૌકિક સ્થિતિથી પ્રભાવિત થયા છે.

સતત વીસ વર્ષ સુધી આફ્રિકામાં તેમણે અનેક સમૈયાઓમાં અસંખ્ય હરિભક્તોને વાતો કરી. શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપની ઓળખાણ કરાવી. સત્સંગના નિયમ પ્રમાણે તેમનું અણિશુદ્ધ વર્તન તથા બળભરી વાતોથી અનેક મુમુક્ષુઓ સત્સંગી થયા. કેટલાય લોકોને દારૂ, માંસ ખાતા બંધ કરી, ભગવાનને માર્ગે ચડાવી, માળા ફેરવતા કરી, અધર્મ અને વિનાશને માર્ગે જતાં તેમણે

અટકાવ્યા છે ને સત્સંગી કર્યા છે.

કેન્યામાં કીબ્વેઝી ગામે હરમાનભાઈનો પ્રથમ સમાગમ થયા પછી મકીન્ડુ, ગીલગીલ, કીસુમુ, ટરોરો, જીન્જા, નમાસાગલી વગેરે જે જે સ્થળે તેમની બદલી થઈ ત્યાં ત્યાં તેમણે સત્સંગ-સંમેલનો ભર્યાં અને તેમાંથી ગમે તે પ્રકારે સ્વામિનારાયણના સત્સંગીઓને શોધી કાઢી, તેમનો સંપર્ક સાધી, તેઓના સત્સંગના સંસ્કાર ફરી જાગ્રત કરી, આ પ્રવૃત્તિમાં રસ લેતા કર્યા.

સને ૧૯૩૪માં પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળની સ્થાપના મગનભાઇના શુભ હસ્તે સર્વ હરિભક્તોના સહકારથી કીજાબેમાં થઇ. અહીં તેમણે જુદી જુદી કોમોને સત્સંગમાં રસ લેતી કરી. અપલેન્ડ્ઝ, ગીલગીલ જ્યાં જ્યાં મગનભાઈ ત્યાં નવા નવા મુમુક્ષુઓની સંખ્યા વધતી જ ગઈ.

છેલ્લે જ્યાં સત્સંગનો લેશમાત્ર યોગ નહિ ને જ્યાં દારૂનો પાણીની જેમ ઉપયોગ થતો તેવા ટરોરો ગામમાં તેમની બદલી થઇ. સત્સંગનો રંગ ન જોતાં તેઓ મૂંઝાયા, કારણ કે અગાઉ હરમાનભાઈ પણ અહીં આવી ગયેલા પણ ત્યાં સત્સંગ કરાવવાના તેમના પ્રયાસો નિષ્ફળ ગયા હતા. શાસ્ત્રીજી મહારાજે ફરી આશીર્વાદ આપ્યા, "પ્રયત્ન કરો સત્સંગ થશે."

અને ખરેખર! ક્યાંય ન થાય તેવો સત્સંગ યુગાન્ડાના પ્રવેશદ્વાર ટરોરોમાં થયો. કાળમીંઢ જેવા અસંખ્ય જીવોનું પરિવર્તન જે અશક્ય હતું, તે જીવોને સત્સંગમાં રસ લેતા તેમણે કર્યા. ટરોરોમાંથી આખા યુગાન્ડામાં સત્સંગ ફેલાયો. તેઓ પોતાના અદ્‌ભુત આત્મબળને પ્રતાપે તથા ગુરુહરિના કૃપાબળે દરેકમાં ધાર્યું પરિવર્તન લાવી શકતા. આત્મવત્ સર્વભૂતેષુ એવી ભાવના સર્વ હરિભક્તો પ્રત્યે તેમને હતી. અતિશય પ્રેમના પ્રવાહમાં હરિભક્તોથી છૂટા પડતાં ચોધાર આંસુએ રડતાં તેઓને ઘણાએ નિહાળ્યા છે.

તેઓ ગૃહસ્થ હોવા છતાં એક સંત જેવું જીવન જીવી ગયા. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ કહેતા, "હું મગનભાઈ દ્વારા આફ્રિકામાં કાર્ય કરી રહ્યો છું. માટે તેમનો સમાગમ કરવો."

આ શબ્દોની પ્રતીતિ તો તેમણે હરિભક્તોને આપેલ કથાવાર્તાના સુખથી તથા અગણિત પરચાઓથી કરાવેલી. ધર્મ, નિયમ, નિશ્ચય, પક્ષ, પતિવ્રતાપણું, શૂરવીરપણું આદિ અનેક ગુણોએ શોભતા એવા મગનભાઈ શાસ્ત્રીજી મહારાજના કાર્યનો અદ્‌ભુત વિસ્તાર, તેમની કૃપાના બળે કરી શક્યા. આટલી કાર્યશક્તિ તથા હરિભક્તોનો તેમના પ્રત્યે આદરભાવ અને પ્રેમ હોવા છતાં તેઓએ કદાપિ મોટા થવાની, મનાવાની વાત કોઇને, ક્યારેય, એકાંતમાં પણ કરી નથી. તેઓએ સદૈવ નિર્માનીપણે જ સત્સંગમાં રહી સૌને વિષે એવો દાસભાવ જ પ્રગટ કર્યો છે. આ તેમનો મોટો ગુણ હતો.

સંવત ૨૦૦૮ના ભાદરવા વદિ પને સોમવાર, તા. ૮-૯-૧૯૫૨ના સવારના ૩-૦૦ વાગે બ્રાહ્મમુહૂર્તે ટરોરોમાં અચાનક હૃદય બંધ પડવાથી તેઓ અક્ષરનિવાસી થયા. તેમની વિદાય વસમી હતી. સૌને જબરો આઘાત લાગ્યો. તેમણે રોપેલાં બીજને પ્રતાપે આફ્રિકાનો સત્સંગ તો વધતો જ ગયો. યોગીજી મહારાજે ત્રણ વાર આ ભૂમિને પોતાના પાદસ્પર્શથી પાવન કરીને આ સત્સંગનો રંગ ઠેઠ લંડન, અમેરિકા સુધી પહોંચાડી દીધો.

ધન્ય છે ભક્તરાજ મગનભાઈને!

પાદટીપો

[←1]
ઉમરાળી ગામના રાજાભાઈનું આખ્યાન પણ સંપ્રદાયમાં આ પ્રમાણે મળે છે. બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો, પાન ૩૫૧.

[←2]
વચનામૃત ગઢડા પ્રથમ ૫૬.

[←3]
સારંગપુરમાં મહારાજે ફૂલદોલનો ઉત્સવ કર્યો ત્યારે હરિભક્તોએ ઉપર પ્રમાણે પ્રાર્થના-માગણી મહારાજ પાસે કરી. અને મહારાજે રાજી થઈને સૌને ઉત્તમ આશીર્વાદ આપ્યા. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિમાં તે પ્રકરણ મૂક્યું છે, જે 'ફગવા'ના નામે પ્રસિદ્ધ છે.

[←4]
વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી પરમ એકાંતિક ગુણાતીત સત્પુરુષ છે.